CJPએ પોતાની ફરિયાદમાં એમ પણ ઉમેર્યું હતું કે, આ પહેલીવાર નથી જ્યારે સ્વામી સચ્ચિદાનંદે આવું સાંપ્રદાયિક અને ભડકાઉ ભાષણ આપ્યું હોય. CJPએ ૨૦૨૩-૨૪ દરમિયાન તેમના દ્વારા આપવામાં આવેલા ભાષણોને ટ્રેક કર્યા છે. ૨૦૧૯ના ડિસેમ્બર મહિનામાં સોશિયલ મીડિયા પરના એક વીડિયોમાં સ્વામી સચ્ચિદાનંદે ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મને હિંદુ ધર્મના દુશ્મન ગણાવ્યા હતા અને મુસ્લિમોનો સામાજિક અને આર્થિક બહિષ્કાર કરવા વિનંતી કરી હતી. સ્વામીએ તેમના ભાષણમાં નાગરિકો વચ્ચે નફરત અને દુશ્મનાવટ પેદા કરવાનો પ્રયાસ કર્યો અને લોકોને મુસ્લિમ દુકાનદારો અને મુસ્લિમ ભાડૂતોનો બહિષ્કાર કરવા વિનંતી કરી. વધુમાં ૧૧ મે, ૨૦૨૪ના રોજ સ્વામી સચ્ચિદાનંદે લવ જેહાદ અને લેન્ડ જેહાદની નકલી પ્રચારિત થિયરીના આધારે મુસ્લિમો વિરુદ્ધ નફરતનું ભાષણ આપ્યું હતું. પોતાના ભાષણમાં તેમણે મુસ્લિમ મહિલાઓ પર પણ આરોપ લગાવ્યા હતા.


**૨૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ AHP અને રાષ્ટ્રીય બજરંગ દળ વિરુદ્ધ CJPની ફરિયાદ :**

બીજી ફરિયાદ શામલીના કૈરાનામાં એક પ્રસંગમાં અમાનવીય અને ઈસ્લામોફોબિક ભાષણ આપવા બદલ ૨૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ અંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ સાથે સંકળાયેલા વક્તા વિરુદ્ધ CJP દ્વારા શામલીના પોલીસ અધિક્ષક અને જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ દાખલ કરવામાં આવી છે. વક્તા તેમના ભાષણ દ્વારા બહિષ્કૃત વિચારધારાને સમર્થન આપી રહ્યા છે અને તેમને ઉશ્કેરણીજનક અને ભાષણો આપતા સાંભળી શકાય છે, જેના દ્વારા તેમણે આપણા દેશની ધાર્મિક લઘુમતીઓને નિશાન બનાવ્યું છે, ખાસ કરીને મુસ્લિમ સમુદાય વિરુદ્ધ ભડકાઉ શબ્દોનો ઉપયોગ કરીને આ દેશના નાગરિકો વચ્ચે ધાર્મિક દુશ્મનાવટને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કરે છે. CJPએ તેની ફરિયાદમાં વિનંતી કરે છે કે, AHP ભારતમાં નફરતી ભાષણની ઘટનાઓનું બીજું સૌથી વધુ આયોજક છે, તેણે ઘણી વખત નફરત ફેલાવનારાઓને દેશભરમાં સાંપ્રદાયિક નફરતના ભાષણો આપવા અને આ દેશની સાંપ્રદાયિક સંવાદિતાને નષ્ટ કરવા માટે પ્લેટફોર્મ પૂરૂં પાડ્યું છે.

# CUET UG પરિણામ : DU, JNU આગામી પ્રવેશ તબક્કો ત્રણ દિવસમાં શરૂ થશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા CUET UG 2024ના પરિણામોની જાહેરાત સાથે દિલ્હી યુનિવર્સિટી (DU) અને જવાહરલાલ નહેરૂ આગામી ત્રણ દિવસમાં તેની વિલંબિત અંડરગ્રેજ્યુએટ પ્રવેશ પ્રક્રિયાના બીજા તબક્કાની શરૂઆત કરશે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા પરિણામ જાહેર કરવામાં વિલંબને કારણે બે કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં પ્રવેશ મોકૂફ રાખવામાં આવ્યો છે. બે યુનિવર્સિટીના અધિકારીઓએ કહ્યું કે, તેઓને હજુ સુધી NTA તરફથી પરિણામનો ડેટા મળ્યો નથી. અધિકારીઓના જણાવ્યા મુજબ શૈક્ષણિક સત્ર જે ઓગસ્ટમાં શરૂ થવાનું હતું, તે બંને યુનિવર્સિટીઓમાં UG અભ્યાસક્રમો માટે સપ્ટેમ્બરની શરૂઆતમાં શરૂ થશે. દિલ્હી યુનિવર્સિટી (DU) CUET UG દ્વારા તેની ૬૫થી વધુ કોલેજોમાં ૭૧,૦૦૦થી વધુ બેઠકો માટે પ્રવેશ ધરાવે છે. દરમિયાન JNU વિદ્યાર્થીઓને CUET માર્ક્સ પર આધારિત વિવિધ અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સમાં પ્રવેશ જેમ કે B.A. (ઓનર્સ) વિદેશી ભાષાઓમાં અને B.Sc.-M.Sc. સંકલિત કાર્યક્રમો આપી રહી છે. અત્યાર સુધીમાં લગભગ ૨,૬૪,૦૦૦ વિદ્યાર્થીઓએ કોમન સીટ એલોકેશન સિસ્ટમ (CSAS) પોર્ટલ પર પ્રવેશના પ્રથમ તબક્કા માટે નોંધણી કરાવી છે. દિલ્હી યુનિવર્સિટીમાં પ્રવેશનો પ્રથમ તબક્કો ૨૮ મેના રોજ શરૂ થયો હતો. CUET UGના પરિણામ જાહેર કરવામાં વિલંબને કારણે યુનિવર્સિટીમાં પ્રવેશના



બીજા તબક્કાના પ્રારંભમાં વિલંબ થયો હતો. પ્રવેશનો બીજો તબક્કો CUET-UG પરિણામો પર આધારિત હતો. ANI સાથે વાત કરતા DU પ્રવેશના ડીન હનીત ગાંધીએ જણાવ્યું હતું કે, અમે DU મેળવતાની સાથે જ NTA તરફથી પરિણામ મેળવીશું. અમે CSASનો બીજો તબક્કો શરૂ કરીશું. જે વિદ્યાર્થીઓ તેઓ ક્યા કોર્સ માટે છે તે જોઈ શકશે. લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને તેમની પસંદગીઓ અને કોલેજો ભરવા માટે ૧૦ દિવસ આપવામાં આવશે. પ્રવેશનો પ્રથમ રાઉન્ડ ઓગસ્ટના ત્રીજા સપ્તાહ સુધીમાં પૂરો થઈ જશે અને સપ્ટેમ્બરમાં વર્ગો શરૂ થવાની ધારણા છે. JNUના એક અધિકારીએ એમ પણ કહ્યું કે, યુનિવર્સિટીને NTA તરફથી પરિણામ મળવાનું બાકી છે. અધિકારીએ જણાવ્યું હતું, અમે આશા રાખીએ છીએ કે બેથી ત્રણ દિવસમાં પ્રક્રિયા શરૂ કરી દઈશું. રસ ધરાવતા ઉમેદવારોએ ફરીથી ફોર્મ ભરવાનું રહેશે અને પછી મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે. અમે અત્યારે કોઈ જાહેરાત કરી શકતા નથી. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ રવિવારે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ અંડરગ્રેજ્યુએટ (CUET UG) ૨૦૨૪ના પરિણામોની જાહેરાત કરી. મે ૧૫થી ૨૯ અને જુલાઈ ૧૯ની વચ્ચે CUET UG પરીક્ષા માટે હાજર થયેલા ઉમેદવારો જ્યારે nta.ac.in અને exams.nta.ac.in/CUET-UG પર જાહેરાત કરવામાં આવશે ત્યારે CUET UG પરિણામ તપાસી અને ડાઉનલોડ કરી શકશે. આ વર્ષે કુલ ૧૩,૪૭,૬૧૮ વિદ્યાર્થીઓએ CUET UG 2024 માટે નોંધણી કરાવી હતી, જેમાંથી ૭.૧૭ લાખ પુરૂષ ઉમેદવારો, ૬.૩૦ લાખ મહિલા ઉમેદવારો અને ૭ ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે નોંધણી કરાવી હતી.

# લંડનથી પરત ફરેલી મહિલાએ UPSCની ત્રણ વખત પરીક્ષા પાસ કરી, IES, IRS, IAS અધિકારી બની, હવે તે કલેક્ટર છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

મધ્યપ્રદેશ સરકારે તાજેતરમાં મોટી સંખ્યામાં અધિકારીઓની બદલી કરી છે. ત્યારપછી એક IAS અધિકારીનું નામ ચર્ચામાં આવ્યું છે. અદિતિ ગર્ગ IAS અધિકારી છે. જેમને મંદસૌરના કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ અગાઉ મુખ્યમંત્રી કાર્યાલયમાં નાયબ સચિવના હોદ્દા પર હતા. તેઓ મંદસૌરના પશુપતિનાથ મંદિરમાં ગઈ હતી અને કલેક્ટર તરીકે કાર્યભાર સંભાળતા પહેલાં ત્યાં પ્રાર્થના કરી હતી. તેણે ભગવાન પશુપતિનાથ મહાદેવને વિસ્તારની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. ૨૦૧૫ બેચની IAS



અધિકારી અદિતિ ગર્ગ કટની જિલ્લાના ધારવાડા ગામની છે. તેના પિતા, ઓપી ગર્ગ, મધ્યપ્રદેશના પોલીસ મહાનિર્દેશક તરીકે પણ સેવા આપી હતી.

અદિતિ ગર્ગે યુકેથી ભારત પાછા ફરતા પહેલા IRS અને IES અધિકારી તરીકે કામ કર્યું હતું. ત્યારબાદ તેણે IAS બનવા માટે UPSCમાં અખિલ ભારતીય ક્રમાંક ૫૪ હાંસલ કર્યો. તેણે ૨૦૨૦માં સોશિયલ મીડિયા સાઈટ ટ્વિટર પર નીચેની પોસ્ટ કરી: પાંચ વર્ષ પહેલાં UPSC પરિણામે મારૂં જીવન બદલી નાખ્યું. અગાઉ મેં લંડનમાં મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે કામ કર્યું હતું. ભારત પરત આવ્યા પછી હું પહેલા IESમાં જોડાઈ પછી IRS અને પછી IAS અધિકારી બની. ખૂબ જ શીખવા મળ્યું.

# સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલની ખરીદીમાં ૧૦ કરોડના ભ્રષ્ટાચારની તપાસ કેમ થતી નથી ? : કોંગ્રેસ

## સરકાર કોને બચાવી રહી છે ?

અમદાવાદ, તા.૩૦

વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે રાજ્યમાં ચારે તરફ ભ્રષ્ટાચાર આજે શિષ્ટાચાર બની ગયો છે એવી સ્થિતિનું નિર્માણ થયું છે. ભ્રષ્ટાચાર કરવામાં કોઈને શરમ નથી રહી, કોઈને સરકારનો ડર પણ નથી રહ્યો, તમામ નીતિ નિયમો નેવે મૂકી ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર ગુજરાતમાં ચાલી રહ્યો છે. એનું કારણ છે કે તમામ ભ્રષ્ટાચારોમાં રાજ્ય સરકારમાં બેઠેલા મોટા નેતાઓની સામેલગીરી છે. એમના ઈશારે, એમના આશીર્વાદથી ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે.રૂ ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારમાં દીકરીઓ દુર-દુરથી અભ્યાસ કરવા માટે સ્કૂલે જાય છે એમાં ધોરણ ૯ની દીકરીઓને સાયકલ આપવાની સરસ્વતી સાધના યોજના છે. આ યોજના અંગે થોડા દિવસ પહેલા પ્રેસ કોન્ફરન્સમાં આખું કૌભાંડ બહાર લાવવામાં આવ્યું હતું અને ૧૦ કરોડ કરતા વધારે રકમનો ભ્રષ્ટાચાર થયો એની વિગતવાર વિગતો આપવામાં આવી હતી. ૧ લાખ ૭૦ હજાર સાયકલો ખરીદવા માટે સરકાર ટેન્ડર બહાર પાડે છે, એ ટેન્ડરમાં માનીતી કંપનીઓને ઓર્ડર આપવા માટે કંપનીઓને ફાયદો કરાવવા માટે સાયકલના સ્પેસીફીકેશન અને ટેન્ડરની શરતો બદલવામાં આવે છે, ચોક્કસ કંપનીને ઓર્ડર મળે એવી રીતે આખું નેટવર્ક ગોઠવવામાં આવે છે. કોઈપણ રીતે સાયકલ ટેન્ડરની શરતો મુજબ સ્વીકારી શકાતી નથી એવો લેબનો રિપોર્ટ આવ્યો. લેબના એ રિપોર્ટને આધારે એ સાયકલો આજે પણ અલગ-અલગ જિલ્લાઓમાં ખુલેઆમ વરસાદમાં પલળી રહી છે, કાટ ખાઈ રહીં છે પણ દીકરીઓ સુધી પહોંચી નથી.

જો કે, આ ભ્રષ્ટાચારની તપાસ માટે ૧૪ દિવસ પૂર્વે મુખ્યમંત્રીને વિનંતી કરવામાં આવી હતી છતાં કે આજ દિન સુધી તપાસ નથી થઈ ? તેવો સવાલ પણ કોંગ્રેસ દ્વારા ઉઠાવવામાં આવ્યો છે.

# અમદાવાદ અને ગાંધીનગરમાં સીઆઈડી ક્રાઈમના ૩૦થી વધુ સ્થળોએ દરોડા

## હોટલ અને સ્પાની આડમાં દેહ વેપારમાં વિદેશી લોકો હોવાની શક્યતા

અમદાવાદ,તા.૩૦

રાજ્યમાં ગુનાખોરીનો ગ્રાફ વધ્યો છે તો બીજી તરફ ગેરકાયદેસર ધંધાઓ સામે ગૃહમંત્રીએ કડક કાર્યવાહી કરવાનો આદેશ પણ આપ્યો છે ત્યારે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમની ટીમ દ્વારા વિવિધ સ્થળોએ દરોડા પાડીને ગેરકાયદેસર ચાલતી પ્રવૃતિનો પર્દાફાશ કરવામાં આવી રહ્યો છે. જેને લઈ સીઆઈડી ક્રાઈમની ટીમ દ્વારા અમદાવાદ અને ગાંધીનગરમાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં કુલ ૩૦થી વધુ સ્થળો પર સીઆઈડી ક્રાઈમની ટીમે દરોડા પાડયા છે. આ હોટેલ અને સ્પામાં વિદેશી લોકો દેહ વેપારમાં હોવાની શકયતા વ્યકત કરવામાં આવી છે. ત્યારે સીઆઈડી દ્વારા હોટેલ અને સ્પાની આડમાં ચાલતા દેહ વેપાર અને અન્ય અસામાજિત પ્રવૃતિઓને અટકાવવા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં સીઆઈડી ક્રાઈમની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવતા દેહ વેપાર સાથે સંકળાયેલા લોકોમાં ખળભળાટ મચી ગયો છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં અવારનવાર હોટેલ અને સ્પાની આડમાં ગેરકાયદેસર પ્રવૃતિઓના કિસ્સાઓ સામે આવતા રહે છે. તેમજ વિદેશી નાગરિકોને ટુરિસ્ટ વિઝાના નામે ગોરખ ધંધાઓ કરતા હોય છે. હોટેલ અને સ્પાના માલિકો વિદેશી છોકરીઓ બોલાવી ગેરકાયદેસર પ્રવૃતિ કરવામાં આવતી હોય છે. ત્યારે સીઆઈડી ક્રાઈમની ટીમે અમદાવાદ અને ગાંધીનગરમાં ચાલી ગેરકાયદેસર પ્રવૃતિઓને અટકાવવા કાર્યવાહી હાથ ધરી છે.

# રાજ્યના ૩ DEO બઢતીનો અસ્વીકાર કરી ફરી સ્કૂલમાં આચાર્ય બન્યા !

## રાજકોટ, જામનગર અને બોટાદના DEOએ પુનઃ મૂળ સંવર્ગમાં જવા દરખાસ્ત કરી હતી

## વર્ગ-૨ના અધિકારીઓને ડિસેમ્બર-૨૦૨૩માં બઢતી આપી DEO બનાવાયા હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

શિક્ષણ વિભાગના વર્ગ-૨ના ત્રણ અધિકારીઓને સાત માસ પહેલા પ્રમોશન આપી વર્ગ-૧માં DEO બનાવવામાં આવ્યા હતા. પરંતુ આ ત્રણેય અધિકારીઓ બઢતીનો અસ્વિકાર કરી પુનઃ મુળ સંવર્ગમાં જવા માટે શિક્ષણ વિભાગ સમક્ષ દરખાસ્ત કરી હતી. જેથી શિક્ષણ વિભાગે ત્રણેય અધિકારીઓની દરખાસ્ત મંજુર કરી તેમને વર્ગ-૧માંથી વર્ગ-૨માં મૂકવામાં આવ્યા છે. આમ, રાજકોટ, જામનગર અને બોટાદના DEO તરીકે ફરજ બજાવતા અધિકારીઓ હવે મોડલ સ્કૂલમાં વર્ગ-૨ના અધિકારીઓ તરીકે કામગીરી કરશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ૨૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ શિક્ષણ વિભાગમાં વર્ગ-૨માં ફરજ બજાવતા ૫૭ જેટલા અધિકારીઓને વર્ગ-૧ના પ્રમોશન આપી વિવિધ જિલ્લામાં DEO-DPEO તરીકે મુકવામાં આવ્યા હતા. આ ચાર્જ લેવામાં આવ્યા બાદ રાજ્યના ૩ અધિકારીઓએ સાત માસમાં જ બઢતીનો અસ્વિકાર કર્યો હોવાનું અને પુનઃ મુળ સંવર્ગમાં જવા માટે શિક્ષણ વિભાગ સમક્ષ દરખાસ્ત કરી હતી. જેથી આ અધિકારીઓની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રતિપાલસિંહ ગોહીલને પ્રમોશન આપી બોટાદના જિલ્લા શિક્ષણાધિકારી બનાવવામાં આવ્યા હતા. જ્યારે નિલેશ રાણીપાને પ્રમોશન આપી રાજકોટના જિલ્લા શિક્ષણાધિકારી અને ભરતકુમાર વિડજાને જામનગરના જિલ્લા શિક્ષણાધિકારી તરીકે પ્રમોશન આપવામાં આવ્યું હતું. જોકે, સાત માસમાં જ આ અધિકારીઓએ બઢતીનો અસ્વિકાર કરી મુળ સંવર્ગમાં જવા માટે શિક્ષણ વિભાગ સમક્ષ દરખાસ્ત કરી હતી. દરખાસ્તના પગલે શિક્ષણ વિભાગ દ્વારા ત્રણેય DEOની બઢતીનો અસ્વિકાર મંજૂર કરીને તેમને પુનઃ વર્ગ-૨ની જગ્યા પર મુકવાનો નિર્ણય કર્યો છે. જે મુજબ બોટાદના DEO પ્રતિપાલસિંહ ગોહીલને પાલીતાણાના માનવડની મોડલ સ્કૂલમાં, રાજકોટના DEO નિલેશ રાણીપાને વાંકાનેરની મોડલ સ્કૂલમાં અને જામનગરના DEO ભરતકુમાર વિડજાને મોટીબરારની મોડલ સ્કૂલમાં વર્ગ-૨ના અધિકારી તરીકે મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ત્રણેય DEOને વર્ગ-૨માં મૂકવામાં આવતા ખાલી પડેલી જગ્યા પર તે જ જિલ્લાના DPEOને ચાર્જ સોંપવામાં આવ્યો છે.

### ૧૯૦ પાણીના સેમ્પલ અનફીટ આવ્યા

# શહેરમાં પ્રદૂષિત અને અશુદ્ધ પાણીના કારણે રોગચાળો વધ્યો

## ઝાડા-ઉલ્ટી, કોલેરા અને ડેન્ગ્યુના કેસમાં વધારો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ શહેરમાં ઝાડા-ઉલ્ટી, કોલેરા અને ડેન્ગ્યુ થવાના કેસોમાં વધારો થયો છે. અશુદ્ધ અને પ્રદૂષિત પાણીના કારણે લોકો બીમાર પડી રહ્યા છે. કેટલાક દિવસોમાં શહેરમાં ભયંકર બફારો થયો હતો. વરસાદ વરસતા શહેરના રોડ રસ્તાઓ પર અને આસપાસ ખાડા ખાબોચિયા ભરાઈ જતા મચ્છરો અને રોગ ફેલાવતી માખીઓની ઉત્પત્તિમાં વધારો થવાથી અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ગત સપ્તાહ દરમિયાન મચ્છરજન્ય રોગનો રાફડો ફાટ્યો હોય તેવી સ્થિતિ સર્જાઇ હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વડા ડૉ. ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, ચાલુ જુલાઈ મહિનામાં ૨૭ દિવસમાં ડેન્ગ્યુના ૧૨૧, ઝાડા- ઉલટીના ૧૨૬૪, કમળાના ૩૦૮, ટાઈફોઈડના ૫૬૫ અને કોલેરાના ૪૪ કેસ નોંધાયા છે. સાદા મેલેરિયાના ૨૭, ચિકનગુનિયાના ૬ કેસ નોંધાયા છે. ૫૮૨૨ પાણીના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને તે પૈકી ૧૯૦ પાણીના સેમ્પલ અનફીટ આવ્યા છે. શહેરમાં ચાલુ વર્ષે કોલેરાના કેસ વધ્યા છે. જેમાં ખાસ કરીને પૂર્વ વિસ્તારમાં અમરાઈવાડી, બહેરામપુરા, દાણીલીમડા, ગોમતીપુર, વટવા, લાંભા, રામોલ, મણિનગર, ખોખરા, ભાઈપુરા સહિતના વિસ્તારો અને પશ્ચિમ વિસ્તારમાં ગોતા, ચાંદલોડિયા, જોધપુર અને નવાવાડજમાં કોલેરાના કેસો જોવા મળ્યા છે. શહેરમાં એક તરફ મચ્છરજન્ય રોગો શરૂ થયા છે, પરંતુ શહેરમાં હજી પણ પીવાનું અશુદ્ધ પાણી મળતું હોવાના કારણે ઝાડા ઊલટી, કમળા, કોલેરા અને ટાઈફોઈડના કેસો વધ્યા છે. પ્રદૂષિત પાણી આવતું હોય ત્યાં એન્જિનિયરિંગ વિભાગને જાણ કરીને લાઈનો બદલવા માટે સૂચના આપવામાં આવી છે.

### આમ આદમી પાર્ટીને ખતમ કરવાના ઉદ્દેશ સહિતના આક્ષેપો

# અરવિંદ કેજરીવાલને ષડયંત્ર રચીને ખોટા કેસમાં જેલમાં ધકેલી દેવાયા છે

## કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, ધારાસભ્ય ચૈતર વસાવા સહિતના કોંગ્રેસ-આપના કાર્યકરોની પદયાત્રા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૩૦

છેલ્લા ઘણા સમયથી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ લિકર પોલિસી ભ્રષ્ટાચાર કેસ મુદ્દે જેલની હવા ખાઈ રહ્યા છે. જેને લઈને આજે અમદાવાદ શહેરના નવરંગપુરા વિસ્તારમાં આવેલા આમ આદમી પાર્ટીના પ્રદેશ કાર્યાલયથી ઈન્કમટેક્સ ચાર રસ્તા ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી તેમને જેલ મુક્તિ માટે પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, આપ ધારાસભ્ય ચૈતર વસાવા, હેમંત ખવા, ઉમેશ મકવાણા, સુધીર વાઘાણી સહિતના મોટી સંખ્યામાં કોંગ્રેસ અને આપના કાર્યકર્તાઓ જોડાયા હતા.

પદયાત્રાને લઈને આપ પ્રદેશ પ્રમુખ ઈશુદાન જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીને તોડી નાખવાના ઉદ્દેશથી ષડયંત્ર રચીને ખોટા કેસોમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ, પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા, પૂર્વ સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનને જેલમાં ધકેલી દીધા છે. જેલમાં અરવિંદ કેજરીવાલનું વજન દિવસને દિવસે ઘટી રહ્યું છે. અને દિવસેને દિવસે તેમની તબિયત વધુને વધુ ખરાબ થઈ રહી છે. જેલમાં ભાજપના અત્યાચારના કારણે અરવિંદ કેજરીવાલની તબિયત ખરાબ થઈ રહી છે. ત્યારે તેમની તબિયતમાં સુધારની અને તેમની જલ્દી જેલમુક્તી થાય તેવી પ્રાર્થના સાથે અમદાવાદ ખાતે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીના નેતૃત્વમાં પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ કાર્યાલય ખાતેથી પદયાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. પ્રદેશ કાર્યાલયથી નીકળીને આ પદયાત્રા ઈન્કમટેક્સ સર્કલ ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાએ પહોંચી હતી અને આમ આદમી પાર્ટીના તમામ નેતાઓ તથા કાર્યકર્તાઓએ મહાત્મા ગાંધીજીને ફુલહાર અર્પણ કર્યા હતા અને અરવિંદ કેજરીવાલની તબિયત માટે અને જેલ મુક્તિ માટે પ્રાર્થના કરી હતી.

# શહેરની ચાર સ્કૂલોના વિદ્યાર્થીઓએ વેકેશનમાં વજન ઘટાડ્યું

## ● વિદ્યાર્થીઓના વજન વધતા સ્કૂલ દ્વારા વજન ઘટાડવા સ્પર્ધા રખાઈ ● ૧૫૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, ૨૦૦ ગ્રામથી લઈ ૮.૨૫ કિ.ગ્રા. વજન ઘટાડ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩૦

ઉદગમ ગ્રૂપની ચાર સ્કૂલોમાં અભ્યાસ કરતા દોઢ હજાર વિદ્યાર્થીઓ વજન ઘટાડવા માટેની સ્પર્ધામાં ભાગ લઈ ૨૦૦ ગ્રામથી લઈને ૮.૨૫ કિ.ગ્રા. સુધી વજન ઘટાડ્યું હોવાનું સામે આવ્યું છે. કોવિડ પછી વિદ્યાર્થીઓના વજનમાં નોંધપાત્ર વધારો જોવા મળતા સ્કૂલ દ્વારા બિગેસ્ટ લુઝર વિલ વિન કોન્ટેસ્ટ નામની સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં ઉનાળા વેકેશનના ૪૫ દિવસ દરમિયાન વિદ્યાર્થીઓએ વજન ઉતારવા પર ભાર મૂક્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, અભ્યાસ, મનોરંજન, રિક્રિએશન અને સોશિયલાઈઝેશન જેવી બાબતોના લીધે ટેક્નોલોજી પર નિર્ભરતા વધવાના કારણે વિદ્યાર્થીઓમાં શારીરિક પ્રવૃત્તિઓ કરવાનું વલણ ઘટી ગયું છે જેના પગલે તેમનું વજન નોંધપાત્ર વધ્યું છે. ખાસ કરીને અભ્યાસનું ખૂબ જ વધુ ભારણ વેઠતા ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ ફિટનેસ પર ધ્યાન આપી શકતા નથી. જેથી ઉદગમ ગ્રૂપ ઓફ સ્કૂલ્સે વિદ્યાર્થીઓમાં ફિટનેસને પ્રોત્સાહન આપવા પહેલ આદરી હતી. ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રન અને ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન ખાતે ધોરણ-૬થી લઈને ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓ વચ્ચે તાજેતરમાં હાથ ધરાયેલા એક સર્વેમાં કોવિડ પછી વિદ્યાર્થીઓ વધુ વજન ધરાવતા હોવાનું જણાયું હતું. જેથી આના ઉપાય માટે, સ્કૂલે 'બિગેસ્ટ લુઝર વિલ વિન કોન્ટેસ્ટ ૨.૦' નામની સ્પર્ધા શરૂ કરી હતી. આ સ્પર્ધા ઉનાળાના વેકેશનના ૪૫ દિવસ સુધી ચાલી હતી, જેમાં ઉદગમ ગ્રૂપની ચાર સ્કૂલોના ૧,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભાગ લેનારા વિદ્યાર્થીઓ પૈકી લગભગ ૬૦ ટકા વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક કુલ ૧૫૬ કિલો વજન ઘટાડ્યું, હતું. જેમાં વ્યક્તિગત સ્તરે તેમણે ૨૦૦ ગ્રામથી લઈને ૮.૨૫ કિગ્રા વજન ઘટાડ્યું હતું. દરેક સ્કૂલમાંથી ટોચના ત્રણ વિજેતાઓને તેમની સિદ્ધિના પ્રતિક તરીકે સ્માર્ટ વોચીસ ભેટ કરવામાં આવી હતી. ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રનની બપોરની શિફ્ટના ધોરણ ૧૨ના વિદ્યાર્થી હેત ઠક્કરે ૮.૨૫ કિગ્રા વજન ઘટાડીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રન સવારની શિફ્ટની ધોરણ ૧૨ની વિદ્યાર્થીની નવ્યા શર્મા ૫.૭૫ કિગ્રા વજન ઘટાડીને બીજા સ્થાને રહી હતી. ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રન સવારની શિફ્ટના ધોરણ ૧૦ના વિદ્યાર્થી આદિત્ય રંજને ૫.૪૫ કિગ્રા વજન ઘટાડીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

# એટ્રોસિટી એક્ટ હેઠળ નોંધાયેલ ગુનાઓમાં આરોપીઓની ધરપકડ નહીં કરવા મુદ્દે DGPને દલિત આગેવાનોએ રજૂઆત કરી



**રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ (RDAM) અને દલિત સંગઠનો દ્વારા ડીજીપી, ગુજરાતને અર્ણેશકુમાર વિરૂદ્ધ સ્ટેટ ઓફ બિહારના ચુકાદાનું ખોટું અર્થઘટન કરી SC/ST(પ્રિવેંશન ઓફ એટ્રોસિટીઝ) એક્ટ, ૧૯૮૯ હેઠળ નોંધાયેલ ગુનાઓમાં આરોપીઓની ધરપકડ નહીં કરવા મુદ્દે આપ્યું આવેદન**

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ખાતે આવેલા ડીજીપી ભવન ખાતે SC/ST(પ્રિવેંશન ઓફ એટ્રોસિટીઝ) એકટ, ૧૯૮૯માં આગોતરા જામીનની જોગવાઈ ન હોવા છતાં પોલીસ દ્વારા અર્ણેશકુમાર વિરુદ્ધ સ્ટેટ ઓફ બિહારના ચુકાદાનું આરોપીઓને લાભ અપાવવાના ઈરાદે કરાતું ખોટું અર્થઘટન કાયદા વિરૂદ્ધનું છે.

જેનાથી આરોપીઓમાં કાયદાનો ભય નહીં રહે અને ફરિયાદીને વધારે અત્યાચારનો સામનો કરવો પડશે તેવી રજૂઆત રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ અને સાથી સંગઠનોએ DGP વિકાસ સહાયને આવેદનપત્ર આપી કરી હતી.

રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ અને સાથી સંગઠનોએ માધ્યમો સાથે વધું વાતચીત કરતા જણાવ્યું હતું કે જે રીતે બિહારમાં અર્ણેશકુમાર વિરૂદ્ધ ચુકાદાનું ખોટું અર્થઘટન કરી આરોપીઓને લાભ અપાવવાના ઈરાદે કાર્ય કરાયું છે. તે જ રીતે રાજયના અલગ અલગ જિલ્લાઓમાં મોટાભાગના કિસ્સાઓમાં આવા પ્રકારના અત્યાચારો થઈ રહ્યા છે.

SC/ST(પ્રિવેંશન ઓફ એટ્રોસિટીઝ) એકટ, ૧૯૮૯માં આગોતરા જામીનની જોગવાઈ ન હોવા છતાં પોલીસ દ્વારા અર્ણેશકુમાર વિરૂદ્ધ સ્ટેટ ઓફ બિહાર ના ચુકાદાનું આરોપીઓને લાભ અપાવવાના ઈરાદે કરાતું ખોટું અર્થઘટન કાયદા વિરુદ્ધનું છે. જેનાથી આરોપીઓમાં કાયદાનો ભય નહીં રહે અને ફરિયાદીને વધારે અત્યાચારનો સામનો કરવો પડશે એવી દહેશત સાથે આજે ગાંધીનગરમાં વિવિધ સંગઠનના દલિત-આદિવાસીઓ એકઠા થયા હતા અને રાજયના DGPને આવેદન પત્ર પાઠ્યું હતું.

SC/ST (પ્રિવેંશન ઓફ એટ્રોસિટીઝ) એકટ, ૧૯૮૯ એ સ્પેશિયલ કાયદો એટલા માટે છે કેમ કે એમાં પ્રથમ દર્શનીય ગુન્હાઓમાં આગોતરા જામીનની જોગવાઈ નથી અને ધરપકડ ફરજીયાત હોઇ આ કાયદાનો ડર છે આરોપીઓમાં. પરંતુ, પોલીસ સ્ટેશનમાંથી નોટીસ આપીને છુટી જવાની સરળતા થઈ જવાથી દલિતો સાથે અત્યાચારની ઘટનાઓ વધવાની પૂરેપુરી શક્યતાઓ રહેલી છે.

તેઓએ વધુમાં જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટનો અર્ણેશ કુમાર વિરૂદ્ધ સ્ટેટ ઓફ બિહારનો ચુકાદો જેમાં પોલીસ સ્ટેશનમાંથી સી.આર.પી.સી. કલમ-૪૧ (ભા.ના. સુ. સં. કલમ-૩૫) મુજબ નોટીસ આપીને ધરપકડ કર્યા વિના આરોપીને જવા દેવાની વાત કરવામાં આવી છે એમાં આરોપીની ધરપકડ કરવા અને ના કરવા એમ બંને પ્રસંગે લેખિતમાં કારણ આપવાની વાત કરવામાં આવી છે. જે કરતા નથી અને ધરપકડ ના કરવાના કારણોમાં ફક્ત અર્ણેશકુમારના ચુકાદાનો હવાલો આપવામાં આવે છે અને કોઈ અન્ય કારણો આપવામાં આવતા નથી.

SC/ST(પ્રિવેંશન ઓફ એટ્રોસિટીઝ) એકટ, ૧૯૮૯ની કલમ-૨૦ દ્વારા આ કાયદાની જોગવાઈઓ અન્ય તમામ કાયદાની જોગવાઈઓથી ઉપર રહેશે એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને કલમ-૧૮માં આગોતરા જામીન ઉપર પ્રથમ દર્શનીય કેસોમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આમ, અર્ણેશકુમારનો SC/ST(પ્રિવેંશન ઓફ એટ્રોસિટીઝ) એકટ, ૧૯૮૯ હેઠળ નોંધાયેલા ગુન્હાઓમાં ઉપયોગ એ કલમ-૧૮થી વિરુધ્ધની કાર્યવાહી છે જે પોલીસ અધિકારી કરી શકે નહીં. રાજયની મોનીટરીંગ સમિતિની બેઠક જે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં વર્ષમાં ૨ (બે) વખત મળવી એ એટ્રોસિટી એકટ મુજબ ફરજીયાત છે એની બેઠક લગભગ છેલ્લા ત્રણ વર્ષથી મળી જ નથી. કદાચ એ મીટીંગ કરીને મુખ્યમંત્રીએ એટ્રોસીટીઝ એક્ટ હેઠળ નોંધાતા ગુન્હાઓમાં કેવી બૌધ્ધિક બદમાશી કરી રહી છે ઈનો અંદાજો મેળવવાનો પ્રયત્ન કર્યો હોત તો આ પરીસ્થિતિ ના ઉદ્ભવી હોત.

આ મુદ્દે આવેદન બાદ પણ રાજ્ય સરકાર દ્વારા કોઈ જ પગલાં હાથ ધરવામાં નહીં આવે અને આંખ આડા કાન ધરીને મૌન જ રહેવાની હોય તો આગામી દિવસોમાં આ તમામ મુદ્દાઓને લઈને રાજયના દલિત-આદિવાસીઓ આંદોલનના રસ્તે આગળ વધશે. એમ વિવિધ સંગઠનોનો એક સૂર જોવા મળ્યયો હતો.

### મધ્ય ગુજરાત મુસ્લિમ સમાજ સેવા દ્વારા

# મહેમદાવાદ ખાતે મધ્ય ગુજરાતના આઠ જિલ્લાના તેજસ્વી તારલાઓને ઈનામ આપી સન્માનિત કરાયા

નડિયાદ, તા.૩૦

મહેમદાવાદ ખાતે મધ્ય ગુજરાત મુસ્લિમ સમાજ સેવા દ્વારા મધ્ય ગુજરાતના આઠ જિલ્લામાં શ્રેષ્ઠ આવનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનોસાતમોઈનામવિતરણ કાર્યક્રમ સૈયદ કદીર પીરઝાદા સજ્જાદાનશીન એક્કલબારા (મોટામીયાં, માંગરોળ ગાદી)ના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. આઠ જિલ્લા તથા વડોદરા શહેરના તેજસ્વી વિદ્યાર્થીઓ મળી ૮૧ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વાગ પ્રવચન સંસ્થાના પ્રમુખ કરીમભાઈ મલેક એ કર્યું હતું. પ્રમુખ સ્થાનેથી બોલતા કદીર પીરઝાદાએ મધ્ય ગુજરાત મુસ્લિમ સેવા સમાજની પ્રવૃત્તિઓને બિરદાવી હતી તેમજ હુજુર (સ.અ.વ.)સાહેબના ઉદાહરણ સાથે બાળકોને સમજૂતી આપી હતી. ત્યારબાદ કલંકર બાવા દ્વારા દુઆ કરી સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપસ્થિત સ્વામી નારાયણ સેવા દાસજી તથા સ્વામી હ્રષિકેશદાસજી સ્વામિનારાયણ ગુરૂકુળ હરિયાળા દ્વારા મુસ્લિમ વિદ્યાર્થીઓને સારૂં ભણી પોતાનું, પોતાના કુટુંબનું તથા દેશનું નામ રોશન કરવા તથા પોતાના પગ ઉપર ઊભા રહી ડોક્ટર, એન્જિનિયર સાયન્ટિસ્ટ તથા સી.એ.બનવા તનતોડ મહેનત કરવા જણાવ્યું હતું. ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા,



વજીર ખાન પઠાણ, એડવોકેટ ઈકબાલભાઈ શેખ, માજી ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ વગેરે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. અતિથિ વિશેષ તરીકે ચિરાગ શેખ મહામંત્રી જી.પી.સી.સી.વકફ બોર્ડ ગુજરાત રાજ્યના સભ્યો રણજીતસિંહ રાઠોડ મો.તૌફીક વ્હોરા, ઈમરાન વ્હોરા મોટીવેશન સ્પીકર તથા એડવોકેટ શાહનવાઝ ખાન પઠાણ ઉપસ્થિત રહ્યા હતા. એસ.એસ.સી.માં સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર નડિયાદ શહેરની વિદ્યાર્થીની કુ.સલમા મેમણનું વિશેષ સન્માન થયું હતું. આ પ્રસંગે મહેમદાવાદ ન.પા.ના માજી પ્રમુખ શીલાબેન વ્યાસ તથા મધ્ય ગુજરાત મુસ્લિમ સેવા સમાજની યુવાનોની ટીમ, હુમાયુ મલેક, સાજીદ મલેક, સાજીદ વાવ, જુનેદ મલેક, યુસુફભાઈ મલેક જીંજર, ફરીદખાન પઠાણ, વગેરેએ કાર્યક્રમની સફળતામાં યોગદાન આપ્યું હતું. અંતમાં સંસ્થાના કન્વીનર ઈકબાલભાઈ પોચાએ આભારવિધિ કરી હતી.

### જળશક્તિ રાજ્યમંત્રીનો રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીને પ્રત્યુત્તર

# ગુજરાતને વરસાદી પાણીના સંગ્રહ માટે છેલ્લા ૩ વર્ષમાં કેન્દ્ર સરકારે રૂા.૪૩૬૯ કરોડ આપ્યા

અમદાવાદ, તા.૩૦

કેન્દ્ર સરકારે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વરસાદી પાણીના સંગ્રહ માટે જળશક્તિ અભિયાન હેઠળ ગુજરાત રાજ્યને કુલ રૂા.૪૩૬૯ કરોડ આપ્યા છે. અટલ મિશન ફોર રિજુવિનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત ૨.૦) હેઠળ ગુજરાત માટે જળાશયોના નવસર્જન માટે રૂા.૬૫૧ કરોડના ખર્ચે ૧૮૮ પ્રોજેક્ટને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. જ્યારે વોટરશેડ ડેવલપમેન્ટ કમ્પોનેન્ટ ઓફ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ, કેન્દ્રે છેલ્લા ત્રણેક વર્ષ ઉપરાંતના ગાળામાં ગુજરાત માટે કુલ રૂા.૨૧૮ કરોડ આપ્યા છે. જળશક્તિ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી રાજભૂષણ ચૌધરીએ ગત ૨૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીના એક પ્રશ્નના જવાબમાં ગૃહમાં આ માહિતી આપી હતી. જળશક્તિ રાજ્યમંત્રીએ એ પણ ઉલ્લેખ કર્યો હતો કે, જળશક્તિ અભિયાનઃ કેચ ધ રેઈન પ્રોગ્રામ હેઠળ ગુજરાતમાં ૨૮૫૫ જળ સંચય અને વરસાદી પાણીના સંગ્રહના કામો પૂર્ણ થઈ ચૂક્યા છે, તેમજ ૩૩૦૫ પરંપરાગત જળાશયોનું નવસર્જન કરાયું છે તથા ૬,૦૦૯ પુનઃવપરાશ તથા રિચાર્જ માળખાની સ્થાપના કરવા ઉપરાંત વોટરશેડ વિકાસના ૧૫,૮૪૮ કામો પૂર્ણ કરાયા છે.

### સપ્ટેમ્બરમાં શરૂ થનારી પ્રથમ બેચમાં ૬૦ વિદ્યાર્થીઓને અપાશે પ્રવેશ

# દેશની પ્રથમ પ્લાસ્ટિક ક્ષેત્રની યુનિ.ની વાપીમાં શરૂઆત : પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૦

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનના પ્રોજેક્ટમાં સૌથી મોટું રેલવે પ્લેટફોર્મ વાપીમાં તૈયાર થઈ રહ્યું છે. આ પ્લેટફોર્મ નજીક ભારતની પ્રથમ પ્લાસ્ટિક અને તેને સંબંધિત એન્જિનિયરિંગમાં કોર્સ ઓફર કરતી ઈન્ટરનેશનલ યુનિવર્સિટીની શરૂઆત કરવામાં આવી છે. જેમાં પ્રથમ બેચ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ૧૦ વિદ્યાર્થીઓને એડમિશન અપાયા છે. ૧૦૦ કરોડના ખર્ચે ૩૫ એકરમાં બનનારી આ યુનિવર્સિટીની પ્રથમ બેચ સપ્ટેમ્બરથી શરૂ થશે. જેમાં ૬૦ વિદ્યાર્થીને પ્રવેશ અપાશે. અમદાવાદ, સુરત, વાપી, વલસાડ અને મુંબઈના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવશે. વલસાડ જિલ્લાના વાપીમાં પ્લાસ્ટઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટીના આરંભથી પોલિમર એન્જિનિયરિંગ અને સસ્ટેનેબિલિટી એજ્યુકેશનમાં નવા યુગની શરૂઆત થઈ રહી છે. ભારતમાં પ્લાસ્ટિક ઉદ્યોગની આ ઉચ્ચ સંસ્થા પોલિમર એન્જિનિયરિંગ અને સસ્ટેનેબિલિટી પર ધ્યાન કેન્દ્રિત કરતી વિશ્વ-કક્ષાની સંસ્થાના પ્રારંભની ગર્વ સાથે જાહેરાત કરે છે. સંસ્થાના ઉપપ્રમુખે જણાવ્યું હતું કે, આજના વિશ્વમાં પ્લાસ્ટિક વિવિધ ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, રોજબરોજના ઉપયોગથી લઈને નવીનીકરણીય ઉર્જા, ઓટોમોટિવ, એરોસ્પેસ, સંરક્ષણ અને આરોગ્યસંભાળ જેવા જટિલ ઔદ્યોગિક કાર્યક્રમો સુધી પ્લાસ્ટિકની જરૂર પડે છે. ૨૧મી સદીએ પ્લાસ્ટિકના મહત્વ અને ટકાઉ ઉપયોગ અને રિસાયક્લિંગની જરૂરિયાતને માન્યતા આપી છે. ત્યારે આ યુનિ. અત્યાધુનિક શિક્ષણ પ્રદાન કરીને અને પ્લાસ્ટિક ઉદ્યોગમાં નવીનતા અને ટકાઉપણાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપીને આ પરિવર્તનમાં આગેવાની લેવા તૈયાર છે. આ સ્થાન યુનિવર્સિટીને વિવિધ પ્લાસ્ટિક અને પોલિમર પ્રોસેસિંગ એકમોની નિકટમાં છે, જે વિદ્યાર્થીઓના શીખવાના અનુભવોમાં વધારો કરશે. વલસાડ જિલ્લાના વાપીમાં એન્જિનિયરિંગમાં કોર્સ ઓફર કરતી આ યુનિવર્સિટીની શરૂઆત થતા ઉદ્યોગને અને વિદ્યાર્થીઓને ફાયદો થશે. યુનિ.એ તેના કાર્યક્રમોમાં આંતરરાષ્ટ્રીય નિપુણતા લાવવા માટે યુનિવર્સિટી ઓફ મેસેચ્યુસેટ્સ લોવેલ. યુએસએ સાથે ભાગીદારી કરી છે. પ્લાસ્ટિક અને પોલિમર ઉદ્યોગની વધી રહેલી જરૂરિયાતો પૂરી કરવા એશિયામાં તેનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. જે અંતર્ગત યુનિ.એ અગ્રણી ૫૦ જેટલા ઉદ્યોગપતિઓનો સર્વે કર્યો હતો, જેમાં જાણવા મળ્યું કે પ્લાસ્ટિક ઉદ્યોગના કર્મચારીઓ ૧.૫ વર્ષના કામકાજનો અનુભવ ધરાવે છે, પરંતુ ડિગ્રી ધરાવતા નથી. આથી અહીંના ઉદ્યોગોને યોગ્ય પ્રોફેશનલ પૂરા પાડવામાં આ યુનિવર્સિટી મહત્ત્વનો ભાગ ભજવશે. શરૂઆતમાં બીટેક પ્લાસ્ટિક એન્જિનિયરિંગ કોર્સ ચાલશે. યુનિવર્સિટીમાં ૪ વર્ષનો બી.ટેક, ૨ વર્ષનો એમ.ટેક અને ડૉક્ટરેટ પ્રોગ્રામ શીખવવામાં આવશે. આ સાથે જ ટૂંકા ગાળાના મેનેજમેન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામો શીખવશે.

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજભવન ખાતે શપથ લેવડાવ્યા

# રાજ્યના મુખ્ય માહિતી કમિશનર અને ત્રણ કમિશનર્સને શપથ લેવડાવાયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૦

રાજભવનમાં આજે રાજ્યના મુખ્ય માહિતી કમિશનર અને ત્રણ માહિતી કમિશનર્સનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજ્ય માહિતી આયોગના નવનિયુક્ત માહિતી કમિશનર્સને પદ અને નિષ્ઠાના શપથ લેવડાવ્યા હતા.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સૌપ્રથમ મુખ્ય માહિતી કમિશનર ડૉ. સુભાષચંદ્ર આર. સોનીને શપથ લેવડાવ્યા હતા અને તેમને શુભકામનાઓ પાઠવી હતી. તત્પશ્ચાત રાજ્યપાલે માહિતી આયોગના માહિતી કમિશનર પદ માટે સુબ્રહ્મણ્યમ રામચંદ્ર ઐયર, મનોજ વિઠ્ઠલભાઈ પટેલ અને નિખિલ આર. ભટ્ટને શપથ લેવડાવ્યા હતા. ત્રણેય રાજ્ય માહિતી કમિશનરોએ પદ અને નિષ્ઠાના શપથ લીધા હતા. રાજ્યપાલના અગ્ર સચિવ રાજેશ માંજુએ શપથવિધિની કાર્યવાહીનું સંચાલન કર્યું હતું. આ અવસરે ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર, ગુજરાત રાજ્ય માહિતી આયોગના પૂર્વ મુખ્ય માહિતી કમિશનર અમૃતભાઈ પટેલ, પૂર્વ માહિતી કમિશનરો, રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોલાન હાઇટ્સ પર હુમલો અને ઇઝરાયેલે હિઝબુલ્લાહ સામે બદલો લેવાની પ્રતિજ્ઞા લેતા પશ્ચિમ એશિયા યુદ્ધના ઓથાર હેઠળ

## વિશ્વના નેતાઓ દક્ષિણ લેબેનોનમાં તેલ અવીવ અને ઈરાન સમર્થિત મિલિશિયા વચ્ચેના યુદ્ધને રોકવા માટે પ્રયાસ કરી રહ્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

ભારત દ્વારા લેબેનોનની રાજધાની બેરૂત જતી અને આવતી ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. દેશના દક્ષિણમાં સોમવારે ઈઝરાયેલના ડ્રોન હુમલામાં બે લોકો માર્યા ગયા અને ત્રણ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. લેબેનોન વિરુદ્ધ રોકેટ હુમલાનો બદલો લેવા માટે તેલ અવીવની તૈયારી કરી રહ્યું છે.

ઈઝરાયેલે શિયા લેબેનીઝ જૂથ હિઝબુલ્લાહ પર ગોલાન હાઈટ્સમાં મજદલ શમ્સ શહેરમાં ફૂટબોલ મેદાન પર શનિવારના હુમલા માટે જવાબદાર ગણે છે. તેલ અવીવ અને આ સંગઠન વચ્ચે સંપૂર્ણ પાયે યુદ્ધ ફાટી નીકળવાની આશંકા છે. હિઝબુલ્લાહે આ હુમલામાં ભૂમિકા હોવાનો ઈન્કાર કર્યો છે. ભારતે સોમવારે લેબેનોનની મુસાફરી કરતા તેના નાગરિકો માટે મુસાફરી સલાહ પ્રકાશિત કરી, તેમને સાવધાની રાખવા અને બેરૂતમાં તેના દૂતાવાસ સાથે સંપર્કમાં રહેવા વિનંતી કરી છે.

ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે વધુ યુદ્ધ અટકાવવા માટે વિશ્વના નેતાઓએ પ્રયાસ શરૂ કર્યા છે. યુ.એસ., ઈજિપ્ત અને કતારના વરિષ્ઠ અધિકારીઓએ રવિવારે રોમમાં હમાસ દ્વારા બંધકોને મુક્ત કરવા અને ગાઝામાં યુદ્ધવિરામ માટે બેઠક કરી હતી, આ કરાર ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે વધુ ઉગ્રતા અટકાવી શકે છે. ગોલાન હાઈટ્સ, સીરિયા સાથેની દક્ષિણ પશ્ચિમ સરહદ પર ઈઝરાયેલના ઉત્તર-પૂર્વમાં ૧૯૬૭ના છ-દિવસીય યુદ્ધ પછી કબજો કરવામાં આવ્યો હતો. તેની મોટાભાગની વસ્તી ડ્રુઝ સમુદાયોની છે, જેઓ હજુ પણ મોટાભાગે પોતાને સીરિયન તરીકે ઓળખાવે છે. ૧૯૮૧માં તેલ અવીવે આ પ્રદેશને જોડ્યો, જેને વિશ્વના મોટાભાગના દેશો દ્વારા માન્યતા આપવામાં આવી નથી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હેઠળના યુએસએ ૨૦૧૯માં ગોલાન હાઈટ્સના જોડાણને માન્યતા આપી હતી.

ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ અને ઈઝરાયેલ ઓકટોબર ૨૦૨૩થી યુદ્ધ કરી રહ્યા છે. હિઝબુલ્લાહે તેની દક્ષિણ સરહદ પર ઈઝરાયેલની જગ્યાઓ પર હમાસના સમર્થનમાં ગોળીબાર કરવાનું શરૂ કર્યું છે, તેલ અવીવે લગભગ ૧૦ મહિનાના સંઘર્ષમાં ઓછામાં ઓછા ૩૯,૦૦૦ પેલેસ્ટીનીની હત્યા કરી છે. ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચેના સંપૂર્ણ યુદ્ધથી આ પ્રદેશના લોકો માટે સંભવિત વિનાશક પરિણામો આવી શકે છે.

હિઝબુલ્લાહની સ્થાપના ૧૯૮૨માં લેબેનોન પર ઈઝરાયેલના આક્રમણ પછી કરવામાં આવી હતી. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા તેને ભંડોળ પૂરૂં પાડવામાં આવ્યું હતું, આ જૂથને ઈઝરાયેલ સામે લડવા માટે તેહરાન દ્વારા તાલીમ પણ આપવામાં આવી હતી. હિઝબુલ્લાહ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાના વફાદાર છે અને ઈઝરાયેલના વિનાશની



પ્રતિજ્ઞા લીધી અને લેબેનોનમાં ઈસ્લામિક રિપબ્લિકની રચના માટે હાકલ કરી. ૧૯૯૨માં હસન નસરાલ્લાહ તેના સેક્રેટરી જનરલ બન્યા પછી સંગઠનમાં ફેરફાર થયો. હિઝબુલ્લાહના અગાઉના નેતા અબ્બાસ અલ-મુસાવીની ઈઝરાયેલ દ્વારા હત્યા કરવામાં આવી હતી.

રાજકીય રીતે હિઝબુલ્લાહ લેબેનોનના સૌથી મોટા પક્ષો પૈકી એક છે. ૨૦૨૧માં મીડિયા અહેવાલો અનુસાર નસરાલ્લાહે કહ્યું હતું કે, હિઝબુલ્લાહ પાસે ૧,૦૦,૦૦૦ પ્રશિક્ષિત લડવૈયાઓ છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર તેહરાને તેના લડવૈયાઓને તાલીમ આપવા ઉપરાંત હજારો રોકેટ, મિસાઈલો અને નાના હથિયારો સાથે હિઝબુલ્લાહને સેંકડો મિલિયન ડૉલરની નાણાકીય સહાય પૂરી પાડી છે. બશર અલ-અસદની આગેવાની હેઠળના શાસનના સમર્થનમાં સીરિયામાં લડાઈ લડતા આ લશ્કરને યુદ્ધભૂમિનો અનુભવ છે. ૨૦૦૬માં હિઝબુલ્લાહે કથિત રીતે મિસાઈલ વડે ઈઝરાયેલી યુદ્ધ જહાજ પર હુમલો કર્યો અને તેને ભારે નુકસાન પહોંચાડ્યું હતું.

૨૦૧૮માં સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝના અંદાજ મુજબ હિઝબુલ્લાહ પાસે લગભગ ૧,૩૦,૦૦૦ રોકેટ છે. તેના શસ્ત્રોમાં અનગાઈડેડ આર્ટિલરી રોકેટ અને બેલેસ્ટિક, એન્ટી એર, ટેન્ક વિરોધી અને જહાજ વિરોધી મિસાઈલો પણ સામેલ હોવાનું કહેવાય છે.

વિશ્વ શનિવારના હુમલા પર ઈઝરાયેલના પ્રતિસાદની રાહ જોઈ રહ્યું છે, ત્યારે વિશ્વભરના નેતાઓએ સંયમ રાખવાની વિનંતી કરી છે અને આ બાબતે આંતરરાષ્ટ્રીય તપાસ માટે હાકલ કરી છે. યુ.એસ. સ્ટેટ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટોની જે. બ્લિંકન જેઓ રવિવારે ટોક્યોમાં ક્વાડના વિદેશમંત્રીઓની બેઠક માટે આવ્યા હતા, તેમણે સંઘર્ષ વધે નહીં તેની ખાતરી કરવા માટે સંયમ રાખવા વિનંતી કરી છે કેનેડાએ જણાવ્યું છે કે, તે ગોલાન હાઈટ્સ હુમલા પછી 'ગંભીર રીતે ચિંતિત' છે.

# ઈઝરાયેલે ગાઝામાં વધુ ૩૯ પેલેસ્ટીનીઓની હત્યા કરી, મૃત્યુઆંક ૩૯,૩૬૩ને પાર

(એજન્સી) તા.૩૦

ઈઝરાયેલી દળોના ગાઝા પટ્ટીમાં હુમલામાં વધુ ૩૯ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા, આરોગ્ય મંત્રાલયે આજે જણાવ્યું હતું કે, ૭ ઓક્ટોબરથી અત્યાર સુધીમાં કુલ મૃત્યુઆંક ૩૯,૩૬૩ થયો છે.

મંત્રાલયના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ઈઝરાયેલના નરસંહાર અભિયાનમાં લગભગ ૯૦,૯૨૩ લોકો ઘાયલ થયા છે. મંત્રાલયે જણાવ્યું કે, "ઈઝરાયલી દળોએ પાછલા ૨૪ કલાકમાં પરિવારો વિરૂદ્ધ ત્રણ 'નરસંહાર'માં ૩૯ લોકો મૃત્યુ પામ્યા અને ૯૩ અન્ય ઘાયલ થયા."

તેણે જણાવ્યું કે "ઘણા લોકો હજુ પણ કાટમાળ નીચે અને રસ્તાઓ પર ફસાયેલા છે કારણ કે બચાવ ટીમો તેમના સુધી પહોંચી શકી નથી." ગાઝા પર ચાલી રહેલા ઘાતકી હુમલાને કારણે ઈઝરાયેલને આંતરરાષ્ટ્રીય ટીકાનો સામનો કરવો પડી



રહ્યો છે. ઈઝરાયેલી યુદ્ધના નવ મહિનાથી વધુ ગાઝાનો વિશાળ હિસ્સો ખોરાક, શુદ્ધ પાણી અને દવાની તીવ્ર અછતને કારણે ખંડેર હાલતમાં છે. ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)માં ઈઝરાયેલ પર નરસંહારનો આરોપ મૂકવામાં આવ્યો છે.

# દક્ષિણી ગાઝામાં માનવીય ક્ષેત્ર પર ઈઝરાયેલી હુમલામાં ૮ લોકોનાં મોત

(એજન્સી) તા.૩૦

આરોગ્ય સૂત્રોએ જણાવ્યું કે રવિવારે દક્ષિણી ગાઝાપટ્ટીમાં વિસ્થાપિત પેલેસ્ટીનીઓ માટે બનાવવામાં આવેલ માનવીય ક્ષેત્ર પર ઈઝરાયેલી હુમલાઓમાં એક બાળક સહિત ૮ નાગરિકો મૃત્યુ પામ્યા છે. સૂત્રોએ જણાવ્યું કે ખાન યુનુસના પશ્ચિમમાં અલ-મવાસીમાં નાગરિકોની એક સભા પર એક ઈઝરાયેલી ડ્રોન દ્વારા બે મિસાઈલો દાગવાથી પાંચ લોકોનાં મોત થયા છે. ગાઝાપટ્ટી પર ઈઝરાયેલના જારી આક્રમણની વચ્ચે અલ-મવાસીને ઈઝરાયેલી સેના દ્વારા વિસ્થાપિત પેલેસ્ટીનીઓ માટે માનવીય ક્ષેત્ર તરીકે નામિત કરવામાં આવ્યા હતા. સ્થાનિક સૂત્રોએ જણાવ્યું કે એક અન્ય ઈઝરાયેલી યેરી ડ્રોને ખાન યુનુસના મધ્ય ક્ષેત્રના સિક્કા મહોલ્લામાં વ્યવસાયિક દુકાનો પર હુમલો કર્યો. જેમાં એક બાળક સહિત ત્રણ લોકોનાં મોત થયા છે. ઈઝરાયેલી હુમલાઓ પછી ૮ લોકોનાં મૃતદેહોને ખાન યુનુસની નાસીર હોસ્પિટલમાં સ્થળાંતરીત કરી દેવામાં આવ્યા. આ રિપોર્ટ પર ઈઝરાયેલી સેના તરફથી અત્યાર



સુધી કોઈ ટિપ્પણી નથી આવી. નાગરિક સુરક્ષા પ્રવકતા મહમુદ બસલે જણાવ્યું કે તે ઉપરાંત ગાઝા શહેરના પશ્ચિમમાં તેલ અલ-હવામાં ઈઝરાયેલી બોમ્બમારામાં ચાર પેલેસ્ટીની મૃત્યુ પામ્યા. તાત્કાલિક યુદ્ધ વિરામની માંગ કરનારા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના પ્રસ્તાવની અવહેલના કરતા ૭ ઓકટોબરે હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા પછીથી ગાઝા પર જારી ક્રુર હુમલાના કારણે ઈઝરાયેલને આંતરરાષ્ટ્રીય ટીકાનો સામનો કરવો પડયો છે.

# નેતાન્યાહુએ ૧૫૦ બીમાર પેલેસ્ટીની બાળકોને ગાઝા છોડીને UAE સારવાર લેવા જતા અટકાવ્યા

(એજન્સી) તા.૩૦

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ લગભગ ૧૫૦ બીમાર અને ઘાયલ પેલેસ્ટીની બાળકોને સારવાર માટે ગાઝાથી સંયુક્ત આરબ અમીરાત (UAE) જતા અટકાવ્યા છે. ઈઝરાયેલના કાન પબ્લિક બ્રોડકાસ્ટર અનુસાર, નેતાન્યાહુએ સોમવારની બપોરે ૨૯ જુલાઈના રોજ નાકાબ ક્ષેત્રમાં ઈઝરાયેલી સૈન્યના રેમન એર બેઝ દ્વારા UAE માટે બાળકોની આયોજિત ફ્લાઈટને અટકાવી હતી. એવો દાવો કરવામાં આવે છે કે આ નિર્ણય ૨૭ જુલાઈ, શનિવારની સાંજે કબજા હેઠળના ગોલાન હાઈટ્સમાં મજદલ શમ્સ પરના હુમલાની પૃષ્ઠભૂમિમાં આવ્યો છે. શાસનના નરસંહાર યુદ્ધ વચ્ચે બગડતી આરોગ્યની સ્થિતિને કારણે ઈઝરાયેલી પ્રીમિયર ગાઝાના બાળકોની સારવાર માટે ફિલ્ડ હોસ્પિટલનો વિરોધ કર્યા પછી નવી ઘટના બની છે. WAFA ન્યૂઝ એજન્સી અહેવાલ મુજબ, માનવ અધિકારો માટેના ચિકિત્સકોએ સૂચવ્યું હતું કે, ઈઝરાયલે અગાઉના અનુભવોમાં સમાન જવાબદારીઓના અમલીકરણમાં વિલંબ અથવા રદ કર્યો છે. સૂત્રો સૂચવે છે કે આ અઠવાડિયે ૨૫૦ બીમાર અને ઘાયલ વ્યક્તિઓને લઈ જતું વિમાન પટ્ટીથી UAE માટે રવાના થઈ શકે છે. ગાઝાની સારવારની જરૂરિયાતો પ્રારંભિક ૫,૦૦૦ દર્દીઓ કરતાં ઓછામાં ઓછી ૧૦૦ ગણી વધારે છે, જેમાં ૨૫,૦૦૦ને સ્થળાંતર અને



વિદેશ પ્રવાસની જરૂર છે, જે નોંધપાત્ર માનવતાવાદી કટોકટી દર્શાવે છે. ફિઝિશ્યન્સ ફોર હ્યુમન રાઈટ્સ અને અન્ય માનવાધિકાર સંસ્થાઓએ જૂનમાં ઈઝરાયેલી સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી, દર્દીઓ અને ઘાયલ વ્યક્તિઓને સારવાર માટે પટ્ટી છોડવાની વિનંતી કરી.

# ઈરાને મજદલ શમ્સના હુમલા બાદ ઈઝરાયેલને કોઈ નવા દુ:સાહસ સામે ચેતવણી આપી

(એજન્સી) તા.૩૦

ઈરાને ઈઝરાયેલને લેબેનોન સામેના કોઈપણ નવા દુ:સાહસ સામે ચેતવણી આપી છે. એનાદોલુ એજન્સીના અહેવાલ મુજબ, શનિવારે કબજા હેઠળના ગોલાન હાઈટ્સમાં રોકેટ હુમલા બાદ ઓછામાં ઓછાં ૧૨ લોકો માર્યા ગયા હતા. ઈઝરાયલે ઈઝરાયેલના કબજા હેઠળના ગોલાન હાઈટ્સના મજદલ શમ્સ શહેરમાં ફૂટબોલ મેદાન પર થયેલા હુમલાને લેબેનોનના હિઝબુલ્લાહ જૂથ સાથે જોડ્યો છે. ઈઝરાયેલના સૈન્ય પ્રવક્તા ડેનિયલ હગારીએ શનિવારે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું, અમારી બુદ્ધિ સ્પષ્ટ છે. હિઝબુલ્લાહ મજદલ શમ્સમાં નિર્દોષ બાળકોની હત્યા માટે જવાબદાર છે. હિઝબુલ્લાહ જો કે ઘાતક હુમલામાં કોઈપણ ભૂમિકાને સ્પષ્ટપણે નકારી કાઢે છે, જે બે લડતા પક્ષો વચ્ચેના ઉગ્ર તણાવ વચ્ચે આવે છે. રવિવારે એક નિવેદનમાં ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા નાસેર કાનાનીએ હુમલામાં તેની ભૂમિકાને નકારી કાઢતા હિઝબુલ્લાહના નિવેદનનો ઉલ્લેખ કર્યો અને ઈઝરાયેલ પર ગાઝા પટ્ટીમાં તેના ગુનાઓથી જાહેર અભિપ્રાય અને વૈશ્વિક ધ્યાન હટાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો, જ્યાં ૭ ઑક્ટોબરથી ૩૯,૦૦૦ પેલેસ્ટીનીથી વધુ લોકો માર્યા ગયા. તેમણે મજદલ શમ્સ હુમલા અંગે ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા દાવાઓને બનાવટી દૃશ્ય ગણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે તેલ અવીવમાં આ ઘટના પર ન્યાય કરવા અને ટિપ્પણી કરવા માટે ન્યૂનતમ



નૈતિક સત્તાનો અભાવ છે. ઈઝરાયેલનો ઉલ્લેખ કરતા કાનાનીએઆંતરરાષ્ટ્રીય સમુદાય ખાસ કરીને યુએન સિક્યુરિટી કાઉન્સિલને આક્રમક યહુદી શાસનના સાહસ સામે લેબેનોન અને પ્રદેશની સ્થિરતા અને સુરક્ષાને ટેકો આપવા હાકલ કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઈઝરાયેલ દ્વારા કોઈપણ મૂર્ખતાપૂર્ણ કાર્યવાહી, વધતી અસ્થિરતા, અસુરક્ષા અને ક્ષેત્રમાં યુદ્ધની જ્વાળાઓ માટે માર્ગ મોકળો કરી શકે છે અને કહ્યું કે તેના પરિણામોની જવાબદારી ઈઝરાયેલની રહેશે. તેમણે યુએસ સરકારને વૈશ્વિક શાંતિ અને સુરક્ષા અંગેની તેની આંતરરાષ્ટ્રીય અને નૈતિક જવાબદારી પર કાર્ય કરવા અને ઈઝરાયેલને ગાઝા અને અન્ય સ્થળોએ યુદ્ધની જ્વાળાઓ ભડકાવતા અટકાવવા પણ વિનંતી કરી. શનિવારના હુમલા પછી, ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના કાર્યાલયે જણાવ્યું હતું કે, તેમણે યુનાઈટેડ સ્ટેટ્સનો તેમનો પ્રવાસ ટૂંકો કરવાનો અને શક્ય તેટલી વહેલી તકે પાછા ફરવાનું નક્કી કર્યું છે. તેમની ઓફિસે એક નિવેદનમાં જણાવ્યું હતું, તેમણે ડ્રુઝ સમુદાયના નેતાને એમ પણ કહ્યું કે હિઝબુલ્લાહ મજદલ શમ્સ હુમલા માટે ભારે કિંમત ચૂકવશે. ઈઝરાયેલના સંરક્ષણ પ્રધાન યોવ ગેલન્ટે રવિવારે કહ્યું હતું કે, તેઓ ખાતરી કરશે કે હિઝબુલ્લાહ કિંમત ચૂકવે છે.




નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# દેશની રાજધાનીમાં IAS કોચિંગ સેન્ટરની કરૂણાંતિકા તંત્રને સુધરવાનો ગંભીર સંકેત આપી જાય છે

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના જૂના રાજેન્દ્ર નગરમાં કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં IAS બનવા માંગતા ત્રણ વિદ્યાર્થીઓના કરુણ મોત બાદ દરેક જવાબદાર સરકારી સંસ્થા અને પક્ષ પોતાની ચામડી બચાવવામાં વ્યસ્ત છે.

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશને ગત રવિવારે શહેરમાં અન્ય ૧૩ સિવિલ સર્વિસ કોચિંગ સેન્ટરના બેઝમેન્ટ સીલ કર્યા છે. નારાજ અને ગુસ્સે થયેલા વિદ્યાર્થીઓ કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે અને સરકારી સંસ્થાઓએ પણ ખચકાટ વગર આવા બનાવો ન બને તે માટે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ભોંયતળિયે કે ભોંયરામાં ચાલતા તમામ કેન્દ્રો બંધ કરવા જરૂરી છે. તેમાં કોઈ શંકા નથી કે આવા કોચિંગ ઓપરેટરો ઓછા ભાડા અને મહત્તમ નફા માટે બેઝમેન્ટ પસંદ કરે છે. પરંતુ શું આવા વર્ગો બેઝમેન્ટમાં અથવા ખાસ કરીને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓમાં યોજવા જોઈએ? બેઝમેન્ટમાં રહેલું પાણી જીવલેણ હોઈ શકે એવો સહેજપણ તેઓને ભય નથી? પોલીસે છથી વધુ આરોપીઓની ધરપકડ કરી છે, પરંતુ વાસ્તવમાં વિદ્યાર્થીઓની સુરક્ષા પ્રત્યે બેદરકારી દાખવનારાઓ દરેક સામે કડક કાર્યવાહી થવી જોઈએ. પ્રથમ નજરે તો આ કોચિંગ સેન્ટરે અક્ષમ્ય બેદરકારી દાખવી હતી. જ્યારે આ ઘટના સાંજે ૬:૩૫ વાગ્યે બની ત્યારે પોલીસ અને ફાયર વિભાગના અધિકારીઓને ૭:૧૦ વાગ્યે કેમ જાણ કરવામાં આવી? પાણી એટલું ભરાઈ ગયું હતું કે ડૂબી ગયેલા વિદ્યાર્થીઓ સુધી પહોંચવા માટે ડાઈવર્સ બોલાવવા પડ્યા હતા. જો આપણે આ મુદ્દાઓ પર નજર કરીએ તો આપણને સિસ્ટમમાં અસંખ્ય ખામીઓ જોવા મળશે, પરંતુ હવે આપણે આગામી સમય માટે વિચારવાની જરૂર છે અને આ માત્ર દિલ્હીનો પ્રશ્ન નથી પરંતુ દેશના દરેક શહેરમાં જ્યાં આ પ્રકારે શિક્ષણની હાટડીઓ ચાલતી હોય ત્યાં કાર્યવાહીની જરૂર છે. પરંતુ આજે શું થઈ રહ્યું છે? દોષારોપણની રમત ચાલી રહી છે. દિલ્હીની વ્યવસ્થા માટે જવાબદાર સંસ્થાઓ અને નેતાઓ એકબીજાની સામે આક્ષેપો કરી રહ્યા છે, જે આવી ચિંતામાં વધારો કરે છે. જો એકબીજાને જવાબદાર ઠેરવતા લોકોએ સાથે મળીને દિલ્હીની સુરક્ષા માટે કામ કર્યું હોત તો કદાચ આ દુર્ઘટના ન બની હોત. દિલ્હીમાં ઈમારતો સંબંધિત નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ કેવી રીતે લેવામાં આવે છે અને આપવામાં આવે છે? જ્યાં પાર્કિંગ અને સ્ટોરેજની સુવિધા હોવી જોઈએ ત્યાં પુસ્તકાલયો અને વર્ગખંડો કેવી રીતે ચાલી રહ્યા છે? જો આ દુર્ઘટના બાદ દિલ્હીમાં બિલ્ડીંગ સિસ્ટમમાં સુધારો થશે તો આવી ઘટનાઓ ભવિષ્યમાં બનશે નહીં. આપણા અમદાવાદ, સુરત સહિત રાજસ્થાન તેમજ અન્ય ઘણા રાજ્યોમાં આવી રીતે ખાનગી શૈક્ષણિક દુકાનો ચાલે છે જેનું પૂર્ણ ઓડિટ થવું જોઈએ. આજે વિદ્યાર્થીઓ સુધારાની માંગ કરી રહ્યા છે, પરંતુ તેમની સાથે કોણ ઊભું છે? દેશભરમાંથી વિદ્યાર્થીઓ દિલ્હી ભણવા આવે છે, કારણ કે તેમને અહીંની કોચિંગ ગુણવત્તામાં વિશ્વાસ છે. તેઓ દિલ્હીને તેમના ગામ કે શહેર કરતાં વધુ સારી જગ્યા માને છે. પરંતુ હવે દિલ્હીએ વિચારવું જોઈએ કે તે દેશવાસીઓની અપેક્ષાઓ પર કેટલી હદે ખરું ઉતરી રહ્યું છે? અલબત્ત, દિલ્હી આજે સુવિધાઓનું મોટું કેન્દ્ર છે, પરંતુ તંત્રએ ઘણી વાર તેને તેની આવી આપણી ખામીઓથી કલંકિત કરી દીધું છે. ખામીઓ પર રાજનીતિ કરવામાં કંઈ ખોટું નથી, પરંતુ જ્યારે દરેક જગ્યાએ રાજકારણ થવા લાગે છે ત્યારે ઝડપથી ઉકેલની આશાઓ નબળી પડવા લાગે છે. રાજકીય પક્ષો એકબીજાના વિરોધમાં ઉતરી આવ્યા છે. મામલો રસ્તાઓથી લઈને સંસદ સુધી પહોંચ્યો છે, પરંતુ ખરો મુદ્દો એ છે કે આજે વિદ્યાર્થીઓને તેમની સુરક્ષાને લઈને કેટલો વિશ્વાસ છે? તેમના માટે કોણ આગળ આવશે અને તેમને આશ્વાસન કોણ આપશે? હવે સમય આવી ગયો છે કે આપણે શહેરોની સુવિધાઓ અંગે રાજકારણ ન કરવું જોઈએ. આપણા માટે સિસ્ટમને વ્યવસ્થિત રાખવી સૌથી જરૂરી છે. જે સંસ્થાઓ કાર્યરત છે તેમને નિયમ પ્રમાણે કામ કરવાની મંજૂરી આપવી જોઈએ. સત્તાધીશોએ સુધારાની જવાબદારી સંભાળવી જોઈએ અને દરેક નાગરિકની સુરક્ષા યુદ્ધના ધોરણે કરવી જોઈએ. વિદ્યાર્થીઓ અને તેના વાલીઓ સરકાર પાસેથી આ જ તો ઈચ્છે છે અને તેમાં કંઈ ખોટું પણ નથી.

# પત્રકારત્વ સંકટનો સામનો કરી રહ્યું છે ત્યારે પત્રકારત્વ શિક્ષણનું ભવિષ્ય શું છે ?

## પત્રકારત્વના વ્યાવસાયિક મૂલ્યો અને નૈતિક ધોરણોને વિવિધ સેટિંગ્સમાં વ્યાપકપણે લાગુ કરવા માટે શીખવવું એ આ ઘટાડાને દૂર કરવા માટેની શરૂઆત છે

પ્રશ્નાર્થ

- કબીર ઉપમન્યુ

જૂનમાં આવેલા સમાચાર કે બેંગલુરુમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ જર્નાલિઝમ એન્ડ ન્યૂ મીડિયા હવે અપૂરતી અરજીઓને કારણે પત્રકારત્વમાં પ્રોગ્રામ્સ ઓફર કરશે નહીં, તેણે વ્યવસાયની આસપાસના અસ્તિત્વના પ્રશ્નોને પુનર્જીવિત કર્યા - અને, વિસ્તરણ દ્વારા, તેના માટે શિક્ષણની જરૂરિયાત વિશે.

IIJNM સાથે જે બન્યું છે તે અપવાદ નથી. અહેવાલો અન્ય મીડિયા સંસ્થાઓ તરફ પણ નિર્દેશ કરે છે કે જેઓ પ્રવેશમાં ઘટાડો અથવા વિદ્યાર્થીઓની પસંદગીઓ પત્રકારત્વમાંથી મીડિયાના અન્ય ક્ષેત્રો જેમ કે જાહેરાતો અને જાહેર સંબંધો તરફ સ્થળાંતર કરે છે.

પત્રકારત્વ પ્રત્યેની વધતી ભ્રમણા માટે ટાંકવામાં આવેલા કારણો પૈકી નાણાકીય અનિશ્ચિતતા છે જે ઉદ્યોગમાં કામ કરવા અને રાજકીય સંદર્ભોમાં કામ કરવા સાથે આવે છે જે વ્યવસાયને સંવેદનશીલ બનાવે છે. આ કોઈ સરળ જવાબો વિનાની કાયદેસરની ચિંતાઓ છે - કદાચ બીજી વખત ચર્ચા માટે.

પરંતુ પત્રકારત્વ શિક્ષણ વિશે શું? જ્યારે પત્રકારત્વના અધ્યાપકો અને વિદ્વાનોની શક્તિ ઉપરોક્ત પરિબળોને સંબોધવામાં મર્યાદિત છે, ત્યારે શું એવું કંઈક છે જે તેઓ તેના માટેના શિક્ષણને વધુ ખુલ્લા, લવચીક અને ઉપયોગિતાવાદી બનાવવા માટે કરી શકે?

**પત્રકારત્વ શિક્ષણને પુનઃપ્રાપ્ત કરવું**

હું પત્રકારત્વને લગતા વર્ગો લઈ રહ્યો છું ત્યારથી ત્રણ વર્ષ દરમિયાન, મેં તેને વધુ સુસંગત અને વ્યાપક-આધારિત બનાવવાના પ્રયાસમાં તેને શીખવવાના મારા અભિગમને સતત પુનઃપ્રાપ્ત કર્યું છે.

સૌપ્રથમ, મેં પત્રકારત્વ શું છે અને તે આજના સંદર્ભમાં કઈ રીતે સમાવિષ્ટ છે તે અંગે ફરીથી રૂપરેખા આપવાનો પ્રયાસ કર્યો છે. ડિજિટલ યુગ, ખાસ કરીને ડિજિટલ મધ્યસ્થીઓ (સર્ચ એન્જિન, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ અને હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ્સ)ના ઉદય અને વર્ચસ્વ દ્વારા ચિહ્નિત થયેલ છે, જે છેલ્લા બે દાયકામાં પત્રકારત્વની પ્રકૃતિને સતત બદલી રહ્યો છે.

આવા સંદર્ભમાં, વિદ્યાર્થીઓને એવા પત્રકારત્વ વિશે શીખવવાની જરૂર છે જે તેની સીમાઓની દ્રષ્ટિએ વધુ છૂટક હોય અને માત્ર વ્યવસાય વિશેની આપણી સામાન્ય સમજણ સુધી મર્યાદિત ન હોય. હું ભારપૂર્વક જણાવું છું કે પત્રકાર બનવાની ઈચ્છા રાખનારાઓએ સંસ્થાકીય સેટિંગમાં કામ કરવાની જરૂર નથી, સામાન્ય સમાચાર સંસ્થાના માળખાના ભાગ અને તેની સાથે આવતા વંશવેલા સાથે. તેઓ વિવિધ પ્લેટફોર્મ પર સમકાલીન ઘટનાઓ સાથે કામ કરતા સ્વતંત્ર સામગ્રી સર્જકો અથવા ક્યુરેટર પણ બની શકે છે. અથવા તેઓ બંને બાજુએ કામ કરી શકે છે.


અલબત્ત, પત્રકારત્વ સાથે સંકળાયેલા વ્યાવસાયિક મૂલ્યો અને નૈતિક ધોરણોનું શિક્ષણ બધા માટે સમાન હોવું જોઈએ. જો કે, મીડિયા અને પત્રકારત્વના શિક્ષકોએ જે ન કરવું જોઈએ તે સ્વાભાવિક રીતે મીડિયાને શ્રેષ્ઠતાનો દરજ્જો અને પત્રકારત્વને હલકી ગુણવત્તાનો દરજ્જો આપે છે.

**બદલાયેલી ભૂમિકાઓ**

આજે પત્રકારત્વમાં લોકો જે ભૂમિકા ભજવે છે તે સંબંધિત પાસું છે. વ્યવસાયમાં તેઓ જે ભૂમિકાઓ ભજવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે તે અંગે વિદ્યાર્થીઓમાં પ્રમાણભૂત સમજ કદાચ પત્રકારો, સંપાદકો, એન્કર વગેરે સુધી મર્યાદિત હોઈ શકે છે. જો કે, તેમને એ વાત પર ભાર મુકવાની જરૂર છે કે તેઓને વ્યવસાયમાં જે પ્રકારની ભૂમિકાઓ આપવામાં આવશે તે કદાચ આ અપેક્ષાઓ સાથે સુસંગત ન હોય.

મીડિયા વિદ્વાનોએ આજના પત્રકારત્વમાં પ્રેક્ષકોની કેન્દ્રિયતા તરફ ધ્યાન દોર્યું છે. ઘણા પત્રકારત્વ ખાતાઓ આજે સ્વભાવે "પુનરાવર્તિત" બની ગયા છે, જે સતત મૂલ્યાંકન અને સુધારણાને આધિન છે. પત્રકારો ઘણીવાર પોતાને "ગૌણ પ્રત્યક્ષદર્શીઓ" તરીકે કામ કરતા જોવા મળે છે, પહેલેથી જ ઓનલાઈન પોસ્ટ કરેલી માહિતીનું સંચાલન અને ક્યૂરેટીંગ કરે છે. મૂળ સામગ્રીનું નિર્માણ આજે ઘણા પત્રકારો માટે કેન્દ્રિય કાર્ય નથી રહ્યું.

તે સંદર્ભમાં, રિપોર્ટિંગ અને સંપાદનની લાક્ષણિક ભૂમિકાઓ સિવાય, નવી અને અનન્ય ભૂમિકાઓ જેમાં સંગઠન અને સામગ્રી અથવા માહિતી વ્યવસ્થાપન, સમુદાય અને પ્રેક્ષકોનું



નરેન્દ્ર મોદી કોરોના વાયરસ રોગચાળા વિશે ભારતને સંબોધિત કરે છે.

સંચાલન સામેલ છે તે વ્યવસાયમાં ચાવીરૂપ બની ગયા છે. આ ભૂમિકાઓ ખાસ કરીને એવા વાતાવરણમાં સંબંધિત છે જ્યાં માહિતીનો જથ્થો જબરજસ્ત હોય છે અને પ્રેક્ષકોને માર્ગદર્શન આપવાની જરૂર હોય છે જેઓ ઘણીવાર અપૂર્ણતાની લાગણી સાથે છોડી દે છે. જનરેટિવ છૈં ની લોકપ્રિયતા વધી રહી છે અને છેલ્લા કેટલાક મહિનામાં તેને તમામ ઉદ્યોગોમાં અપનાવવામાં આવી છે, કોઈ અપેક્ષા રાખી શકે છે કે પત્રકારત્વ ઉદ્યોગમાં પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગ જેવી ભૂમિકાઓ માટે નવા આવનારાઓની નિમણૂક કરવામાં આવે (જો તે પહેલાથી જ ન થઈ રહ્યું હોય).

**આમ**, પત્રકારત્વનું શિક્ષણ માત્ર આવી ભૂમિકાઓને સ્વીકારતું હોવું જોઈએ નહીં, પરંતુ સતત વિકસતા પરિદ્રશ્ય માટે વિદ્યાર્થીઓને પૂરતા પ્રમાણમાં તાલીમ આપવા માટે અભ્યાસક્રમોમાં સતત સુધારો કરવા અને શ્રેષ્ઠ પ્રથાઓ અને નૈતિક માર્ગદર્શિકાઓ ઘડી કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ. ફક્ત બીજી રીતે જોવું અથવા આવી ભૂમિકાઓની મજાક ઉડાવવી અને "જૂની-શાળાના પત્રકારત્વ"ના મૃત્યુનો શોક કરવો કોઈને મદદરૂપ થશે નહીં.

દાખલા તરીકે, જેઓ આ ક્ષેત્રમાં જોડાવા માંગતા હોય તેમને શીખવવાની જરૂર છે કે સમાચારકર્તામાં ક્યુરેટરની ભૂમિકા શું હોઈ શકે. બહારના સ્ત્રોતોમાંથી સામગ્રીના ઉપયોગની આસપાસની નૈતિક ચિંતાઓને કેવી રીતે સંબોધિત કરી શકાય છે અને સામગ્રી ઉત્પાદનનો આ પ્રકાર કેવી રીતે મૂલ્ય પેદા કરી શકે છે, પછી ભલે તેનો ઉપયોગ કરનારાઓ મૂળ સામગ્રીના ઉત્પાદનમાં ભાગ લેતા ન હોય.

એ જ રીતે, પત્રકારત્વના સેટિંગમાં જનરેટિવ છૈં દ્વારા ઉત્પાદિત સામગ્રીના નૈતિક ઉપયોગ પર માર્ગદર્શિકા ઘડવાની શરૂઆત શૈક્ષણિક સંસ્થાઓના સ્તરે જ કરવાની જરૂર છે. કોઈને તે ગમતું હોય કે ન ગમે, જનરેટિવ છૈંનો ઉપયોગ પત્રકારો દ્વારા તેમના કામ માટે કોઈને કોઈ રીતે આગળ જતાં ઉપયોગ કરવામાં આવશે. તેનો સ્વીકાર ન કરવાથી અથવા તેના નૈતિક ઉપયોગ માટે માળખાના વિકાસને અવગણવાથી અથવા શૂન્ય-સહિષ્ણુતાની નીતિઓ અમલમાં મૂકવાથી, વ્યક્તિ ફક્ત તેના અયોગ્ય ઉપયોગને પ્રોત્સાહિત કરશે.

**સારા પત્રકારત્વની શોધ**

અન્ય એક પરિબળ જે વિદ્યાર્થીઓને પત્રકારત્વ અપનાવવાથી નિરાશ કરી શકે છે તે બાબત એ હોઈ શકે છે કે કેવી રીતે વ્યવસાયને ઓછામાં ઓછા ભારતીય સંદર્ભમાં સડો અને ક્ષીણ થવાની પ્રક્રિયામાંથી પસાર થતો જોવામાં આવે છે.

ટેલિવિઝન સમાચાર માધ્યમોના વર્તણૂકે તે વાર્તામાં ફાળો આપવામાં કોઈ નાની ભૂમિકા ભજવી નથી, જેમાં કવરેજ ઘણીવાર પક્ષપાતી, સનસનાટીભર્યા અથવા સાદા અપ્રમાણિક હોય છે, અથવા બધાનું સંયોજન હોય છે. વ્યવસાયનું પોપ કલ્ચર ચિત્રણ - ક્યૂ ફિલ્મો અથવા ટેલિવિઝન શો - પણ મદદ કરતું નથી.

તેના શો અને ભવ્યતાના આધારે, ટીવી ન્યૂઝ મીડિયાની સ્થિતિને સમગ્ર પત્રકારત્વ ઉદ્યોગના લક્ષણો સમાન ગણવી સરળ છે. આવી પરિસ્થિતિમાં, વિવિધ પ્રિન્ટ તેમજ ઓનલાઈન પબ્લિશર્સ દ્વારા કરવામાં આવી રહેલું પ્રભાવશાળી કાર્ય - જે પ્રકારની વાર્તાઓ કવર કરવામાં આવી રહી છે તેમજ સમાચાર પહોંચાડવાના નવીન ફોર્મેટના સંદર્ભમાં જે બાબત છુપાયેલી છે તે છે.

ભારતમાં હજુ પણ સારું પત્રકારત્વ અસ્તિત્વમાં છે, તે પણ પુષ્કળ પ્રમાણમાં, પરંતુ વ્યક્તિએ ક્યાં જોવું તે જાણવાની જરૂર છે. દાખલા તરીકે, સામગ્રીના સંદર્ભમાં, અસંખ્ય સમાચાર પ્રકાશકો શોધી શકે છે કે જેમણે વ્યાપક અહેવાલો અને બીટ્સમાં વિશ્લેષણનું નિર્માણ કર્યું છે જેને અવગણવામાં આવી શકે છે - આરોગ્ય, શિક્ષણ, ગ્રામીણ, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન - ગ્રાસરુટ અને/અથવા અપનાવવા ડેટા-ભારે અભિગમ. ફોર્મેટના સંદર્ભમાં, ઈન્સ્ટાગ્રામ, ઈમેઈલ ન્યૂઝલેટર્સ અથવા મોબાઈલ એપ્લિકેશન્સ જેવા પ્લેટફોર્મ્સ પર હોંશિયારીથી બનાવેલ વિશ્વસનીય સમાચાર ઓફર કરતી પહેલ છે.

તે એવું કવરેજ છે કે જે પત્રકારત્વ શિક્ષણનું કેન્દ્રબિંદુ હોવું જરૂરી છે - જેમાં પત્રકારો અને સંપાદકો - બ્રોડકાસ્ટ સમાચાર મનોરંજન કરનારાઓ બનવાને બદલે કે જેઓ માત્ર આપણી જડતાને કારણે પત્રકાર તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે, તેઓ રોલ મોડેલ તરીકે સેવા આપતા હોવા જોઈએ.

અલબત્ત, કોઈએ એ હકીકતને અવગણવી જોઈએ નહીં કે આ હાર્ડ-હિટિંગ વાર્તાઓ પાછળના ઘણા પત્રકારો નાણાકીય અને રાજકીય બંને રીતે અનિશ્ચિત સેટિંગ્સમાં કાર્ય કરે છે, તેમના કાર્યને વધુ પ્રશંસનીય બનાવે છે.

પત્રકારત્વ શિક્ષણની પુનઃપ્રાપ્તિ પણ વ્યવસાય સાથે સંકળાયેલ નાણાકીય અથવા રાજકીય અનિશ્ચિતતાને હલ કરવામાં મદદ કરશે નહીં. જો કે, તે શું કરી શકે છે તે બદલાયેલા સંજોગોને ધ્યાનમાં રાખીને શિક્ષણશાસ્ત્રના અભિગમને વધુ ખુલ્લો અને સુસંગત બનાવવાનો છે - વિદ્યાર્થીઓને એ હકીકતથી વાકેફ કરવા કે શિક્ષણ પછી પત્રકારત્વના કાર્ય માટેના રસ્તાઓ ફક્ત સામાન્ય સંસ્થાકીય સેટિંગ્સમાં જ નથી કે ભૂમિકાઓ ઘણીવાર તેમની અપેક્ષાઓને અનુરૂપ ન હોય અને તે માટે તેમને તૈયાર કરે; અને, સમાચાર કવરેજના અસંખ્ય ઉદાહરણો છે જે ભારતમાં વ્યવસાય વિશેના વિનાશ અને અંધકારનો સામનો કરવા માટે ટાંકવામાં આવી શકે છે.

**(લેખક સિમ્બાયોસિસ સેન્ટર ફોર મીડિયા એન્ડ કોમ્યુનિકેશનમાં સહાયક પ્રોફેસર છે)**

**(સૌ. : સ્ક્રોલ.ઈન)**

# અધીરરંજન ચૌધરીએ પશ્ચિમ બંગાળના કોંગ્રેસના વડા તરીકે રાજીનામું આપ્યા બાદ મલ્લિકાર્જુનને દોષી ઠેરવ્યા

## પશ્ચિમ બંગાળ કોંગ્રેસના પ્રમુખ તરીકે રાજીનામું આપનાર અધીરરંજન ચૌધરીએ ખુલાસો કર્યો હતો કે, મલ્લિકાર્જુન ખડગેએ પાર્ટીનું ટોચનું પદ સંભાળ્યા બાદ તેમનું પદ 'અસ્થાયી' બની ગયું હતું

(એજન્સી) તા.૩૦

કોંગ્રેસના નેતા અધીરરંજન ચૌધરીએ ગઈકાલે પશ્ચિમ બંગાળ કોંગ્રેસ સમિતિના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું હતું, તે પછી તેમણે ખુલાસો કર્યો છે કે, પાર્ટીના અધ્યક્ષ તરીકે મલ્લિકાર્જુન ખડગેની ચૂંટણી બાદ તેમનું પદ 'અસ્થાયી' બની ગયું છે. ચૌધરીએ કહ્યું, 'જે દિવસે મલ્લિકાર્જુન ખડગે પાર્ટીના અધ્યક્ષ બન્યા, મારા સહિત પાર્ટીની અંદરના અન્ય તમામ પદો, પાર્ટીના બંધારણ મુજબ અસ્થાયી બની ગયા છે. મારી સ્થિતિ પણ કામચલાઉ બની ગઈ હતી.' ચૌધરીએ ચૂંટણી સમયગાળા દરમિયાન ખડગેની ટેલિવિઝન ટિપ્પણી પર હતાશા વ્યક્ત કરી હતી, જેમાં સૂચવવામાં આવ્યું હતું કે, જો જરૂરી હોય તો પ્રમુખ પદ માટે ચૌધરીને બદલી શકાય છે. પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં પાર્ટીના ખરાબ પ્રદર્શન છતાં ચૌધરીએ જવાબદારી સ્વીકારી પરંતુ જો ખડગેને જરૂરી લાગતું હોય તો પદ છોડવાનું જણાવવામાં આવ્યું હતું. પરિસ્થિતિએ વળાંક લીધો જ્યારે ચૌધરીને ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC) દ્વારા બે ઠરાવો પસાર કરવા માટે પશ્ચિમ બંગાળ કોંગ્રેસના નેતાઓની બેઠક બોલાવવાની સૂચના આપવામાં આવી હતી.

**અધીરરંજન ચૌધરીએ રાજીનામું આપ્યું :**

અધીરરંજન ચૌધરીએ પક્ષની અંદરની શ્રેણીબદ્ધ ઘટનાઓને પગલે પશ્ચિમ બંગાળ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ પદેથી સત્તાવાર રીતે રાજીનામું આપ્યું છે. પશ્ચિમ બંગાળના પ્રભારી AICC મહાસચિવ ગુલામ અહેમદ મીરે ગઈકાલે સવારે ચૌધરીના રાજીનામાની પુષ્ટિ કરી હતી. સોમવારે દિલ્હીમાં એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાયા બાદ ચૌધરીએ રાજીનામું આપ્યું હતું, જ્યાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને પક્ષના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આગામી પ્રદેશ પ્રમુખની નિમણૂક અંગે ચર્ચા કરવા પશ્ચિમ બંગાળના વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. ચૌધરી જેમણે પ્રમુખ તરીકે સેવા આપી હતી અને તેમણે ૧૯૯૯થી મુર્શિદાબાદ જિલ્લામાંથી પાંચ વખત વિજેતા પણ હતા, તાજેતરમાં જ તેઓ તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના યુસુફ પઠાણ દ્વારા લોકસભાની ચૂંટણીમાં હાર્યા હતા. ચૌધરી પૂર્વ પ્રદેશ પ્રમુખો પ્રદિપ ભટ્ટાચાર્ય અને અબ્દુલ મન્નાન અને અન્ય વરિષ્ઠ નેતાઓ દીપા દાસમુંસી, અમિતાભ ચક્રવર્તી, નેપાળ મહતો, મનોજ ચક્રવર્તી અને ઈશા ખાન ચૌધરીને બેઠકમાં હાજર રહેવા સૂચના આપી હતી.

# એપ્રિલ-જૂનમાં સારા વેચાણને કારણે વૈશ્વિક સોનાની માંગમાં જોરદાર ઉછાળો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં વૈશ્વિક સોનાની માંગ ૪.૧૬ ટકા વધીને ૧,૨૫૮.૨ ટન થઈ છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC)એ આજે ૩૦ જુલાઈ મંગળવારે એક રિપોર્ટમાં આ વાત કહી હતી. WGCના 'સેકન્ડ ક્વાર્ટર ૨૦૨૪ ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ' રિપોર્ટ અનુસાર, ૨૦૨૩ના બીજા ક્વાર્ટરમાં કુલ માંગ ૧,૨૦૭.૯ ટન હતી જે ૨૦૨૪માં વધીને ૧,૨૫૮.૨ ટન થઈ ગઈ છે. ડેટા અનુસાર, એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં 'ઓવર-ધ-કાઉન્ટર' (OTC) વ્યવહારો દ્વારા માંગને ટેકો મળ્યો હતો, જે અગાઉના વર્ષની સરખામણીમાં ૫૩ ટકા વધીને ૩૨૯ ટન થઈ હતી. 'ઓવર-ધ-કાઉન્ટર' વ્યવહારો બે પક્ષો વચ્ચેના સીધા વ્યવહારોનો સંદર્ભ આપે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આ સાથે, સોનાના ભાવમાં પણ સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળામાં વાર્ષિક ધોરણે ૧૮ ટકાનો વધારો જોવા મળ્યો હતો, જે સરેરાશ ૨,૩૩૮ ડૉલર પ્રતિ ઔંસના સ્તરે હતો. ક્વાર્ટર દરમિયાન તે ઈ૨,૪૨૭ પ્રતિ ઔંસની વિક્રમી સપાટીએ પણ પહોંચી ગયો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે, OTCની માંગમાં વધારો, કેન્દ્રીય બેંકો દ્વારા સતત ખરીદી અને ETF ઉપાડમાં ઘટાડો થવાને કારણે આ વર્ષના બીજા ક્વાર્ટરમાં સોનાના ભાવ રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યા હતા.વૈશ્વિક ગોલ્ડ ETF (એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ)એ સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળામાં સાત ટનનો નજીવો આઉટફ્લો જોયો હતો. WGCના વરિષ્ઠ બજાર વિશ્લેષક લુઈસ સ્ટ્રીટે જણાવ્યું હતું કે, કેન્દ્રીય બેંકો અને OTC બજારની મજબૂત માંગને કારણે સોનાના વધતા અને રેકોર્ડ બ્રેક ભાવ હેડલાઈન્સમાં હતા.

## 'ASIએ સ્ટેટસ રિપોર્ટ આપવો જોઈએ...'

# મેહરૌલીમાં ધાર્મિક સ્થળોની સુરક્ષાની માંગ પર સુપ્રીમ કોર્ટના નિર્દેશ

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના મહેરૌલીમાં પુરાતત્વીય સંરક્ષિત ઉદ્યાનની અંદર સદીઓ જૂના ધાર્મિક સંરચનાઓને સુરક્ષિત રાખવાની માગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. આ અંગે સુનાવણી કરતી વખતે કોર્ટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)ને પક્ષકાર બનાવ્યો અને સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા કહ્યું. આ પાર્કમાં 13મી સદીમાં બનેલી ઈમારતો છે. ઐતિહાસિક દસ્તાવેજો અનુસાર, આ સ્થાન પર 1317ની આશિક અલ્લાહ દરગાહ અને બાબા ફરીદની ચિલ્લાગાહ જેવી ઈમારતો છે.જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજય કુમારની ખંડપીઠે દિલ્હી હાઈકોર્ટના આદેશ સામેની અરજી પર સુનાવણી કરી, જેણે આ બાંધકામ માળખાઓની સુરક્ષા માટે નિર્દેશો આપવાનો ઈન્કાર કર્યો હતો.અગાઉ, સુપ્રીમ કોર્ટે અરજદારો અને સત્તાધિકારીઓને આદેશ આપ્યો હતો કે તેઓ પહેલા કોર્ટ દ્વારા રચાયેલી ધાર્મિક સમિતિ સમક્ષ પોતાનું પ્રતિનિધિત્વ કરે. ધાર્મિક સમિતિએ લીધેલા નિર્ણયને તેના અમલ પહેલા રેકોર્ડમાં રાખવાનો હતો.સુનાવણી દરમિયાન બેન્ચે કહ્યું કે ASIને જણાવવા દો કે કયા સ્મારકો જૂના છે અને કયા તાજેતરમાં બનાવવામાં આવ્યા છે. અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ લુથરાએ કોર્ટને જણાવ્યું કે નેશનલ મોન્યુમેન્ટ્સ ઓથોરિટી (NMA) પણ સંબંધિત કેસમાં પક્ષકાર છે. આ પછી, બેન્ચે ASI અને નેશનલ મોન્યુમેન્ટ્સ ઓથોરિટીને સ્થળની મુલાકાત લેવા અને સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા કહ્યું છે. રિપોર્ટને ધાર્મિક સમિતિ સાથે પણ શેર કરી શકાય છે.હાઈકોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલી અરજીમાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે મહેરૌલીમાં આવેલી દરગાહ અને ચિલ્લાગાહને દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ટૂંક સમયમાં તોડી પાડવામાં આવશે કારણ કે જાન્યુઆરીમાં ડીડીએએ અખોંજી નામની 600 વર્ષ જૂની મસ્જિદને તોડી પાડી હતી. આ સાથે મદરેસા બહારુલ ઉલૂમની આસપાસની ઘણી કબરોને પણ તોડી પાડવામાં આવી હતી.

## ભારતીય મૂળની એક વ્યક્તિની ચાકુ મારીને હત્યા કરવામાં આવી હતી

# બ્રિટનના સાઉથપોર્ટમાં છરી વડે હુમલો, બાળકો સહિત ૮ લોકો ઘાયલ

(એજન્સી) લંડન, તા.૩૦

બ્રિટનમાં સોમવારે એક વ્યક્તિએ અનેક લોકો પર ચાકુ વડે હુમલો કર્યો હતો. સાઉથપોર્ટમાં અનેક લોકોને છરા માર્યા હોવાના અહેવાલને પગલે મર્સીસાઇડ પોલીસે એક મોટું ઓપરેશન શરૂ કર્યું હતું. પોલીસે હુમલાખોરને કસ્ટડીમાં લઈ પોલીસ સ્ટેશન લઈ જવાયો છે. પોલીસે તેની પાસેથી એક છરી પણ કબજે કરી છે.મળતી માહિતી મુજબ આ હુમલામાં બાળકો સહિત ઓછામાં ઓછા આઠ લોકો ઘાયલ થયા છે. પોલીસે સાઉથપોર્ટમાં આ હુમલાને અંજામ આપનાર આરોપીઓ પર 'હત્યાના પ્રયાસ'નો આરોપ લગાવ્યો છે. સ્થાનિક પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સોમવારે સાઉથપોર્ટમાં છરાબાજીની મોટી ઘટનામાં ઘણા લોકોના મોતની આશંકા છે. મર્સીસાઇડ પોલીસે પુષ્ટિ કરી છે કે તેઓએ આરોપીની ધરપકડ કરી છે અને તેને પોલીસ સ્ટેશન લઈ ગયા છે.થોડા અઠવાડિયા પહેલા પૂર્વી ઈંગ્લેન્ડના એક શહેરના એક પાર્કમાં ભારતીય મૂળના એક વ્યક્તિની ચાકુ મારીને હત્યા કરવામાં આવી હતી. બ્રિટિશ પોલીસે આ માહિતી આપી હતી. ૧૬ વર્ષના છોકરા પર હત્યાનો આરોપ હતો. આરોપી હત્યારો સગીર હતો.મૃતકની ઓળખ આશિષ સચદેવ નાહર તરીકે થઈ હતી. આ હત્યા કેસમાં આરોપી કિશોરને લ્યુટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. બેડફોર્ડશાયર પોલીસ અધિકારીઓને ૨૫ વર્ષીય નાહર જ્યુબિલી પાર્ક, બેડફોર્ડમાં છરીના ઘાથી પીડાતા જોવા મળ્યા.એપ્રિલમાં, પૂર્વ લંડનના ટ્યુબ સ્ટેશન નજીક એક ગંભીર ઘટનામાં ૩૬ વર્ષીય વ્યક્તિએ બે પોલીસ અધિકારીઓ સહિત પાંચ લોકોને ચાકુ માર્યા હતા. મેટ્રોપોલિટન પોલીસે આ માહિતી આપી હતી. આ અકસ્માતમાં એક યુવકનું હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર હુમલાખોરની બાદમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે કહ્યું હતું કે આ ઘટના આતંકવાદ સાથે જોડાયેલી નથી.

## શેખ હસીનાએ અલ્ટીમેટમ ન સ્વીકાર્યું

# બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓ ફરી રસ્તા પર ઉતર્યા, ઘણી જગ્યાએ પ્રદર્શન

## વિદ્યાર્થીઓનું કહેવું છે કે, દેશમાં અશાંતિના કારણે માર્યા ગયેલા લોકો માટે સરકારે માફી માંગવી જોઈએ

(એજન્સી) ઢાકા, તા.૩૦

બાંગ્લાદેશમાં ફરી એકવાર શેરીઓમાં અરાજકતા જોવા મળી રહી છે. વડાપ્રધાન શેખ હસીનાએ માફી માંગવાના અલ્ટીમેટમની અવગણના કરી છે, જેના પછી વિદ્યાર્થીઓ ગુસ્સામાં ભડકી ઉઠ્યા છે અને સરકાર વિરુદ્ધ ઘણી જગ્યાએ રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. સ્થાનિક વિદ્યાર્થીઓ તેમના નેતાઓને મુક્ત કરવાની માંગ કરી રહ્યા છે. સરકારે વિરોધ કરી રહેલા વિદ્યાર્થી નેતાઓની ધરપકડ કરીને તેમને જેલમાં મોકલી દીધા હતા.વિદ્યાર્થીઓએ દેશમાં અશાંતિ માટે સરકારને માફી માંગવાનું અલ્ટીમેટમ આપ્યું હતું, જેની સરકારે અવગણના કરી અને વિદ્યાર્થીઓએ ફરી વિરોધ શરૂ કર્યો. અગાઉ સોમવારે બાંગ્લાદેશ સરકારે પહેલીવાર સ્વીકાર્યું હતું કે અશાંતિમાં દેશભરમાં લગભગ ૧૫૦ લોકો માર્યા ગયા છે. સરકારે દેશવ્યાપી શોક જાહેર કર્યો છે.તાજેતરમાં બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળી હતી અને સરકારે નોકરીના ક્વોટા સામેના વિરોધને દબાવવા માટે સેનાને બોલાવી હતી. આ મહિનાની શરૂઆતમાં યુનિવર્સિટીઓ અને કોલેજોમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા અને પછી વડા પ્રધાન શેખ હસીના અને તેમની સરકાર વિરુદ્ધ વ્યાપક ચળવળમાં ફેરવાઈ ગયા હતા. અશાંતિમાં પોલીસકર્મીઓ સહિત હજારો લોકો ઘાયલ થયા છે અને મોટી સરકારી સંસ્થાઓને નુકસાન થયું છે.કેબિનેટ સચિવ મહેબૂબ હુસૈને પીએમ હસીનાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠક બાદ મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, સરકારે નિર્ણય લીધો છે કે આવતીકાલે (મંગળવારે) દેશવ્યાપી શોક મનાવવામાં આવશે. તેમણે લોકોને કાળા બેજ પહેરવા વિનંતી કરી છે. તેમણે કહ્યું કે દેશભરની મસ્જિદો, મંદિરો, પેગોડા અને ચર્ચોને પણ મૃતકો અને ઘાયલ લોકો માટે પ્રાર્થના કરવા વિનંતી કરવામાં આવી છે.હુસૈને કહ્યું કે ગૃહ પ્રધાન અસદુઝમાન ખાન કમલે બેઠકમાં પરિસ્થિતિ વિશે અહેવાલ રજૂ કર્યો અને દેશભરમાં થયેલી અથડામણમાં ૧૫૦ લોકોના મોતની પુષ્ટિ કરી. રાજધાની ઢાકાની શેરીઓમાં સૈન્ય અને અર્ધલશ્કરી દળો પેટ્રોલિંગ કરવા આવ્યા ત્યારે આ માહિતી સામે આવી. પોલીસ દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવી રહ્યો છે. વાસ્તવમાં, વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓના જૂથે ફરીથી વિરોધનું એલાન આપ્યું છે. આંદોલનકારીઓએ કહ્યું કે અમારા નેતાઓને દબાણ હેઠળ પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.વિદ્યાર્થીઓએ શેરીઓમાં છૂટાછવાયા વિરોધ પ્રદર્શન કર્યા, પરંતુ રાજધાનીના કેટલાક ભાગોમાં અને અન્ય સ્થળોએ પોલીસ દ્વારા તેમને ઝડપથી વિખેરી નાખવામાં આવ્યા. વિદ્યાર્થીનું કહેવું છે કે વડાપ્રધાને અશાંતિ માટે જાહેરમાં માફી માંગવી જોઈએ. તેમના ઘણા મંત્રીઓને બરતરફ કરવા જોઈએ અને દેશભરની શાળાઓ અને યુનિવર્સિટીઓ ફરીથી ખોલવી જોઈએ. અશાંતિના કારણે શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ અનિશ્ચિત સમય માટે બંધ કરી દેવામાં આવી છે.

# નિફ્ટી મિડકેપ-સ્મોલકેપ ઓલ ટાઈમ હાઈ પર બંધ

(એજન્સી) મુંબઈ તા.૩૦

ભારતીય શેરબજાર મંગળવારના ટ્રેડિંગ સેશનમાં અગાઉના સત્રની જેમ જ સપાટ બંધ રહ્યું હતું. ઈન્ડેક્સ ફ્લેટ રહ્યો હતો પરંતુ કેટલાક સેક્ટરના શેરોમાં મજબૂતી જોવા મળી હતી. એનર્જી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓટો અને બેન્કિંગ શેર્સમાં ખરીદીને કારણે બજારમાં વધારો જોવા મળ્યો છે. આજના સત્રમાં પણ મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં તેજી જોવા મળી રહી. ટ્રેડિંગના અંતે BSE સેન્સેક્સ ૧૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૮૧,૪૫૫ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૧ પોઈન્ટના ઉછાળા સાથે ૨૪,૮૫૭ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૬ વધ્યા અને ૧૪ નુકસાન સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૨૦ વધ્યા અને ૩૦ નુકસાન સાથે બંધ થયા. આજના ટ્રેડિંગમાં ટાટા મોટર્સ ૩.૫૮ ટકા, એનટીપીસી ૩.૨૨ ટકા, પાવર ગ્રીડ ૧.૯૭ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૬૦ ટકા, ટાઈટન ૧.૫૫ ટકા, ઈન્ડસઈન્ડ બેંક ૧.૪૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૩૪ ટકા, મારૂતિ ૦.૯ ટકાના વધારા સાથે બંધ થયા છે.

**હદીસ બોધ**

બધા કામોનો આધાર ઈરાદા ઉપર છે. - હદીસ બોધ

**બોધ વચન**

વિનમ્રતા તો આધ્યાત્મિક શક્તિ છે. - રવિન્દ્રનાથ ટાગોર

**આજની આરસી**

| | |
|---|---|
| ૩૧ જુલાઈ બુધવાર ૨૦૨૪ | |
| ૨૪ મોહર્રમ હિજરી ૧૪૪૬ | |
| અષાઢ વદ અગિયારસ સંવત ૨૦૮૦ | |
| સુબ્હ સાદિક | ૪-૪૩ |
| ખત્મે ઝવાલ | ૧૨-૪૬ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૧૦ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૭-૨૨ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

### મનુ ભાકર ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય બની

# મનુ-સરબજોતે અપાવ્યો દેશને બીજો મેડલ

### મનુ ભાકર અને સરબજોતસિંહે પેરિસ ઓલિમ્પિક ૧૫૦ મીટર એર પિસ્ટલ મિક્સ ટીમ ઈવેન્ટમાં કોરિયન જોડીને હરાવી બ્રોન્ઝ મેડલ જીત્યો

પેરિસ, તા.૩૦

ભારતીય જોડી મનુ ભાકર અને સરબજોતસિંહે પેરિસ ઓલિમ્પિક ઈતિહાસ રચી દીધો છે. મનુ અને સરબજોતે શુટિંગની ૧૦ મીટર એર પિસ્ટલ ટીમ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. ભારતના શૂટરોએ લી વોન્હો અને ઓહ યેઝિનની કોરિયન જોડીને પરાજય આપ્યો હતો. પહેલા મનુ ભાકરે મહિલાઓની ૧૦ મીટલ એર પિસ્ટલમાં બ્રોન્ઝ મેડલ જીત્યા બાદ ઓલિમ્પિક મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા શૂટર બની હતી જ્યારે હવે તે એક જ ઓલિમ્પિકમાં



બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય બની ગઈ છે. ભારતીય સ્ટાર જોડીએ દ.કોરિયાની લી ઓન્હો અને ઓહ યે ઝિનની જોડીને ૧૬-૧૦થી પરાજય આપ્યો. આ ભારત માટે ઐતિહાસિક ક્ષણ છે. શૂટિંગમાં આ પહેલા કોઈપણ શૂટરે બે મેડલ જીત્યા નથી પણ મનુએ કમાલ કરી દીધો છે. આ રીતે મનુ ભાકર આઝાદી બાદ એક જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય એથ્લીટ બની ગઈ છે. હજી મનુ ૨૫ મીટર ઈવેન્ટમાં પણ મેડલની દાવેદારી રજૂ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે બ્રિટીશ મૂળના ભારતીય ખેલાડી નોર્મન પ્રિચાર્ડે ૧૯૦૦ ઓલિમ્પિકમાં ૨૦૦ મીટર દોડની બે ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો પણ તે સિદ્ધિ આઝાદી પહેલાની હતી. મેડલ જીત્યા બાદ સરબજોત સિહે જણાવ્યું કે, આ ગૌરવની ક્ષણ છે. અમે ખુશ છીએ પણ આ મુશ્કેલ ફાઈટ હતી. બીજી બાજુ મનુની તો મનોકામના પૂરી થઈ ગઈ છે, તેની ખુશી જોવા જેવી હતી.

## ૧૩ વર્ષથી ઉપેક્ષા : રાજસ્થાન સરકારોએ કેવી રીતે SC/ST એક્ટનું ઉલ્લંઘન કર્યું

### RTI ડેટા દર્શાવે છે કે દ્વિ-વાર્ષિક આદેશ હોવા છતાં રાજસ્થાનની SC/ST તકેદારી સમિતિ ૧૩ વર્ષમાં માત્ર બે વાર મળી હતી

(એજન્સી) તા.૩૦

માહિતી અધિકાર (RTI) કાયદા હેઠળ ખુલાસો થયો છે કે, સીમાચિહ્નરૂપ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ના ઉલ્લંઘનમાં રાજસ્થાનમાં રાજ્ય સ્તરની તકેદારી અને દેખરેખ સમિતિ, જે વર્ષમાં બે વાર મળવાનું ફરજિયાત છે, તેણે ૨૦૧૦થી માત્ર બે બેઠકો બોલાવી છે.

એસસી/એસટી એક્ટનો નિયમ ૧૬ રાજ્યના મુખ્યમંત્રીની અધ્યક્ષતાવાળી આ સમિતિને અત્યાચાર નિવારણ અધિનિયમની જોગવાઈઓના અમલીકરણની સમીક્ષા કરવાનું કામ કરે છે.

આ RTI તારણો ભારત સરકાર દ્વારા સંસદમાં રજૂ કરાયેલા તાજા ડેટા સાથે સુસંગત છે જેમાં ૨૦૧૮ અને ૨૦૨૨ની વચ્ચે સમગ્ર દેશમાં કેવી રીતે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) સામેના ગુનાઓમાં તીવ્ર વધારો થયો છે તેની વિગતો આપે છે. રાજસ્થાનમાં ખાસ કરીને આ બંને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો સામેના અત્યાચારના કેસ આ સમયગાળા દરમિયાન બમણા થઈ ગયા છે, જે ૨૦૧૮માં ૪૬૦૭થી વધીને ૨૦૨૨માં ૮૭૫૨ થઈ ગયા છે, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ જેવા રાજ્યો આ સમયગાળા દરમિયાન SC અને ST સમુદાયો સામેના અપરાધોના ચાર્ટમાં અગ્રેસર છે.

RTI ડેટા મુજબ રાજસ્થાનમાં રાજ્ય સ્તરની તકેદારી અને દેખરેખ સમિતિની પ્રથમ બેઠક ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ યોજાઈ હતી અને બીજી બેઠક ૧૩ વર્ષના અંતરાલ પછી ૮ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ થઈ હતી. બંને પ્રસંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ગેહલોત મુખ્યમંત્રી હતા.

અન્ય રાજ્યો જેવા કે યુપી, એમપી અને ઓડિશામાં સરકારો પાસે દાખલ કરાયેલી આરટીઆઈ વિનંતીઓનો-જેમાં એસસી અને એસટી સામે અત્યાચારના ઉચ્ચ કેસ નોંધાયા છે - આ અહેવાલ લખ્યા ત્યાં સુધી જવાબ મળ્યો નથી.

**SC/ST એક્ટ અને તકેદારી અને દેખરેખ સમિતિની ભૂમિકા** :- SC/ST અધિનિયમ ભારતની સંસદ દ્વારા ૧૧ સપ્ટેમ્બર




૧૯૮૯ના રોજ ઘડવામાં આવ્યો હતો અને તેના નિયમો ૩૧ માર્ચ ૧૯૯૫ના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. કાયદાના નિયમો ૧૬ અને ૧૭ રાજ્ય અને જિલ્લા સ્તરની તકેદારી અને દેખરેખ સમિતિઓની રચના માટે આધાર રાખે છે.

૨૫થી વધુ સભ્યોની બનેલી આ સમિતિની અધ્યક્ષતા રાજ્યના મુખ્યમંત્રી કરે છે.

અન્ય સભ્યોમાં ગૃહ પ્રધાન, નાણા પ્રધાન, કલ્યાણ પ્રધાન, SC અને ST સમુદાયોના ચૂંટાયેલા સંસદસભ્યો (MPs) અને રાજ્ય વિધાનસભા (MLAs), મુખ્ય સચિવ, ગૃહ સચિવ, પોલીસ મહાનિર્દેશક (DGP) અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટેના રાષ્ટ્રીય આયોગના ડિરેક્ટર શામેલ છે.

નિયમો આગળ આદેશ આપે છે :- 'ઉચ્ચ શક્તિની તકેદારી અને દેખરેખ સમિતિ એક કેલેન્ડર વર્ષમાં ઓછામાં ઓછી બે વાર, જાન્યુઆરી અને જુલાઈ મહિનામાં એક્ટની જોગવાઈઓના અમલીકરણ અને પીડિતોને આપવામાં આવતી રાહત અને પુનર્વસન સુવિધાઓ અને તેની સાથે જોડાયેલ અન્ય બાબતો અધિનિયમ હેઠળના કેસોની કાર્યવાહી, અધિનિયમની જોગવાઈઓના અમલીકરણ માટે જવાબદાર વિવિધ અધિકારીઓ/એજન્સીઓની ભૂમિકા અને રાજ્ય સરકાર દ્વારા પ્રાપ્ત થયેલા વિવિધ અહેવાલોની સમીક્ષા કરવા મળવી જોઈએ.રૂ રાજસ્થાન સ્થિત સામાજિક કાર્યકર્તા ભંવર મેઘવંશીએ જણાવ્યું હતું કે, આ તારણો દર્શાવે છે કે સરકાર એટ્રોસિટી એક્ટના અમલીકરણ અંગે કેટલી ગંભીર નથી. મેઘવંશીએ મીડિયાને જણાવ્યું કે, 'આ તો માત્ર પાશેરામાં પહેલી પૂણી છે. સરકાર કે પોલીસ સહિત વહીવટીતંત્ર એટ્રોસિટી એક્ટના અમલ માટે ગંભીર નથી. મોટાભાગના કિસ્સાઓમાં, જો તમે તપાસ અધિકારીઓ સાથે વાત કરો છો, તો તમને ખબર પડશે કે દરેક તપાસ કેવી રીતે શરૂ થાય છે. જ્યાં પોલીસ માને છે કે કેસ ખોટો છે અને દલિતો કાયદાનો દુરૂપયોગ કરી રહ્યા છે.'

**તેમણે ઉમેર્યું** :- 'અધિનિયમ દલિતો અને આદિવાસીઓને તેમના અધિકારોથી વાકેફ કરવા માટે એક માળખું મૂકે છે. તે સત્તામાં રહેલા લોકોને લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે ફરજિયાત બનાવે છે, પરંતુ અનુગામી રાજ્ય સરકારો આમ કરવામાં નિષ્ફળ રહી છે અને જ્યારે આવી બેઠકો થતી નથી ત્યારે જવાબદારી અને પ્રતિબિંબ માટે કોઈ અવકાશ નથી.'

**'સ્પષ્ટ અવમાનના'** :- આદર્શરીતે માર્ચ ૧૯૯૫માં નિયમોની અધિસૂચનાથી, સમિતિએ ૫૯ વખત બેઠક યોજવી જોઈએ જ્યારે તે વાસ્તવમાં બે વખત મળી હતી. ૨૦૧૫માં દલિત અધિકારો માટે કેન્દ્ર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીનો જવાબ આપતા, રાજસ્થાન હાઈકોર્ટે રાજ્ય સરકારને '૧૯૯૫ના નિયમોના નિયમો ૧૭ અને ૧૬ અનુસાર જિલ્લા અને રાજ્ય સ્તરની તકેદારી અને દેખરેખ સમિતિની રચના કરવાનો નિર્દેશ આપ્યો.' મીડિયા સાથે વાત કરતા રાજસ્થાનમાં દલિત અધિકારોના કેન્દ્રના ડિરેક્ટર સતીશ કુમારે ધ્યાન દોર્યું હતું કે, રાજસ્થાન સરકારની તકેદારી અને દેખરેખ સમિતિની નિયમિત બેઠકો યોજવામાં નિષ્ફળતા એ કોર્ટનો સીધો તિરસ્કાર છે. કુમારે કહ્યું કે, '૨૦૧૫માં અમારી અરજીના જવાબમાં હાઈકોર્ટે સરકારને આ સમિતિની રચના કરવાનું કહ્યું હતું જો તેણે પહેલાથી સમિતિની રચના ન કરી હોય. સરકાર તેથી કોર્ટના આદેશનું સીધું ઉલ્લંઘન કરી રહી છે.'

**રાજસ્થાનમાં જાતિ અપરાધો** :- રાજસ્થાનમાં જાતિય અત્યાચારના કિસ્સાઓ અવારનવાર હેડલાઈન્સ બને છે.

૨૦૨૨માં જાલોરના નવ વર્ષીય દલિત છોકરા ઈન્દ્ર મેઘવાલનું કથિત રીતે શાળામાં માત્ર ઉચ્ચ જ્ઞાતિઓ દ્વારા વપરાતા વાસણમાં પાણી પીવા બાબતે તેના શિક્ષક દ્વારા માર મારવામાં આવતા મૃત્યુ થયું હતું. તે જ વર્ષે, ૨૮ વર્ષીય જિતેન્દ્ર મેઘવાલને પાલી જિલ્લામાં કથિત રીતે મૂછો રાખવાના કારણે છરા મારવામાં આવ્યો હતો. કાર્તિક ભીલ, સિરોહા જિલ્લાના એક આદિવાસી કાર્યકર, સ્થાનિક ધારાસભ્ય દ્વારા ભાડે રાખેલા માણસો દ્વારા કથિત રીતે નિર્દયતાથી હુમલો કર્યાના થોડા દિવસો પછી મૃત્યુ પામ્યા હતા.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના ડેટા મુજબ રાજસ્થાનમાં SC અને ST સામેના ગુનાના દરમાં ૨૦૧૮-૨૦૨૨ વચ્ચે સતત વધારો જોવા મળ્યો છે. અપરાધ દર એક લાખ વસ્તી દીઠ ગુનાઓની સંખ્યાને દર્શાવે છે.

અનુસૂચિત જાતિના કિસ્સામાં જ્યારે ગુનાનો દર ૨૦૧૮માં ૩૭.૭થી વધીને ૨૦૨૨માં ૭૧.૬ થયો હતો, ત્યારે દોષિત ઠરાવાનો દર ૨૦૧૮માં ૪૩.૬ ટકાથી ઘટીને ૨૦૨૨માં ૩૯.૫ ટકા થયો હતો.

એસટી સામેના અત્યાચાર સંબંધિત કેસોમાં ગુનાનો દર ૨૦૧૮માં ૧૧.૯થી વધીને ૨૦૨૨માં ૨૭.૩ થયો હતો. આ જ સમયગાળામાં ચાર્જશીટનો દર નીચો રહ્યો હતો અને માત્ર ૫૦ ટકા જેટલા કેસોમાં જ ચાર્જશીટ નોંધાઈ હતી. દોષિત ઠેરવવાનો દર સતત વધવા છતાં, નીચો રહ્યો.

## હું કંઈ નથી, ૩ વર્ષથી કોઈ પગાર મળ્યો નથી : મનુ ભાકરના કોચ જસપાલ રાણા

નવી દિલ્હી, તા.૩૦

ભારતની ટોચની શૂટર મનુ ભાકર પેરિસ ઓલિમ્પિકની ૧૦ મીટર એર પિસ્ટલ ફાઈનલમાં બ્રોન્ઝમેડલ જીતી ગૌરવ અનુભવે છે. જ્યારે તેના કોચ જસપાલ રાણા પોતાની આજીવિકા ચલાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. ટોક્યો ગેમ્સમાં પિસ્ટલ ખરાબ થઈ જવાના કારણે મનુના મેડલ જીતવામાં નિષ્ફળ રહ્યા બાદ મનુ અને જસપાલ વચ્ચે વિવાદ થઈ ગયો હતો પણ પેરિસમાં બંનેએ મળીને વિવાદ ઉકેલ્યો. મનુનું લક્ષ્યાંક ભારત માટે મેડલોની સંખ્યામાં વધારો કરવાનું છે. જ્યારે રાણા પોતાના માટે પૂર્ણકાલીન નોકરી શોધવા ઈચ્છુક છે જેમાં તેમને માસિક પગાર મળે. જે છેલ્લા ત્રણ વર્ષથી મળ્યો નથી. તેમણે કહ્યું ટોક્યો બાદ જ્યારે હું ત્યાં હાજર ન હતો, જે લોકોએ મારી સાથે દુર્વ્યવહાર કર્યો. મને વિલન બનાવ્યો. તેઓ હવે મારૂં ઈન્ટરવ્યુ લેવા માંગે છે. ઈન્ટરવ્યુ આપવામાં કોઈ સમસ્યા નથી પણ શું તે લોકો મારા જીવનમાં થયેલા નુકસાનની ભરપાઈ કરી શકશે. મનુને આખરે ઓલિમ્પિક મેડલ જીતતા જોઈ રાણા ખુશ છે પણ તેમણે આ પણ ખુલાસો કર્યો છે કે છેલ્લા ત્રણ વર્ષમાં ના તો નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (NRAI) અને ના તો દેશની કોઈ અન્ય ખેલ સંસ્થાએ તેને કોઈ વેતન આપ્યું છે. હાલમાં રાણાનું મુખ્ય ધ્યાન નોકરી શોધવા પર છે. હું કંઈ નથી. મેં તો એક કામ કર્યું જેમાં મનુ ઈચ્છતી હતી કે હું તેની મદદ કરૂં પણ શું લોકોને ખબર છે કે છેલ્લા ત્રણ વર્ષથી મને નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા અથવા કોઈ અન્ય એજન્સી તરફથી કોઈ માસિક વેતન મળ્યું નથી. હું ખૂબ જ ખુશ છું કે મનુને બતાવું કે તે શું કરી શકે છે. જસપાલે પ્રમાણિકતાથી કહ્યું કે, મારે ભારત પરત જઈ નવેસરથી શરૂઆત કરવાની છે, મારે પૈસા કમાવવા કોઈ નોકરી શોધવાની છે.

## યુકેની ૧૭ વર્ષની વિદ્યાર્થિનીએ યુરોપિયન ઈન્ફોર્મેટિક્સ ઓલિમ્પિયાડમાં ટીમ ઈન્ડિયા માટે સિલ્વર મેડલ જીત્યો

લંડન, તા.૩૦

લંડનની એક ૧૭ વર્ષિય વિદ્યાર્થિનીએ નેધરલેન્ડમાં યુરોપિયન ગર્લ્સ ઓલિમ્પિયાડ ઈન ઈન્ફોર્મેટિક્સ (ઈઝીઓઆઈ)માં ટીમ ઈન્ડિયા માટે સિલ્વર મેડલ જીત્યો છે. જ્યાં ભારતીય ટીમે બે બ્રોન્ઝમેડલ અને એક સન્માનજનક ઉલ્લેખ સાથે તેનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. ડુલવિચ સ્થિત એલેન્સ સ્કૂલની વિદ્યાર્થિની સાન્યા ગોયલ, કોમ્પ્યુટર વિજ્ઞાનમાં રસ



ધરાવનારી યુવા મહિલાઓ માટે આયોજિત પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ૫૦ દેશોની ટોચની કેડર્સ સાથે હરીફાઈ કરી રહી હતી જે સપ્તાહના અંતે વેલ્ડહોવરમાં સમાપ્ત થઈ.

ગણિતની ઉત્સાહીએ ટીમો માટે નિર્ધારિત પડકારોની જોડીને તોડવા માટે નવીન ઉકેલો સાથે આવવા માટે સમસ્યા હલ કરવાની માનસિકતાનો ઉપયોગ કર્યો. ગોયલે કહ્યું કે એવા સમયે ઈન્ફોર્મેટિક્સમાં ગર્લ્સ ઓલિમ્પિયાડમાં ભારત માટે સિલ્વર મેડલ જીતવા બદલ ખૂબ જ ગર્વ અનુભવું છું. જ્યારે સ્પર્ધાત્મક પ્રોગ્રામિંગ સમગ્ર વિશ્વમાં ખાસ કરીને ભારતમાં સૌથી લોકપ્રિય રમત તરીકે ઉભરી રહી છે. હરીફાઈમાં પાંચ કલાકના બે સેશનનો સમાવેશ થતો હતો અને દરેક સેશનમાં અમને ઉકેલ માટે ચાર સમસ્યાઓ આપવામાં આવતી હતી. સમસ્યાઓ જટિલ હોય છે. પાંચ કલાક ખૂબ જ ઝડપથી પસાર થઈ જાય છે અને આ સમય પૂરતો નથી તેમ તેણીએ જણાવ્યું હતું.

## દલિતો, મુસ્લિમો, આદિવાસીઓને રાજ્યના અત્યાચારનો સામનો કરવો પડી રહ્યો છે

### 'હાઉ લોંગ કેન ધ મૂન બી કેડ'માં સુચિત્રા વિજયન અને ફ્રાન્સેસ્કા રેચિયા રાજકીય કેદીઓના અનુભવો દ્વારા વર્તમાન ભારતનું વર્ણન કરે છે

(એજન્સી) તા.૩૦

અમે જેની સાથે વાત કરી એવા એક દલિત કાર્યકર્તાએ કહ્યું કે મોટા ભાગના લોકો રાજ્યમાં દલિતો, આદિવાસીઓ અને મુસ્લિમો સાથે વાત કરતાં નથી. તેણીએ અમને કહ્યું કે રાજ્ય હંમેશા અમારી સાથે ખરાબ વર્તન કરે છે. સત્તામાં કોણ છે તેનાથી કોઈ ફરક પડતો નથી; અમારા પર થતાં જુલમ અટકતા નથી. કબીર કલા મંચ (KKM) – ૨૦૦૨ ના ગુજરાત નરસંહારના પગલે સ્થાપવામાં આવેલ એક કલાકારોનું સામૂહિક જુથ છે – જે વિલાસ ઘોગરે અને અન્ય કવિઓ અને ક્રાંતિકારી નેતાઓની પરંપરાને અનુસરે છે જે કવિતાનો ઉપયોગ જાતિ વિરોધી સાધન તરીકે કરે છે. રમાબાઈ નગર ગોળીબાર પછી, ખેરલાંજી હત્યાકાંડ દલિત રાજકીય એકત્રીકરણમાં બીજી નિર્ણાયક ક્ષણ બની ગયું અહતું. એક દલિત પરિવાર પર ક્રૂર બળાત્કાર અને લિંચિંગના સમાચાર ફેલાતાં મહિનાઓ લાગ્યા કારણ કે મુખ્ય પ્રવાહના કોઈપણ મીડિયાએ આ હત્યાકાંડ અંગે અહેવાલ આપ્યો નથી. દલિત સંગઠનોએ વિરોધ કર્યો, અરજીઓ દાખલ કરી અને પીડિતોના મૃતદેહોના ફોટા દલિત બસ્તીઓની દિવાલો પર ચોંટાડી દેવામાં આવ્યા. તે પછી રાજ્ય ઝડપથી એક્શનમાં આવી ગયું, અને પોલીસ કવર-અપ અને અમલદારશાહીના ગેરવહીવટથી ન્યાય અશક્ય બની ગયો હતો. કેકેએમ ની મુખ્ય ગાયિકા શિતલ સાઠેએ કહ્યું કે તેઓ ખૈરલાંજી હત્યાકાંડની નિર્દયતાને સમજી શક્યા નથી. દીપક ખેંગલેએ જણાવ્યું હતું કે ભયાનક ઘટના અને ગુસ્સાએ કેકેએમ ગીતો, રાજકારણ અને જીવનને બદલી નાખ્યું હતું. ખેરલાંજી પછી, અત્યાચારો વધતા જ ગયા અને તેમના ગીતો 'દે દલિતા થોકા' (દલિતો સામે લડવા!) અને 'દલિતા, હલ્લા બોલ' (દલિતો, તૈયાર થાઓ), 'આ લોકશાહી તમારા માટે નથી; / આ ન્યાયતંત્ર તમારા માટે નથી. આ ન્યાયતંત્ર તમારા માટે નથી; / આ શાસન તમારા માટે નથી એવા ગીતો લખવામાં આવ્યા હતા.

KKMએ તેમના ગીતો અને પ્રદર્શન દ્વારા આ પ્રશ્નો પૂછ્યા કે: 'જો આપણે આપણા મનની વાત ન કરી શકીએ તો આ લોકશાહીનો શું લાભ છે? કોઈ અમારા અધિકારો વિશે વાત કરવા માંગતું નથી.' જેમ જેમ તેમની લોકપ્રિયતા વધતી ગઈ, તેમ તેમ કોંગ્રેસની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર રાજ્ય સરકારે સ્થાનિક અખબારોમાં KKM સહિત સાડત્રીસ સંસ્થાઓ અને કાર્યકરોની 'હિટ લિસ્ટ' પ્રકાશિત કરી, તેમને નક્સલવાદી તરીકે લેબલ કર્યા. પોલીસે જૂથને દેખરેખ હેઠળ રાખ્યું, તેમના પુસ્તકોની દુકાનો પર દરોડા પાડવામાં આવ્યા અને તેમના પુસ્તકો જપ્ત કરવામાં આવ્યા. ૨૦૧૧ માં, દીપક ખેંગલે અને સિદ્ધાર્થ ભોસલેની આતંકવાદી કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી, અને શીતલ સાઠે, સાગર ગોરખે, રમેશ ગાયચોર અને સચિન માલીને પોલીસની ધમકીઓ પછી ભૂગર્ભમાં ફરજ પાડવામાં આવી હતી. રમેશ ગાયચોરની ૨૦૧૨ માં ધરપકડ કરવામાં આવી હતી. સાઠેને ૨૦૧૩ ના અંતમાં માનવતાના આધારે જામીન આપવામાં આવ્યા હતા જ્યારે તેણીની ગર્ભાવસ્થા લગભગ સાડા આઠ મહિનાની હતી, જ્યારે અન્ય ત્રણ લોકો વધુ ચાર વર્ષ સુધી જેલમાં રહ્યા હતા.

કસ્ટડીમાં તેઓને ત્રાસ આપવામાં આવ્યો હતો, માર મારવામાં આવ્યો હતો, તેના હાથ-પગ દોરડાથી બાંધીને તેઓને છત પરથી લટકાવી દેવામાં આવ્યા હતા. ૨૦૧૧ અને ૨૦૧૫ ની વચ્ચે, રાજ્ય ખેંગલે વિરુદ્ધ એક પણ સાક્ષી રજૂ કરી શક્યું નહીં. તેમણે કહ્યું હતું કે, જો આપણે ખેડૂતની આત્મહત્યા અને કુપોષણ વિશે વાત કરીએ તો તેઓ અમને નક્સલવાદી કહે છે... અમે દલિત વિશે વાત કરીએ છીએ તો તેઓ અમારી ધરપકડ કરે છે. ગીતો અને શેરી નાટક શસ્ત્રો બની જાય છે અને કલાકારોને આતંકવાદી ગણવામાં આવે છે ત્યારે તે રાજ્ય વિશે શું કહી શકાય છે? રાજ્ય શું છુપાવી રહ્યું છે? તે શા માટે મૌન છે? દલિત સામાજિક કાર્યકર્તા અને વિદ્રોહીના સંપાદક સુધીર ધવલેની ૨૦૧૧ માં માઓવાદીઓ સાથેના કથિત સંબંધો બદલ ધરપકડ કરવામાં આવી હતી. ત્રણ વર્ષ જેલમાં રહ્યા બાદ તેને તમામ આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો.

તેમણે કહ્યું કે, અસંમત અવાજો દબાવી દેવામાં આવે છે. વિરોધ રેલીઓમાં ભાગ લેનારામાંથી ઘણા લોકો સામે કેસ નોંધવામાં આવ્યા છે. અમને 'નક્સલી' તરીકે ઓળખવામાં આવ્યા હતા. ભારતીય રાજ્યએ હંમેશા નક્સલવાદી ખતરાનો સામનો કરવા માટે ગેરકાયદેસર પગલાંનો આશરો લીધો છે, જેમાં ન્યાયહીન સજા, ત્રાસ અને બળજબરીથી ગુમ થવાનો સમાવેશ થાય છે. આ પોલીસ અત્યાચારનો સૌથી વધુ ભોગ આદિવાસી અને દલિત સમુદાયના મજૂરો અને ખેડૂતો બને છે. નક્સલવાદી આતંકવાદ સામે લડવાની ઝુંબેશના ભાગરૂપે ઘણીવાર નક્સલવાદી સહાનુભૂતિ ધરાવતા, ગ્રામીણ કાર્યકરો અને મજૂરો પર હુમલો કરવામાં આવે છે. ભારતના નવા રાષ્ટ્રીય સુરક્ષા રાજ્યમાં, પોલીસ અધિકારીઓ જીવન અને



મૃત્યુ પર સંપૂર્ણ અને નિરંકુશ સત્તા ધરાવે છે. આદિવાસીઓ અને ખેડૂતોની હત્યાનો રેકોર્ડ ધરાવતા વરિષ્ઠ પોલીસ અધિકારીઓ નિયમિતપણે પ્રમોશન, રોકડ પુરસ્કારો અને અનુકૂળ પોસ્ટિંગ મળે છે. ભ્રષ્ટાચાર, સામાજિક અસમાનતા, ગરીબોનું શોષણ વગેરે વિશે બોલવું અને એક સારો સમાજ અસ્તિત્વમાં આવે તેવી ઈચ્છા રાખવા પર આપણા દેશમાં પ્રતિબંધ નથી અને તેને સજાપાત્ર બનાવી શકાય નહીં.' લોકોએ એકઠા થવું, વિરોધ કરવું અને શાંતિ સાથે બોલવાના કૃત્ય માટે પણ ખૂબ જ ટૂંક સમયમાં દંડ આપવામાં આવશે.

## ચમોલી જિલ્લામાં દલિતને ત્રાસ આપવા પર આરોપીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે સીપીએમનું પ્રતિનિધિમંડળ પોલીસ હેડક્વાર્ટર પહોંચ્યું

**ચમોલી જિલ્લાના સુભાઈ ગામમાં દલિત ઉત્પીડનના કેસમાં આરોપીઓ સામે કડક કાર્યવાહી અને આરોપીઓની ધરપકડની માંગ કરવા માટે માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીનું પ્રતિનિધિમંડળ દહેરાદૂનમાં પોલીસ હેડક્વાર્ટર પહોંચ્યું હતું અને તેઓ ઉત્તરાખંડના (ગુના અને કાયદો અને વ્યવસ્થાના) ઉચ્ચ પોલીસ મહાનિર્દેશક એ.પી. અંશુમનને મળ્યા હતા, પ્રતિનિધિમંડળે પીડિતના પરિવારને સુરક્ષા આપવાની પણ માંગ કરી હતી**

(એજન્સી) તા.૩૦

પ્રતિનિધિમંડળના જણાવ્યા અનુસાર, ચમોલી જિલ્લામાં જોશીમઠના સુભાઈ ચાચડી ગામમાં ઢોલ ન વગાડવાના કારણે દલિત યુવક પર ગુસ્સે થઈને ગામના ગુંડાઓએ તેના પર ૫૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ સાથે તમામ દલિત પરિવારો માટેનો પાણી પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. પ્રતિનિધિમંડળે ગુનેગારોને પકડીને જેલમાં મોકલવાની માંગ કરી હતી. આ સાથે પીડિતના પરિવારને સુરક્ષા આપવાની માંગ કરવામાં આવી હતી. પ્રતિનિધિ મંડળના જણાવ્યા અનુસાર આ ચમોલી જિલ્લામાં બૈસાખી મેળાનું આયોજન થવાનું હતું. જેમાં ગામના અનુસૂચિત જાતિના યુવક પુષ્કર લાલને ઢોલ વગાડવાની જવાબદારી સોંપવામાં આવી હતી. તેને આખી રાત ઢોલ વગાડવાનો હતો, પરંતુ તબિયત ખરાબ હોવાને કારણે તે માત્ર બે કલાક જ ઢોલ વગાડી શક્યો હતો. આના પર ઉચ્ચ જાતિના ગુંડાઓ અને મનુવાદી વિચારધારા ધરાવતા લોકોએ પંચાયત યોજી અને ઢોલ વગાડનારને પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ દંડ ભરવા છતાં પુષ્કરલાલ અને તેમના પરિવાર સહિત તમામ અનુસૂચિત જાતિના પરિવારોએ બહિષ્કાર કરવામાં આવ્યો હતો. તેમજ તેમની પાણીની સુવિધા પણ બંધ કરી



દેવામાં આવી હતી. પ્રતિનિધિ મંડળે જણાવ્યું કે, આ એક ગંભીર ગુનો છે. મનુવાદી વિચારધારા ધરાવતા લોકો સામે આજ સુધી કોઈ યોગ્ય પગલાં લેવાયા નથી.

એડીડી(ADD)ને આપવામાં આવેલા નિવેદનમાં પાર્ટીએ કહ્યું કે, સુપ્રીમ કોર્ટે દાયકાઓ પહેલા કફિલ્તા દલિતોના સામૂહિક હત્યાકાંડના દોષિતોને સજા આપી છે. આપણા રાજ્યમાં આવી ડઝનબંધ ઘટનાઓ બની છે. ગયા વર્ષે પુરોલામાં હિંદુવાદી માનસિકતા ધરાવતા લોકોના કારણે લઘુમતી સમુદાયને પુરોલા છોડવાની ફરજ પડી હતી. હલ્દવાનીના વનફુલપુરાની ઘટનાએ સમગ્ર દેશમાં આપણા રાજ્ય ઉત્તરાખંડની છબી પણ ખરાબ કરી છે. આપણા રાજ્યમાં એક પછી એક બનતી ઘટનાઓ દર્શાવે છે કે આ અસામાજિક તત્વોને સરકાર તરફથી રક્ષણ મળી રહ્યું છે.

મેમોરેન્ડમમાં ઉમેરવામાં આવ્યું કે, તાજેતરમાં નવાદા દેહરાદૂનમાં અસામાજિક તત્વોએ ધર્મ પરિવર્તનના નામે એક ખ્રિસ્તી પરિવારના ઘરમાં તોડફોડ કરી હતી. પોલીસ આ આરોપીઓની ધરપકડ કરતી નથી, જે પોલીસ પ્રશાસન પર સરકારનું દબાણ દર્શાવે છે. થોડા દિવસો પહેલા હરિદ્વારમાં ગુંડાઓ દ્વારા દલિત મહિલા પર સામૂહિક બળાત્કારની ઘટના અને હત્યામાં સંડોવાયેલા લોકોની ધરપકડ ન કરવના સમાચાર પણ આવ્યા હતા, જે નિંદનીય છે.

પાર્ટીએ મેમોરેન્ડમમાં કહ્યું કે, જોશીમઠ ઘટનાના દોષિતોની ધરપકડ કરીને તેમને સજા કરવી જરૂરી છે જેથી રાજ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય. પીડિત પરિવારોને યોગ્ય ન્યાય આપવામાં આવે તેવી માંગ કરીએ છીએ. પીડિતની જાન-માલની સુરક્ષાની સાથે-સાથે વિસ્તારમાં શાંતિ સ્થાપવામાં આવે. આ પ્રતિનિધિમંડળમાં CPI(M)ના રાજ્ય સચિવ રાજેન્દ્ર સિંહ નેગી, સુરેન્દ્ર સિંહ સજવાન, લેખરાજ, મનમોહન રૌતેલા સામેલ હતા.


**PUBLIC NOTICE**

Notice is hereby given that share cert. no. 65403, dist. no. 19804281 to 19804810 for 530 Sh. and cert. no. 953747, dist. no. 5831524561 to 5831524613 for 53 Sh. under Folio no. 1072958 in name of Anchal Kapoor issued by ICICI Bank Ltd. have been lost & I have applied to Company to issue duplicate certs. Any person who has a claim in respect of the said shares should lodge such claim with the Co. at its Regd. Off. at ICICI Bank Tower, Near Chakli Circle, Old Padra Road, Vadodara 390007 within 15 days from this date, else the Co. will proceed to issue duplicate certs. without further intimation.

ANCHAL KAPOOR



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

IDFC FIRST Bank

**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792**

**રજિસ્ટર્ડ ઓફિસ** : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.

ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ**

નીચેના દેણદારો અને સહ-દેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ-દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 81372884 | હોમ લોન | ૧. ભાવેશકુમાર લવજીભાઈ ચૌધરી<br>૨. ભીખીબેન લવજીભાઈ ચૌધરી | ૦૯.૦૩.૨૦૨૪ | ભા.રૂ. ૯,૯૯,૩૭૬.૩૦/- |

**મિલકતનું સરનામું** : તે તમામ ભાગ અને હિસ્સાઓ જમીન સાથે ઊભેલ માળખા જેની રેસિડેન્શિયલ મિલકત રાણપુર ગ્રામ પંચાયતની મિલકત નં.૬૨૦ની બહાર અને એસેસમેન્ટ સિરીયલ નં.૬૩૧, જૂના ગામતળમાં, કુલ ક્ષેત્રફળ ૧૨૦૦.૦૦ ચો.ફૂટ, સ્થિત ચૌધરીવાસની સીમમાં, અત્રે રાણપુર, તા. સતલાસણા, જિ. મહેસાણા, રાજ્ય : ગુજરાત-૩૮૪૩૪૦, અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : પબ્લિક રોડ, પશ્ચિમ : ખુલ્લો પ્લોટ, ઉત્તર : ચૌધરી રઘજીભાઈ ઉમેદભાઈનું ઘર, દક્ષિણ : હિશભાઈ રામજીભાઈનું ઘર**

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 2 | 25155499 | મિલકત સામે લોન | ૧. વિજયસિંહ બાલસિંહ રાઠોડ<br>૨. રાઠોડ બાલસંગ વલસંગ<br>૩. રાઠોડ મનીષાબેન વિજયસિંહ | ૨૫.૦૫.૨૦૨૪ | ભા.રૂ. ૨,૧૯,૯૬૧.૧૩/- |

**મિલકતનું સરનામું** : તે તમામ ભાગ અને હિસ્સાઓ જમીન સાથે ઊભેલ માળખા જેની રેસિડેન્શિયલ મિલકત ફતેપુરા-જવાનપુરા ગ્રામ પંચાયતની મિલકત નં.૨૦ની બહાર અને એસેસમેન્ટ સિરીયલ નં.૧, જૂના ગામતળમાં, કુલ ક્ષેત્રફળ ૫૬૦ ચો.ફૂટ, સ્થિત ઠાકોરવાસની સીમમાં, અત્રે ફતેપુરા(જવાનપુરા), તા. સતલાસણા, જિ. મહેસાણા, રાજ્ય : ગુજરાત-૩૮૪૩૬૦, અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ખુલ્લી જમીન, પશ્ચિમ : ખુલ્લી જમીન, ઉત્તર : અમરસિંહનું ઘર, દક્ષિણ : કાલુસિંહનું ઘર**

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોકત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

**તા. : ૩૧.૦૭.૨૦૨૪**
**સ્થળ : ગુજરાત**

# રખડતા ઢોરોએ આખા દેશને 'ચોકીદાર' બનાવી દીધો છે : ડિમ્પલ યાદવ

## કેન્દ્રીય બજેટ પરની ચર્ચા દરમિયાન યાદવે ખેડૂતો અને યુવાનોના અનેક દબાણયુક્ત મુદ્દાઓ પર વાત કરી અને પોતાના વચનો પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા પર સવાલ ઉઠાવ્યા હતા

(એજન્સી) તા.૩૦




સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવે સરકાર પર કટાક્ષ કરતા કહ્યું હતું કે આજે આખો દેશ "ચોકીદાર"માં ફેરવાઈ ગયો છે અને રખડતા ઢોરોના ત્રાસને કારણે લોકો ઊંઘી શકતા નથી, શું આ સમસ્યા હલ કરવા માટે કેન્દ્રીય બજેટમાં કોઈ જોગવાઈ છે? કેન્દ્રીય બજેટ પરની ચર્ચા દરમિયાન યાદવે ખેડૂતો અને યુવાનોના અનેક દબાણયુક્ત મુદ્દાઓ પર વાત કરી અને પોતાના વચનો પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા પર સવાલ ઉઠાવ્યા હતા. તેણીએ કહ્યું કે, આપણો દેશ એક કૃષિપ્રધાન રાષ્ટ્ર છે, અને જો આપણે આપણા યુવાનોના ભવિષ્યની ખાતરી ન કરી શકીએ, તો અમે અમારા ઉદ્દેશ્યથી ભટકી રહ્યા છીએ. યાદવે કૃષિ અને યુવા કલ્યાણને પ્રાથમિકતા આપવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. યાદવે ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના વચન પર પણ સવાલ ઉઠાવ્યા હતા અને કહ્યું કે, હું પૂછવા માંગું છું કે સરકારે બજેટમાં કૃષિ માટે શું ફાળવ્યું છે? ઉત્તર પ્રદેશને શું મળ્યું ? શું છેલ્લા ૧૦ વર્ષમાં એક પણ મંડી બનાવવામાં આવી છે? શું GSTમાંથી કોઈ રાહત મળી છે ? તેણીએ રખડતા ઢોરોના મુદ્દા પર કહ્યું કે તેના લીધે આખો દેશ "ચોકીદાર"માં ફેરવાઈ ગયો છે જેઓ ઊંઘી શકતા નથી કારણ કે તેઓને પ્રાણીઓની વધતી વસ્તીને કારણે તેમના ખેતરોની રક્ષા કરવાની ફરજ પડી છે. રખડતા ઢોરની સમસ્યાના નિરાકરણ માટે બજેટમાં કોઈ જોગવાઈ કરવામાં આવી છે ? ખેડૂતોની આત્મહત્યાઓ પર તેણીએ કહ્યું કે, ૨૦૨૦ અને ૨૦૨૧માં ત્રણ કૃષિ બિલના વિરોધમાં ૭૦૦ ખેડૂતોએ જીવ ગુમાવ્યા, અને ૨૦૧૪થી ૨૦૨૨ સુધીમાં એક લાખ ખેડૂતોએ આત્મહત્યા કરી. ખેડૂતોને વીમા યોજના પૂરી પાડવામાં આવે છે ? પશુઓની અર્થવ્યવસ્થા પડી ભાંગી રહી છે અને ફુગાવો વધી રહ્યો છે. તેમણે ૧૦૦ દિવસનું વેતન અને એકંદર બજેટમાં ૨૦ ટકા વધારો સુનિશ્ચિત કરવા માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA) માટે ફાળવણીમાં વધારો કરવા હાકલ કરી હતી. તેણીએ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)ના ભંડોળમાં સરકારના બજેટના ઘટાડા અંગે ટીકા કરીને શિક્ષણ બજેટમાં વધારો કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. યુવાનોની હતાશા વ્યક્ત કરતા યાદવે કહ્યું કે, રોજગારના વચનો યુવાનોને નિરાશ કરે છે. બેરોજગારી વધી રહી છે અને અગ્નિપથ જેવી યોજનાઓ તેમનું મનોબળ નબળું કરી રહી છે. સરકાર જાતિ ગણતરી અને મહિલાઓ સામેની હિંસા તરફ આંખ આડા કાન કરી રહી છે, જેમાં ઉત્તર પ્રદેશ ટોચ પર છે. મહિલાઓની સુરક્ષા માટે શું જોગવાઈઓ કરવામાં આવી છે ? યાદવે હેલ્થકેર બજેટની પણ ટીકા કરી હતી, જેની ફાળવણી જીડીપીના માત્ર ૧.૯ ટકા છે. તેણીએ કહ્યું કે, હેલ્થકેર એજન્ડા પર કોઈ ફોકસ કરવામાં આવ્યું નથી, અને અમે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યા છીએ. તેના માટે બજેટમાં માત્ર ૧.૯ ટકા છે. કેન્સરની દવાઓમાંથી મુક્તિ આપવી એ આવકારદાયક પગલું છે, પરંતુ ખૂબ નાનું પગલું છે. આરોગ્યસંભાળ કેન્દ્રોમાં માંગ અને પુરવઠા વચ્ચે મોટો તફાવત છે, અને ડોકટરો અને નર્સોની અછત છે. AIIMS સરળતાથી ચાલી રહી નથી, અને અધ્યાપન ફેકલ્ટીની અછત છે. તેણીએ જીડીપી પર ધ્યાન કેન્દ્રિત કરવા અને માથાદીઠ આવક અને જીવનધોરણ પર ધ્યાન આપવાની વાત કરી હતી. સુધારણા અને ઉત્ક્રાંતિના ફેરફારો ૧૧ વર્ષ પછી પણ આવી શકે છે, પરંતુ સરકાર તરફથી સમર્પણ અને એકાગ્રતા જરૂરી છે. ભૂતકાળને કંઈપણ બદલી શકતું નથી, પરંતુ સરકાર દ્વારા જવાબદાર વર્તન સુધારાત્મક ફેરફારો લાવી શકે છે.

# 'નવા કેન્દ્રશાસિત પ્રદેશ'ની માંગ અંગે પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીએ કહ્યું કે, 'તેમને વિભાજન કરવા દો, અમે પ્રતિકાર કરીશું...'

## બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળના અમુક જિલ્લાઓને વિભાજિત કરીને નવા કેન્દ્રશાસિત પ્રદેશની રચનાની માંગણીના ઝારખંડના ભાજપના લોકસભા સભ્ય નિશિકાંત દુબે દ્વારા કરાયેલા તાજેતરના નિવેદનને પગલે તેણીએ ટિપ્પણીઓ કરી છે

(એજન્સી) તા.૩૦



મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજ્ય વિધાનસભામાં કહ્યું છે કે તૃણમૂલ કોંગ્રેસ પશ્ચિમ બંગાળને વિભાજીત કરવાના તમામ પ્રયાસોનો પ્રતિકાર કરશે. તેમને બંગાળનું વિભાજન કરવા દો. અમે તેમને બતાવીશું કે તેનો પ્રતિકાર કેવી રીતે કરવો જોઈએ. મુખ્યમંત્રીએ વિધાનસભાના ચોમાસુ સત્રના છઠ્ઠા દિવસે સંબોધિત કરતા બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળના અમુક જિલ્લાઓને વિભાજિત કરીને નવા કેન્દ્રશાસિત પ્રદેશની રચનાની માંગણીના ઝારખંડના ભાજપના લોકસભા સભ્ય નિશિકાંત દુબે દ્વારા કરાયેલા તાજેતરના અવલોકનને પગલે ટિપ્પણીઓ કરી છે. મુર્શિદાબાદ વિધાનસભા ક્ષેત્રના ભાજપના ધારાસભ્ય, ગૌરીશંકર ઘોષે પણ નિશિકાંત દુબેની માંગને ટેકો આપ્યો હતો. મમતા બેનરજીએ જણાવ્યું હતું કે, શનિવારે તાજેતરમાં મળેલી નીતિ આયોગની બેઠકમાં, તેમણે ભારત-બાંગ્લાદેશ નદી આયોગની અનુરૂપ ભારત-ભૂતાન નદી આયોગની રચનાની માંગ ઉઠાવી હતી. મેં આ મુદ્દો વડાપ્રધાનની હાજરીમાં નીતિ આયોગની બેઠકમાં ઉઠાવ્યો છે. મેં નીતિ આયોગની બેઠકમાં હાઈલાઈટ કર્યું હતું કારણ કે પશ્ચિમ બંગાળનો આકાર હોડી જેવો છે, રાજ્યમાં પાણી ભરાઈ જવાની સમસ્યા છે. ભાજપ બાંગ્લાદેશ સાથે તિસ્તાના પાણીની વહેંચણી અંગે એકતરફી નિર્ણય લઈ રહી છે. અમે તેને ક્યારેય સ્વીકારીશું નહીં. મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકાર પર પૂર નિવારણના હેતુ માટે પડોશી રાજ્યોને નાણાં પૂરા પાડવાનો આરોપ મૂક્યો અને કહ્યું કે, પશ્ચિમ બંગાળ દર વર્ષે ફંડથી વંચિત રહે છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભા ચૂંટણીમાં ઉત્તર બંગાળમાંથી સારા પરિણામો મળ્યા હોવા છતાં, ભાજપ એ પ્રદેશના વિકાસની સંપૂર્ણ અવગણના કરી રહ્યું છે.

# રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ પહેલા નવી યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડવા જાહેરખબર પાછળ રૂા. ૨૭૦ કરોડ ખર્ચવાની મહારાષ્ટ્ર સરકારની

(એજન્સી) તા.૩૦



વિધાનસભાની ચૂંટણીઓ પહેલા મહારાષ્ટ્ર સરકારે 'મુખ્યમંત્રી લડકી બેહન' અને 'મુખ્યમંત્રી તીર્થ દર્શન' કાર્યક્રમ સહિત અનેક નવી યોજનાઓની જાહેરાત કરી છે. ૨૭૦.૦૫ રૂા.નો ખર્ચ કરવાનું આયોજન કર્યું છે. જાહેરાત ઝૂંબેશમાં સરકારી યોજનાઓ, વિકાસ પરિયોજનાઓ, નીતિ ધ્યેયો, મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ અને કલ્યાણ કાર્યક્રમોની શ્રેણી આવરી લેવામાં આવશે, માહિતી અને જનસંપર્ક વિભાગ અખબારો, ટેલિવિઝન, રેડિયો, આઉટડોર અને અન્ય માધ્યમો તેમજ સોશિયલ મીડિયામાં જાહેરાત માટે જવાબદાર રહેશે અને ડિજિટલ પ્લેટફોર્મ આ માધ્યમ દ્વારા માહિતી પ્રસારિત કરવાનું કાર્ય સંભાળશે.

# બજેટ સત્ર મધ્યે સંસદમાં સરકારના મંત્રીઓના પ્રતિભાવો કેન્દ્ર સરકારની કચેરીઓમાં મોટી સંખ્યામાં ખાલી પડેલી જગ્યાઓ અંગે નિર્દેશ કરે છે

## સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF) અને આસામ રાઈફલ્સ (AR)માં ૮૪,૧૦૬ જેટલી ખાલી જગ્યાઓ ભરવાની બાકી છે, જેમાં સેન્ટ્રલ યુનિવર્સિટીઓમાં અનુક્રમે ૧૬,૦૦૦ અને ૫૦૦૦ નોન-ટીચિંગ અને ટીચિંગ નોકરીઓ ખાલી છે

(એજન્સી) તા.૩૦



૨૨ જુલાઈથી શરૂ થયેલા વર્તમાન ચોમાસુ સત્ર દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા શેર કરવામાં આવેલા સંસદીય પ્રતિભાવો મુજબ લોકસભામાં મંત્રીઓ દ્વારા આપવામાં આવેલા જવાબો સરકારી નોકરીઓમાં ઘટાડો અને ખાલી જગ્યાઓનો મુદ્દો સામે આવ્યો હતો. આકસ્મિક રીતે ભારતીય રેલવે જેણે લાખો યુવા ભારતીયોને નોકરીની વિશાળ તકો પ્રદાન કરી છે, તેના પર વિરોધ પક્ષોએ તેની ભરતીમાં ઘટાડો કરવાનો આરોપ લગાવ્યો હતો. કોંગ્રેસ સાંસદ સુખદેવ ભગત દ્વારા રેલવેમાં ઘટતી ભરતી અંગે લોકસભામાં પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ૨૦૦૪થી ૨૦૧૪ વચ્ચે રેલવે દ્વારા ૫.૦૨૨ની સરખામણીમાં ૨૦૧૪ અને ૨૦૨૪ વચ્ચે ૪.૧૧ લાખ ભરતી કરવામાં આવી હતી. લાખો ભરતીઓ માટે મોટી સંખ્યામાં યુવાનો મર્યાદિત સંખ્યામાં પોસ્ટ માટે અરજી કરી રહ્યા છે. વૈષ્ણવ દ્વારા આપવામાં આવેલા જવાબ મુજબ ૧.૨૬ કરોડથી વધુ ઉમેદવારો માટે કમ્પ્યુટર આધારિત ટેસ્ટ (CBT) પરીક્ષા ૨૮/૧૨/૨૦૨૦થી ૩૧/૦૭/૨૦૨૧ સુધી ૭ તબક્કામાં ૨૧૧ શહેરોમાં અને બીજી CBT) પરીક્ષા ૧૭/૦૮/૨૦૨૨થી ૧૧/૧૦/૨૦૨૨ સુધી પાંચ તબક્કામાં ૧.૧ કરોડ ઉમેદવારો માટે ૧૯૧ શહેરોમાં લેવામાં આવી હતી. નોંધનીય છે કે, આ પરીક્ષાઓના આધારે ૨.૩૭ કરોડથી વધુ નોકરી અરજદારોમાંથી માત્ર ૧,૩૦,૫૮૧ ઉમેદવારોની આખરે રેલવેમાં ભરતી કરવામાં આવી હતી. મંત્રીએ એમ પણ કહ્યું કે, આ વર્ષે ગ્રુપ-સીની જગ્યાઓ માટે ચાર સેન્ટ્રલાઈઝ નોટિફિકેશન (CENs) દ્વારા જાન્યુઆરી અને માર્ચ વચ્ચે ૩૨,૬૦૩ ખાલી જગ્યાઓની જાહેરાત કરવામાં આવી છે. AIADMKના રાજ્યસભા સાંસદ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF)માં ખાલી જગ્યાઓ અંગે ૧ જુલાઈ, ૨૦૨૪ સુધીમાં CAPF અને આસામ રાઈફલ્સ (AR)માં કુલ ૧૦,૪૫,૭૫૧ પોસ્ટની મંજૂર સંખ્યા સામે ૮૪,૧૦૬ ખાલી જગ્યાઓ છે. તેમણે જણાવ્યું હતું કે, એપ્રિલ, ૨૦૨૩ અને ફેબ્રુઆરી, ૨૦૨૪ વચ્ચે ૬૭,૩૪૫ લોકોની ભરતી કરવામાં આવી હતી અને વધુ ૬૪,૦૯૧ ખાલી જગ્યાઓ જાહેર કરવામાં આવી છે અને તે ભરતી વિવિધ તબક્કામાં છે. રાયે જણાવ્યું હતું કે, સરકારે આ ખાલી જગ્યાઓ ઝડપથી ભરવા માટે અસરકારક પગલાં લીધા છે અને CAPFમાં કોન્સ્ટેબલ (જનરલ ડ્યુટી)/રાઈફલમેનની પોસ્ટ પર ભરતીમાં પૂર્વ અગ્નિવીરો માટે ૧૦% ખાલી જગ્યાઓ અનામત રાખવાનો નિર્ણય લીધો છે. કોન્સ્ટેબલ/જીડીની પોસ્ટ માટે અરજી કરનારા શોર્ટલિસ્ટ ઉમેદવારો માટે કટ ઓફ માર્ક્સ ઘટાડવા સાથે આવા ઉમેદવારોને ઉચ્ચ વય મર્યાદામાં છૂટછાટ અને શારીરિક કાર્યક્ષમતા કસોટીમાંથી મુક્તિની જોગવાઈ છે. કેરળના સીપીઆઈ(એમ) રાજ્યસભાના સાંસદ જહોન બ્રિટાસે કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં હાલની ખાલી જગ્યાઓ અને SC/ST/OBC ભરતી પરની વિગતો સહિત છેલ્લા ૩ વર્ષમાં હાથ ધરવામાં આવેલી નવી ભરતી અંગે શિક્ષણ પ્રધાનને શ્રેણીબદ્ધ પ્રશ્નો પૂછ્યા હતા. તેના પ્રતિભાવમાં શિક્ષણ રાજ્ય મંત્રી સુકાંત મજુમદારે ગૃહને માહિતી આપી હતી કે, કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં ૧૮,૯૪૦ અધ્યાપન પદો અને ૩૫,૬૪૦ બિન-શૈક્ષણિક પદોની મંજૂર સંખ્યાની સામે ૫૦૬૦ અધ્યાપન પદ અને ૧૬,૭૧૯ બિન-શિક્ષણ પદ ખાલી છે. ૧ એપ્રિલ મજુમદારે જણાવ્યું કે, ખાસ ભરતી અભિયાન દ્વારા ૯૬૫૦થી વધુ જગ્યાઓ (શિક્ષણ અને બિન-શિક્ષણ) ભરવામાં આવી છે જેમાંથી ૧૨૮૧ જગ્યાઓ અનુસૂચિત જાતિ (SCs) દ્વારા ૬૩૪ અનુસૂચિત જનજાતિ (ST) દ્વારા અને અન્ય પછાત વર્ગો (ઓબીસી) દ્વારા ૨૦૧૧ જગ્યાઓ ભરવામાં આવી છે. જો કે, શિક્ષણ મંત્રાલયના જવાબમાં વિનંતી મુજબ ભરતીની ચોક્કસ રાજ્ય-વાર અને શ્રેણી-વાર વિગતો આપવામાં આવી નથી. સંસદના સભ્યો દ્વારા પૂછવામાં આવેલા કેટલાક ચોક્કસ પ્રશ્નોના જવાબો મળ્યા ન હતા પરંતુ સામાન્ય અને અસ્પષ્ટ જવાબ આપવામાં આવ્યો હતો. કોંગ્રેસના સાંસદ મલ્લિકાર્જુન ખડગે દ્વારા રાજ્યસભામાં પૂછવામાં આવેલા પ્રશ્નમાં વડાપ્રધાન દ્વારા રોજગારમેળામાં મંત્રાલય મુજબ અને રાજ્યવાર આપવામાં આવેલા કુલ નિમણૂક પત્રોની વિગતો માંગવામાં આવી હતી, જેનો જવાબ મંત્રી દ્વારા આપવામાં આવ્યો હતો. સ્ટેટ ફોર પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સ એન્ડ પેન્શન અને વડાપ્રધાન કાર્યાલયે માત્ર ઉલ્લેખ કર્યો છે કે, નિમણૂકની વિગતો સંબંધિત મંત્રાલયો/વિભાગો/સંસ્થાઓ/રાજ્યો વગેરે દ્વારા જાળવવામાં આવે છે અને કેન્દ્ર સરકાર પાસે આવા ડેટાની એક્સેસ છે કે કેમ તે સ્પષ્ટ નથી. લોકસભાના સીપીઆઈ(એમ) સાંસદ અમરા રામ દ્વારા પૂછવામાં આવેલા એક પ્રશ્નમાં તેમણે કેન્દ્ર સરકાર અને જાહેર ક્ષેત્રના ઉપક્રમોના કાર્યાલયોમાં ખાલી પડેલી જગ્યાઓની સંખ્યા અને આ જગ્યાઓ ક્યારે ખાલી પડી છે તે વિશે પૂછ્યું અને જવાબમાં કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન માટેના રાજ્ય મંત્રી જિતેન્દ્રસિંહે માહિતી આપી હતી કે, વિવિધ મંત્રાલયો/વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓને ભરવી એ સતત પ્રક્રિયા છે. કેન્દ્ર સરકારના મંત્રાલયો/વિભાગોને સમય-સમય પર ખાલી પડેલી જગ્યાઓ સમયમર્યાદામાં ભરવા માટે નિર્દેશ આપવામાં આવ્યા છે. ૨૨મી ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ માનનીય વડાપ્રધાન દ્વારા શરૂ કરાયેલ રોજગારમેળામાં મિશન મોડમાં ખાલી જગ્યાઓ ભરવામાં આવી છે. વિવિધ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના ૪૫-૫૦ શહેરોમાં કેન્દ્રીય સ્તરે ૧૨ રોજગારમેળાઓ યોજવામાં આવ્યા છે.

# રાજસ્થાનના ગામડાના શિક્ષકો કહે છે કે, 'શાળાઓમાં ભણતી સગીર કન્યાઓનાં લગ્ન સામાન્ય બાબત છે, અમે તેના વિશે કંઈ ખાસ કરી શકતા નથી

(એજન્સી) તા.૩૦

આપણી રાજનીતિમાં કાયદાનું શાસન સ્થાપિત થયાના વર્ષો પછી પણ રાજસ્થાનના ગામડાઓમાં બાળલગ્નો થતા રહે છે. અહીંની એક સરકારી શાળાના વિદ્યાર્થીઓ પૈકી તેમના બે સાથીઓમાં નવપરિણીત કન્યા પણ હતી અને શિક્ષકોને બાળલગ્ન અંગે સ્પષ્ટ શંકા હતી, પરંતુ તેઓએ તેને અવગણવાનું પસંદ કર્યું હતું. ૧૫ અને ૧૬ વર્ષની વયની રાની અને પિંકી (નામ બદલ્યું છે)ના લગ્ન ૧૫ જુલાઈના રોજ હનુમાન જીકા ઝોપડા ગામમાં ધામધૂમથી કરવામાં આવ્યા હતા. અન્ય પછાત જાતિની આ બે બહેનો બુંદી જિલ્લાના હિંડોલી વિસ્તારની સરકારી શાળામાં ધોરણ ૯ અને ૧૦માં અભ્યાસ કરે છે. આપણી રાજનીતિમાં કાયદાનું શાસન સ્થાપિત થયાના વર્ષો પછી પણ રાજસ્થાનના ગામડાઓમાં બાળલગ્નો થતા રહે છે. દાખલા તરીકે, અહીં પતિ અથવા સાસરિયાના પરિવારના કોઈ સભ્ય નાની વહુને મોટરબાઈક પર શાળાએ લઈ જતા જોવું એ અસામાન્ય નથી. રૂકમણી બાઈએ તેમની બે ભત્રીજીઓના લગ્નમાં હાજરી આપવા માટે કામ પરથી ચાર દિવસની રજા લીધી હતી અને તેમના માટે આશરે રૂા.૧૦,૦૦૦ની કિંમતની ભેટો ખરીદી હતી. એક સરકારી શાળાના એક શિક્ષકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે તેઓ અચાનક કોઈ છોકરી સિંદૂર અને રંગબેરંગી બંગડીઓ પહેરીને આવતી જુએ છે, પરંતુ તેઓ તેના વિશે કઈ કરી શકતા નથી. કેટલીકવાર વર્ગમાં છોકરીઓ તેમના સાથીનાં લગ્ન વિશે વાત કરતી સાંભળવામાં આવે છે. કન્યા સામાન્ય રીતે કાં તો શરમાતી હોય છે અથવા બીજી તરફ મોઢું ફેરવીને પ્રશ્ન ટાળે છે. આ શિક્ષકે કહ્યું કે એકવાર લગ્ન થઈ ગયા પછી સત્તાવાળાઓને ફરિયાદ કરવાથી કોઈ લાભ થતો નથી.

મોટાભાગે, આ ગ્રામીણ પટ્ટામાં માતા-પિતા લગ્નના વધારાના ખર્ચને બચાવવા



માટે તેમની નાની દીકરીઓને મોટી દીકરી સાથે પરણાવી દેતા હોય છે, જો કે, નાની વહુઓ પુખ્ત થાય ત્યાં સુધી તેમના સાસરે મોકલવામાં આવતી નથી. સત્તાવાળાઓ આવા લગ્નો પર નજર રાખતા હોવા છતાં, મશીનરી ફૂલ-પ્રૂફ નથી. કેટલાક ગ્રામજનોએ આવા જોડાણના સકારાત્મક પાસાઓને ટાંક્યા અને બાળલગ્ન નિષેધ અધિનિયમ, ૨૦૦૬માં સુધારો કરવાની હાકલ પણ કરી હતી.

એક ગ્રામીણ વ્યક્તિએ જણાવ્યું હતું કે, સગીર યુગલો છોકરીઓ માટે શિક્ષણ અને સરકારી નોકરી પસંદ કરે છે અને તેઓ બાળલગ્ન પછી પણ શાળા અને કોલેજમાં તેમના વોર્ડનો અભ્યાસ ચાલુ રાખે છે. ભાજપના ઓબીસી ફોરમના બુંદી જિલ્લા મહાસચિવ દિક્ષાંત સોનીએ સ્વીકાર્યું કે બાળલગ્ન ગામડાઓમાં થાય છે અને બાળલગ્ન અધિનિયમમાં ફેરફાર કરવાની માંગ કરી હતી. સોનીએ જણાવ્યું હતું કે ગ્રામીણ પટ્ટામાં માતા-પિતા ગરીબીને કારણે નાની ઉંમરમાં તેમની છોકરીઓના લગ્ન કરવાની ફરજ પડે છે. તેમણે ખોરાકની આદતો સાથે બદલાતા વાતાવરણ પરના વલણને પણ જવાબદાર ઠેરવ્યું હતું જે છોકરાઓ અને છોકરીઓમાં પ્રારંભિક તરુણાવસ્થા તરફ દોરી જાય છે. છોકરીઓ અને છોકરાઓ વહેલા પરિપક્વ થાય છે અને અન્ય કોઈની સાથે ભાગી જતા માતાપિતા અપમાનિત થાય છે.

સામાજિક ન્યાય અને મહિલા સશક્તિકરણ વિભાગના નાયબ નિયામક ભૈરુ પ્રકાશ નાગરના જણાવ્યા અનુસાર, આ પ્રદેશમાં અક્ષય તૃતીયા, જેને અખાત્રીજ અને પીપલ પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે, તેની આસપાસ બાળલગ્નો થાય છે. સ્થાનિક નાયબ પોલીસ અધિક્ષક ઘનશ્યામ મીનાએ વિસ્તારમાં બાળલગ્નના અહેવાલોને નકારી કાઢ્યા હતા.

એક શિક્ષકે ખુલાસો કર્યો કે હિંડોલીના સુખપુરા ગામમાં ધોરણ ૭ની એક છોકરીની સગાઈ ગયા વર્ષે ધોરણ ૯ના એક છોકરા સાથે થઈ હોવાનું જાણવા મળ્યું હતું. ૭માં ધોરણની અન્ય એક છોકરીના લગ્ન ગયા વર્ષે થયા હોવાનું જાણવા મળ્યું હતું. આ વર્ષે ૪ માર્ચે ૧૦માં ધોરણની એક છોકરીના લગ્ન ઈલેક્ટ્રિક પોલ મેન્ટેનન્સ વર્કર સાથે થયા હતા. બે સગીર વયની છોકરીઓએ ૧૨મા ધોરણમાંથી અભ્યાસ છોડી દીધો હતો અને ગયા વર્ષે તેમના લગ્ન થયા બાદ તેમના સાસરિયાંના ઘરે રહેવાનું પસંદ કર્યું હતું. તાજેતરના નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૫ (૨૦૧૯-૨૧) અનુસાર, ૨૦-૨૪ વર્ષની વયની ૨૩.૩ ટકા મહિલાઓના લગ્ન ૧૮ વર્ષની ઉંમર પહેલા થઈ ગયા હતા.

# શાહરૂખખાન આંખની સર્જરી માટે અમેરિકા ગયો

(એજન્સી) તા.૩૦



શાહરૂખ ખાન તેની આંખની સર્જરી માટે ન્યુયોર્ક જઈ રહ્યો છે, અન્ય વિગતોની રાહ જોવાઈ રહી છે. આ વર્ષની શરૂઆતમાં શાહરૂખ ખાનને IPL દરમિયાન ડિહાઈડ્રેશન અને હીટ સ્ટ્રોકને કારણે અમદાવાદની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સ્વસ્થ થયા પછી અભિનેતાએ IPL ફાઈનલમાં હાજરી આપી હતી, જ્યાં તેની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) જીતી હતી. દરમિયાન અભિનેતાને લોકાર્નો ફિલ્મ ફેસ્ટિવલની ૭૭મી આવૃત્તિમાં પ્રતિષ્ઠિત પાર્ડો અલા કેરીએરાથી નવાજવામાં આવશે, જે ૭થી ૧૭ ઓગસ્ટ સુધી ચાલશે. શાહરૂખ ખાને વ્યવસાયિક રીતે ૨૦૨૩ શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણે ધમાકેદાર પુનરાગમન કર્યું. ગયા વર્ષે તેણે દીપિકા પાદુકોણ અને જોન અબ્રાહમ સાથે સ્મેશ હિટ પઠાણમાં કામ કર્યું હતું. અભિનેતાએ ત્યારબાદ નયનતારા, સાન્યા મલ્હોત્રા અને વિજય સેતુપતિ અને દીપિકા પાદુકોણ સાથે એટલાની સ્મેશ હિટ જવાન ફિલ્મમાં અભિનય કર્યો હતો. આ ફિલ્મ ઘણી હિટ રહી હતી. તેણે વર્ષનો અંત રાજકુમાર હિરાનીની ડંકી સાથે કર્યો, જેમાં તાપસી પન્નુ, વિકી કૌશલ અને બોમન ઈરાની અભિનીત હતા. આ ફિલ્મને મોટાભાગે સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. આ વર્ષના કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રતિષ્ઠિત પિયર એન્જીનેક્સ એક્સેલ લેન્સ એવોર્ડ મેળવ્યા બાદ સંતોષ સિવાનને અભિનંદન આપતા શાહરૂખ ખાનની વાયરલ ક્લિપમાં ચાહકોએ શાહરૂખની બાજુમાં ટેબલ પર રાજાની સ્ક્રિપ્ટ જોઈ. અહેવાલ મુજબ આ ફિલ્મમાં અભિષેક બચ્ચન પણ જોવા મળશે. અભિષેક બચ્ચન અને શાહરૂખ ખાને અગાઉ કભી અલવિદા ના કહેના અને હેપ્પી ન્યૂ યર જેવી ફિલ્મોમાં કામ કર્યું છે.

### આ વખતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી અનેરી રીતે કરવાનો સરકારનો નિર્ણય

# ગુજરાત સરકારના મંત્રીઓ તથા ભાજપના નેતાઓ ૯ ઓગસ્ટે આદિવાસી વેશ ધારણ કરશે

## તમામ અગ્રણીઓ આદિવાસી લોકોની વચ્ચે રહેશે અને ભોજન પણ ત્યાં જ કરશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૩૧

ગુજરાત સરકારના મંત્રીઓ અને ભાજપના નેતાઓ આગામી દિવસોમાં આદિવાસી વેશમાં જોવા મળશે. આદિવાસી દિવસની તા.૯ ઓગસ્ટે યોજાનારી ઉજવણી આદિવાસી સમાજના રીત રિવાજ મુજબ કરવાનું નક્કી કરાયું છે. ગુજરાત વિધાનસભાની તમામ ૨૭ આદિવાસી બેઠકો ઉપર આદિવાસી દિવસની ઉજવણી કરાશે. મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓ આદિવાસી લોકોની વચ્ચે જ રહેશે અને બપોરનું ભોજન પણ આદિવાસી સમુદાયના લોકોના ઘરે કરશે. જેમાં પહેરવેશ અને ભોજન પારંપરિક આદિવાસી સમુદાયનું રહેશે. ભારતની કુલ આદિજાતિ વસ્તીની ૮.૧ ટકા વસ્તી ગુજરાતમાં છે. રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં ૮૯ લાખથી વધુ આદિજાતિ વસ્તીના સર્વાંગીણ વિકાસ માટે ગુજરાત સરકારે અલગથી વિશેષ પ્રયાસો હાથ ધર્યા છે. ગુજરાત બજેટના કુલ પાંચ સ્તંભમાં આદિજાતિ વિકાસનો પ્રથમ સ્તંભમાં જ ઉલ્લેખ કરીને આદિજાતિ વિભાગ માટે કુલ રૂા.૩૪૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેમાં રૂા.૭૭૦.૧૯ કરોડની રકમ માત્ર આદિજાતિના આર્થિક ઉત્કર્ષ માટે જ ફાળવવામાં આવી છે. આટલું જ નહીં આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટેની 'વન બંધુ કલ્યાણ યોજના-૨' હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૫-૨૬ સુધીમાં રૂા.૧ લાખ કરોડની અંદાજપત્રીય જાહેરાત પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં કરવામાં આવી છે. આદિવાસીઓની પ્રવૃત્તિ અને પ્રકૃતિને ધ્યાનમાં રાખી આદિજાતિ વિસ્તારના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જેમાં સરકાર દ્વારા આદિવાસી દિવસની અનેરી રીતે ઉજવણી



કરવાનો નિર્ણય કરાયો છે. જેમાં બધા મંત્રીઓની સાથે ભાજપના નેતાઓ પણ જોડાશે. યુનાઈટેડ નેશન્સ (UN) દ્વારા વિશ્વના આદિવાસી લોકોનો આંતરરાષ્ટ્રીય દિવસ દર વર્ષે ૯ ઓગસ્ટે વિશ્વની આદિવાસી વસ્તીના અધિકારોને પ્રોત્સાહન આપવા અને તેનું રક્ષણ કરવા માટે મનાવવામાં આવે છે. વિશ્વ આદિવાસી દિવસની આ ઈવેન્ટ પર્યાવરણીય સંરક્ષણ જેવા વિશ્વ મુદ્દાઓને સુધારવા માટે સ્વદેશી લોકો જે સિદ્ધિઓ અને યોગદાન આપે છે તેને પણ માન્યતા આપે છે. દર વર્ષે આ દિવસે સ્વદેશી યુવાનો અને તેમના વિકાસમાં રોકાયેલા સરકારી-બિન-સરકારી સંગઠનો તેમના લોકોના અધિકારોને પ્રોત્સાહન અને રક્ષણ આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકાને પ્રકાશિત કરે છે. સ્વદેશી યુવાનો સામાજિક પરિવર્તન માટેની ચળવળોમાં મોટાભાગે મોખરે હોય છે. તેઓ જાગૃતિ લાવવા માટે અવાજ ઉઠાવે છે. તેઓ તેમની કુશળતા અને પ્રતિભાનો ઉપયોગ તેમના સમુદાયોમાં લોકોના ભલા માટે તેમના સમુદાયો સામેના પડકારોનો સામનો કરવા માટે કરે છે.

### મોડે-મોડે જ્ઞાન લાધ્યુ હોય તેવી સ્થિતિ

# રાજકોટમાંથી ઝડપાયેલી નકલી શાળા સામે આખરે ૨૪ દિવસ બાદ નોંધાઈ પોલીસ ફરિયાદ

અમદાવાદ, તા.૩૦

રાજકોટમાંથી ૨૪ દિવસ પૂર્વે એક નકલી શાળા ઝડપાઈ હતી આ મામલે ખૂબ જ હોબાળો થયો હતો અને ડીઈઓ સુધી વાત પહોંચી હતી. વળી આ શાળા સાથે આઠ અન્ય શાળાઓમાં પણ કનેક્શન સામે આવ્યા હતા. ત્યારે ખળભળાટ મચી જવા પામ્યો હતો. જો કે આ મામલે ત્યારથી લઈ અત્યાર સુધી કોઈ ચોક્કસ મહત્ત્વપૂર્ણ કાર્યવાહી થઈ ન હતી જેને લઈને અનેક ચર્ચાઓ પણ ઉઠવા પામી હતી. ત્યારે રાજકોટમાંથી નકલી શાળા




ઝડપાયાના ૨૪ દિવસ બાદ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં ગૌરી શાળાના આચાર્ય કાત્યાયની તિવારી સહિતના જવાબદાર લોકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. કલમ ૩૧૬(૨), ૩૧૮ અંતર્ગત પોલીસ ફરિયાદ નોંધાઈ છે. રાજકોટમાં કુવાડવા તાલુકામાં આવેલા માલિયાસણ પીપળીયા ગામમાં જે પ્રિ-પ્રાયમરી સ્કૂલ પકડાય છે તે એક, બે નહીં પણ છેલ્લા છ વર્ષથી ધમધમતી હતી.

દુકાનમાં ક્લાસ બનાવીને માન્યતા વગર જ ગૌરી પ્રિ-પ્રાયમરી નામની સ્કૂલમાં બાળકોને ભણાવવામાં આવી રહ્યા હતા. સ્કૂલમાં પહેલા ધોરણથી ૧૦ ધોરણ સુધી વિદ્યાર્થીઓને ભણાવવામાં આવતા હતા. આ સ્કૂલમાંથી એક વિદ્યાર્થીએ લિવિંગ સર્ટિફિકેટ ન આપતા નકલી સ્કૂલનો ભાંડો ફૂટ્યો હતો. શાળામાં વિદ્યાર્થીઓ પાસેથી રૂા.૪૦૦, રૂા.૫૦૦ અને રૂા. ૮૦૦ એમ અલગ અલગ ફી ઉઘરાવવામાં આવતી હતી. જોકે, શિક્ષણ વિભાગના અધિકારીઓને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે શાખ બચાવવા માટે તાત્કાલિક દોડી ગયા હતા અને સ્કૂલને સીલ કરી દીધી હતી.

### ડિઝાઈન પ્રૂફ કન્સલ્ટન્ટની નિમણૂક કરાશે

# આર્મી માટે શાહીબાગ-એરપોર્ટ રોડ પર રૂા.૬.૧૮ કરોડના ખર્ચે ઓવરબ્રિજ બનશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ શહેરમાં માત્ર આર્મી કેન્ટોનમેન્ટ એરીયામાં રહેતા જવાનો અને તેમના પરિવારો માટે શાહીબાગ-એરપોર્ટ રોડ પર આર્મી કેન્ટોનમેન્ટ વિસ્તારમાં નાના વાહનો માટે ૬.૧૮ કરોડના ખર્ચે ઓવરબ્રિજ બનાવવામાં આવશે. તેઓને તેમના વિસ્તારમાંથી સામેની તરફ જવા રોડ ક્રોસ ન કરવો પડે તેના માટે થઈને આ ઓવરબ્રિજ બનાવવામાં આવશે. સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૨ અંતર્ગત આર્મી કેન્ટોનમેન્ટની જગ્યાના બદલામાં ઓવરબ્રિજ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના અંતર્ગત આ બ્રિજ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવી આપવામાં આવશે.

સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૨ પ્રોજેક્ટ અંતર્ગત રિવરફ્રન્ટ અને અમદાવાદ કન્ટોનમેન્ટ બોર્ડ વચ્ચે વર્ષ-૨૦૨૦માં થયેલી સમજુતી કરાર મુજબ અમદાવાદ કન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા રીવરફ્રન્ટ ફેસ-૨ ડેવલપ કરવા માટે કુલ ૧,૩૩,૩૦૫.૮૦ ચો.મીની

#### ટ્રાફિકમાં તકલીફ ન પડે તે જ મુખ્ય હેતુ

જમીન આપવામાં આવી હતી. જેના બદલામાં એક ઓવરબ્રિજ કેમ્પ હનુમાન પાસે તથા બીજો ઓવરબ્રિજ ગ્રેનેડીયર યુનિટ-૧૭ પાસે બનાવી આવશે. જે પૈકી હાલમાં કેમ્પ હનુમાન મંદિર પાસે ફુટ ઓવરબ્રિજની કામગીરી ચાલુ છે. ગોલ્ડન કટારથી આગળ આર્મી કેન્ટોનમેન્ટ બોર્ડની પ્રિમાઈસિસમમાં ગ્રેનેડીયર યુનિટ-૧૭ પાસે લાઈટ મોટર વ્હીકલ (LMV) એટલે કે નાના વાહનો અવરજવર કરી શકે તેના માટે બ્રિજ બનાવવામાં આવશે. માત્ર આર્મીના લોકો જ અવરજવર કરી શકે તેના માટે ૩૬૦ મીટર લાંબો તેમજ ૪.૮૫ મીટર પહોળો ઓવરબ્રિજ બનાવવામાં આવશે. સવા વર્ષમાં ઓવરબ્રિજ બનીને તૈયાર થશે.

આર્મી કન્ટોનમેન્ટ એરિયામાં રહેતા લોકોને શાહીબાગથી એરપોર્ટ તરફ જતા રોડ પર ટ્રાફિકમાં તકલીફ ન પડે અને રોડ ક્રોસ ન કરવો પડે જેને લઈ નાના વાહનો અવરજવર કરી શકે તેના માટે બનાવવામાં આવી રહેલા બ્રિજ સ્ટ્રક્ચરનો પાંચ વર્ષનો ડીફેક્ટ લાયેબીલીટી પીરીયડ રહેશે. તેમજ બ્રિજના મેઈન સ્ટ્રક્ચરલ કોમ્પોન્ટન્સ માટે ૫ વર્ષનો પર્ફોર્મન્સ બોન્ડ કોન્ટ્રાક્ટર દ્વારા સબમીટ કરવામાં આવશે. ડિઝમાઈન પ્રુફ કન્સલ્ટન્ટની નિમણૂક કરાશે.

### 'નયીદિશા-સ્માઈલ ફોર જુવેનાઈલ'નો પાંચમો તબક્કો શરૂ

અમદાવાદ,તા.૩૦

જેલના કેદીઓ અને કિશોરોના જીવનને ઉત્થાન આપવાના સતત પ્રયાસની પહેલના ભાગરૂપે ઈન્ડિયન ઓઈલના ચેરમેન શ્રીકાંત માધવ વૈદ્ય એ ઈન્ડિયન ઓઈલના પરિવર્તન પ્રિઝન ટુ પ્રાઈડના ફેઝ VIII નયીદિશા-સ્માઈલ ફોર જુવેનાઈલનો તબક્કો V શરૂ કર્યો હતો. આ તબક્કામાં ઈન્ડિયન ઓઈલ ૨૨ જેલો અને કિશોર ગૃહોમાં ૧૦૦૦થી વધુ વ્યકિતઓના જીવનને સ્પર્શશે, આ રોલ-આઉટ સાથે, ઈન્ડિયન ઓઈલ ૨૩ રાજ્યો અને ૬ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રમતગમતના કોચિંગ અને સાધનોની ઓફર કરતી ૧૫ મહિલા કિશોર કેન્દ્રો સહિત ૧૫૦ સંસ્થાઓમાં ૭૩૦૦થી વધુ કેદીઓ અને કિશોરોના જીવનમાં પરિવર્તન લાવવા માટે તૈયાર છે.

### ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટીનો IPO તા.૨ ઓગસ્ટે ખુલશે

અમદાવાદ,તા.૩૦

બેંગ્લુરૂ સ્થિત ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડ, ભારતમાં અગ્રણી ઈવી પ્લેયર છે. તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે ફેસ વેલ્યુ રૂા.૧૦/- પ્રત્યેકનો ઈકિવટી શેર છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર શુક્રવાર, ઓગસ્ટ ૦૨, ૨૦૨૪, સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને મંગળવાર, ઓગસ્ટ ૦૬, ૨૦૨૪ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૧૯૫ ઈકિવટી શેર માટે બિડ કરી શકે છે અને ત્યારબાદ ૧૯૫ ઈકિવટી શેરના ગુણાંકમાં બિડ કરવાની રહેશે.

### આવતીકાલે સીગલ ઈન્ડિયા લિમિટેડનો IPO ખુલશે

અમદાવાદ,તા.૩૦

સીગલ ઈન્ડિયા લિમિટેડ, એક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કન્સ્ટ્રક્શન કંપની છે. જેણે ભારતના ૧૦ રાજ્યોમાં ૩૪થી વધુ પ્રોજેક્ટ પુરા કર્યા છે. કંપનીએ તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રૂા.૩૮૦/-થી રૂા.૪૦૧/ પ્રતિ ઈકિવટી શેર દરેકની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. ઈકિવટી શેરની મૂળ કિંમત રૂા.૫/-છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર સબસ્ક્રિપ્શન માટે ગુરૂવાર, ઓગસ્ટ ૧, ૨૦૨૪ના રોજ ખુલશે અને સોમવાર, ઓગસ્ટ ૫, ૨૦૨૪ના રોજ બંધ થશે રોકાણકારો ઓછામાં ઓછા ૩૭ ઈકિવટી શેર માટે બિડ કરી શકે છે અને ત્યાર બાદ ૩૭ ઈકિવટી શેરના ગુણાંકમાં ભરવાની રહેશે.

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળઃ**

શનિવાર, 3 ઓગસ્ટ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
વૃંદાવન રિસોર્ટ, ભુજ નખત્રાણા રોડ, માનકુવા – 370 030, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કુશલ ભગદે, મોબાઈલ : 98988 46478.

રવિવાર, 4 ઓગસ્ટ 2024; સવારે 10:30 વાગ્યાથી.
ધ વિલેજ રિસોર્ટ, એલાયન્સ હોસ્પિટલ પાછળ, નાના કપાયા, મુન્દ્રા – 370 421, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કુશલ ભગદે, મોબાઈલ : 98988 46478.

રવિવાર, 4 ઓગસ્ટ 2024; સવારે 11:00 વાગ્યાથી.
હોટેલ ટોપાઝ, સનક્રેસ આર્કેડ, ગુજરાત સ્ટેટ હાઈવે 71, વેસ્ટસાઈડ શોરૂમની ઉપર, રીમાપાર્ક સોસાયટી, મહાવીરનગર, હરિકૃપા સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ – 380 005, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દિવ્યેશ જોષી, મોબાઈલ : 98793 61437.

રવિવાર, 4 ઓગસ્ટ 2024; સાંજે 6:00 વાગ્યાથી.
વીર મહારાજ મંદિર, વણસોલ ગામ, વડગામ, પાલનપુર – 385 421, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ સફવાન રાઠોડ, મોબાઈલ : 96628 91934.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે. વોક-ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav — HDFC MUTUAL FUND — BHAROSA APNO KA

An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

### ઉત્તર ગુજરાત પર બીજા દિવસેય મેઘો મહેરબાન

# રાજ્યના ૧૪૬ તાલુકાઓમાં વરસાદ : કચ્છના અબડાસામાં ૪.૫ ઈંચ ખાબક્યો

## ૨૫ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ નોંધાયો

અમદાવાદ, તા.૩૦

રાજયમાં મોડે-મોડે ઉત્તર ગુજરાત પર મહેરબાન થયેલ મેઘાએ બીજા દિવસે પણ મહેર ચાલુ રાખી તો સાથે રાજ્યના ૧૪૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સાંજના ૬ વાગ્યા સુધીમાં કચ્છના અબડાસામાં ૪.૩, ભાભરમાં ૨.૭ ઈંચ, સાંતલપુરમાં ૨.૫, માંડવીમાં ૨.૪ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે ૨૫ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

જ્યારે રાજ્યના ઉત્તર ગુજરાતમાં ગઈકાલે મેઘ મહેર જોવા મળી હતી. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતના વિવિધ તાલુકાઓમાં નોંધનીય વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. જે મુજબ મહેસાણા તાલુકામાં સૌથી વધુ ૭ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. સાથે જ મહેસાણાના વિસનગર અને સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં ૬ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત મહેસાણાના વિજાપુર અને જોટાણા, ભરૂચના હાંસોટ, મહીસાગરના લુણાવાડા અને બનાસકાંઠાના વડગામ તાલુકામાં ૫-૫ ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૨૪ના રોજ સવારે ૬ કલાકની સ્થિતિએ રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૫૯ ટકાથી વધુ નોંધાયો છે. જ્યારે, કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૭૯ ટકાથી વધુ અને ત્યારબાદ સૌરાષ્ટ્ર ઝોનમાં ૭૪ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં ૬૯ ટકાથી વધુ, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૪૧ ટકાથી વધુ તેમજ ઉત્તર ગુજરાતમાં સૌથી ઓછો ૩૮ ટકા જેટલો મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

પાટણ તાલુકાની વાત કરવામાં આવે તો ત્યાં સાંજ સુધી ૩.૧ ઈંચ વરસાદ વરસ્યો છે. બનાસકાંઠાના ભાભરમાં ૨.૭ ઈંચ વરસાદ, પાટણના સાંતલપુરમાં ૨.૫ ઈંચ વરસાદ તો કચ્છના માંડવીમાં ૨.૪ ઈંચ વરસાદ નોંધાયો છે. આ સિવાય પણ અન્ય તાલુકામાં મેઘરાજા વરસ્યા છે. ત્યારે વરસાદને પગલે રાજ્યના મોટાભાગના ડેમમાં પાણીની સારી આવક થઈ છે અને ખેડૂતો પણ ખુશખુશાલ જોવા મળી રહ્યા છે. પાટણમાંથી પસાર થતી કેનાલ ઓવરફ્લો થઈ છે. જેમાં પદ્મનાભ નજીકથી કેનાલ પસાર થાય છે. તેમાં કેનાલ ઓવરફ્લો થતા સોસાયટીઓમાં પાણી ઘુસ્યા છે. કેનાલના તૂટેલા ભાગમાંથી પાણી સોસાયટીમાં ઘુસ્યા છે. આસપાસની ૧૫ સોસાયટીના લોકોના જીવ અદ્ધર થયા છે. તેમાં પાલિકાની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે.

ખેડાના ઠાસરામાં આવેલો વણાકબોરી ડેમ ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યો છે. ત્યારે ડેમ ૧૦૦ ટકા ભરાતા વણાકબોરી ડેમના બે દરવાજા ખોલવામાં આવ્યા છે અને ૩૫૦૦ ક્યુસેક પાણી મહિસાગર નદીમાં છોડાયું છે અને આસપાસના ગામને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે કડાણા ડેમમાંથી ૫૫૦૦ ક્યુસેક પાણી છોડાયું હોવાના કારણે વણાકબોરી ડેમ ભરાઈ ગયો હતો. વણાકબોરી ડેમની સપાટી ૨૨૦ ફૂટ છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ભારે વરસાદના કારણે ૫૩ જેટલા ડેમ હાઈ એલર્ટ પર મુકાયા છે. રાજ્યમાં અત્યાર સુધી ૪૭ ડેમ ૧૦૦ ટકા ભરાયા છે. ત્યારે ૧૦ ડેમ એલર્ટ અને ૧૨ ડેમ વોર્નિંગ પર મુકાયા છે. જ્યારે ૬૩ ડેમમાં હજુ ૨૫% કરતા ઓછું પાણી જોવા મળ્યુ છે.

### 'સખી સંવાદ' સ્થળે બહેનો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના સ્ટોલ્સ ઊભા કરાશે

# ગુજરાતના ૨૮ હજાર સ્વ-સહાય જૂથની ૩ લાખ મહિલાઓને ૩૫૦ કરોડની સહાય અપાશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સફળ ગ્રામીણ મહિલા શક્તિ સાથે સંવાદ કરીને તેમની સમસ્યાઓ પણ જાણશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના ગ્રામીણ ક્ષેત્રોના સ્વ-સહાય જૂથ, સેલ્ફ હેલ્પ ગ્રુપની નારીશક્તિ સાથે આવતીકાલે ૩૧ જુલાઈએ "સખી સંવાદ" અંતર્ગત પ્રત્યક્ષ સંવાદનો સેતુ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આયોજિત કાર્યક્રમથી સાધશે. રાજ્યભરના આવા ૨૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથની સભ્ય એવી ગ્રામીણ નારીશક્તિને કુલ ૩૫૦ કરોડ રૂપિયાના લાભ વિતરણ કરવા સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ ગ્રામીણ નારીશક્તિ સાથે વાતચીત પણ કરવાના છે. રાજ્ય સરકારે ગુજરાત લાઈવલી હૂડ પ્રમોશન કંપનીની સ્થાપના કરીને આવી બહેનોના સ્વ-સહાય જૂથોને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન થકી રિવોલ્વિંગ ફંડ, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ અને કેશ ક્રેડિટ તથા ટ્રેનીંગ અને કેપેસિટી બિલ્ડીંગની સુવિધા ઉપલબ્ધ કરાવી સફળતાનો રાહ ચિંધ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યની આવી સફળ ગ્રામીણ મહિલાશક્તિ સાથે સંવાદ કરીને તેમની સમસ્યાઓ પણ જાણશે તથા તેને દૂર કરવા માટેનું માર્ગદર્શન પૂરું પાડશે. સ્વ-સહાય જૂથોની બહેનોને આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડીને તેમને આર્થિક રીતે પગભર બનાવવા રાજ્ય સરકારે અનેક આયામો હાથ ધર્યા છે. સખી સંવાદ"ના આ અભિનવ પ્રયોગમાં સહભાગી થનારી ૩૩ જિલ્લાઓની બહેનો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના સ્ટોલ્સ પણ આ "સખી સંવાદ" કાર્યક્રમ સ્થળે રાખવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ કાર્યક્રમમાં મંત્રી રાઘવજી પટેલ, રાજ્યમંત્રી કુંવરજી હળપતિ તેમજ ગાંધીનગર જિલ્લાના ધારાસભ્યો, ગાંધીનગરના મેયર, જિલ્લા પંચાયત પ્રમુખ અને મુખ્ય સચિવ રાજકુમાર ખાસ ઉપસ્થિત રહેવાના છે.

**ગુજરાત ટુડે**

**ટચુકડી જાહેર ખબર**

**જોઈએ છે**

**ફાઈનાન્સર જોઈએ છે**
હેલ્થકેર અને મેડીકલ પ્રોડક્ટના રનીંગ બિઝનેસ માટે વધુ વિગત માટે સંપર્ક કરો, 99786 88306

**જોઈએ છે**
સિમેન્ટની ઈંટ બનાવા માટે અનુભવી માણસો જોઈએ, મો. 8200773009

**વેચવાનું છે**

**2 BHK ફ્લેટ વેચવાનો છે**
પહેલો માળ, માસૂમ ફ્લેટ, અલ-અસબાબ પાર્ક, અલ-બુરૂઝ પાસે, મકરબા રોડ 9998844948

**દુકાન વેચવાની છે**
પ્રાઈમ લોકેશન મ્યુ. ગર્લ્સ સ્કૂલની બાજુમાં, ઢાલગરવાડ કોર્નર, અમદાવાદ મો.9998125510

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**રિયાસત માર્કેટ**
ફક્ત ઈમિટેશન વેપારીઓ માટે ભાડા વગર દુકાનો આપવાની છે. કમિશન + ડિપોઝીટ A.C. શોરૂમ 7778954573 સલમાન્સની બાજુમાં પાગામાં, ઢાલગરવાડ, અમદાવાદ

**વ્યવસાયીલક્ષી/અન્ય**

**ઘર બેઠા સર્વિસ**
બે વર્ષના ઈન્કમટેક્સ રિટર્ન, પાનકાર્ડ, ગુમાસ્તા, GST, અકાઉન્ટિંગ, ઈમ્પોર્ટ-એક્ષપોર્ટ લાઈસન્સ, MSME, RTO સલાહકાર, 8156003735 8733071335

**નામ બદલેલ છે**
જૂનું નામ
**મેમણ ફાયેઝા અ.અજીજ**
નવું નામ - **મેમણ ફાયેઝા અકા અફસિનબાનુ અબ્દુલ અઝીઝ.**
એડ્રેસ-૨૧, તવક્કલ વિલ્લા, સરનો -૨૪૬,ગ્યાસપુર -૩૮૨૪૦૫

**નામ બદલેલ છે**
જૂનું નામ -
**મેમણ મોહ. ફરહાન અ.અજીજ**
નવું નામ - **મેમણ મોહમ્મદ ફરહાન અબ્દુલ અઝીઝ**
એડ્રેસ-૨૧, તવક્કલ વિલ્લા,સર નો -૨૪૬,ગ્યાસપુર -૩૮૨૪૦૫

**નામ બદલેલ છે**
જૂનું નામ -
**મેમણ મો.ઉમર અઝીઝ**
નવું નામ - **મેમણ મોહમ્મદ ઉમર અબ્દુલ અઝીઝ**
એડ્રેસ-૨૧, તવક્કલ વિલ્લા, સર નો -૨૪૬,ગ્યાસપુર -૩૮૨૪૦૫

**નામ બદલેલ છે**
જૂનું નામ - **દીવાન કાસમભાઈ અહમેદભાઈ**
નવું નામ - **દીવાન કાસમભાઈ અહેમદભાઈ**
એડ્રેસ - ૧૫,મુમતાજ સોસાયટી, વેજલપુર,અમદાવાદ -૩૮૦૦૫૧

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

IDFC FIRST Bank

CIN : L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ,ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ :+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]**

**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩(૧૨)નાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૦૫-માર્ચ-૨૦૧૯**ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧.લાઈફકેર મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ, ૨. શ્યામ એચ.રાજાણી, ૩.કરીશ્મા એ.ગાંધી, ૪.ભારતીબેન એચ. રાજાણી, ૫. હેમંતભાઈ ડી.રાજાણીના રૂા.૫૦,૮૦,૪૭૩.૮૩/- (ફક્ત રૂપિયા પચાસ લાખ એસી હજાર ચારસો તોત્તેર અને ત્યાસી પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૦૫-માર્ચ-૨૦૧૯** મુજબ સુધી પુનઃચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદારો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહીકર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **ભૌતિક કબજો ૨૫મી જુલાઈ ૨૦૨૪**નાં રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને દેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૫૦,૮૦,૪૭૩.૮૩/- (ફક્ત રૂપિયા પચાસ લાખ એસી હજાર ચારસો તોત્તેર અને ત્યાસી પૈસા પૂરા)** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

**સ્થાવર મિલકતોનું વર્ણન**

સમાવિષ્ટ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ લાઈફકેર હોસ્પિટલ, રેવન્યુ સર્વે નં.૧૨૩, સિટી એસ. વોર્ડ નં.૧૨, શીટ નં.૧૫૯, સિટી સર્વે નં.૧૦૧૦પી, ટીપી નં.૮, એફપી નં.૫૫, કુવાડવા રોડ, રિલાયન્સ પમ્પની સામે, કુવાડવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૩

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**

**તારીખ : ૨૫-જુલાઈ-૨૦૨૪**
**સ્થળ : રાજકોટ**
**લોન એકાઉન્ટ નં : 2713030**

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

IDFC FIRST Bank

CIN : L65110TN2014PLC097792

**રજિસ્ટર્ડ ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : + ૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ**

નીચેના દેણદારો અને સહ-દેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ-દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 97086910 | મિલકત સામે લોન | ૧. અનિલકુમાર ભગવાનદાસ અગ્રવાલ<br>૨.નીરૂબેન અનિલકુમાર અગ્રવાલ | ૨૯.૦૫.૨૦૨૪ | ભા.રૂા. ૧૪,૪૫,૫૯૮.૬૬/- |

**મિલકતનું સરનામું :** તે તમામ ભાગ અને હિસ્સાઓ જમીન સાથે ઊભેલ માળખા જેની રેસિડેન્શિયલ મિલકત અમીરગઢ ગ્રુપ ગ્રામ પંચાયતની મિલકત નં.૪૪૩/૧ની બહાર, જૂના ગામતળમાં, કુલ ક્ષેત્રફળ ૧૫૧૨.૦૦ ચો.ફૂટ, સ્થિત અમીરગઢની સીમમાં, તા. અમીરગઢ, જિ. બનાસકાંઠા, રાજ્ય : ગુજરાત-૩૮૫૧૩૦, અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ખુલ્લી જમીન, પશ્ચિમ : રોડ, ઉત્તર : ખુલ્લો પ્લોટ, દક્ષિણ : અશોકકુમારનું ઘર**

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 2 | 41723550 | મિલકત સામે લોન | ૧. મિહિર દિનેશભાઈ ઠક્કર<br>૨. અરૂણાબેન દિનેશભાઈ ઠક્કર<br>૩. દિનેશભાઈ કાંતિલાલ ઠક્કર | ૧૭.૦૫.૨૦૨૪ | ભા.રૂા. ૧૨,૨૧,૮૫૪.૨૧/- |

**મિલકતનું સરનામું :** સ્થાવર મિલકતોના તે તમામ ભાગ અને હિસ્સાઓ જે રેસિડેન્શિયલ ઘર ધરાવતા ધ્રાંગધ્રા મયુરનગર વિભાગ-'કે', પૈકી પ્લોટ નં.૮૪ પૈકી, સબ પ્લોટ નં.૫(૮૪-૫) જમીન ક્ષેત્રફળ ૫૦.૮૫ ચો.મી. ત્યાં બંધાયેલ ઘર જેની હદ ધ્રાંગધ્રા નગરપાલિકાની હદ સાથે, સ્થિત અત્રે જગ્યા નામે મયુરનગર, વિભાગ-કે' તરીકે જાણીતી, પ્લોટ નં.૮૪, મકાન નં.૯, બી.એ.ડી.એસ. મંદિર સામે, શિવમ હળવદ ફર્નિચર પાછળ, ધ્રાંગધ્રા રોડ, અત્રે તા. ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર, ગુજરાત-૩૬૩૩૧૦, અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : સબ પ્લોટ નં.૮૪ પૈકી, સબ પ્લોટ નં.૮૪-૪, પશ્ચિમ : વિભાગ-કે, પ્લોટ નં.૯૭, ઉત્તર : પ્લોટ નં.૮૪નો ૬ મીટર આંતરિક રોડ, દક્ષિણ : વિભાગ-કે, પ્લોટ નં.૮૫**

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 3 | 24741936 | મિલકત સામે લોન | ૧. સાજીદ અલાઉદીન મછાલિયા<br>૨. તબસ્સુમ સાજીદ મછાલિયા | ૧૩.૦૪.૨૦૨૪ | ભા.રૂા. ૨,૪૨,૪૪૨.૬૪/- |

**મિલકતનું સરનામું :** તે તમામ ભાગ અને હિસ્સાઓ જમીન સાથે ઊભેલ માળખા જેની રેસિડેન્શિયલ મિલકત ટોકરિયા ગ્રામ પંચાયતની મિલકત નં.૩૩૪ની બહાર, જૂના ગામતળમાં, કુલ ક્ષેત્રફળ ૯૭૫.૦૦ ચો.ફૂટ, સ્થિત ટોકરિયા સીમમાં, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા, રાજ્ય : ગુજરાત-૩૮૫૫૨૦, અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : રસીદ જીવાભાઈનું ઘર, પશ્ચિમ : મદ્રસાનો ભાગ, ઉત્તર : મછલિયાવાસ, દક્ષિણ : રોડ**

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 4 | 60673464 | મિલકત સામે લોન | ૧. ઠાકોર અજમલજી<br>૨. ઠાકોર અમરતબેન | ૨૫.૦૫.૨૦૨૪ | ભા.રૂા. ૨,૫૯,૩૧૩.૨૭/- |

**મિલકતનું સરનામું :** મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની ગામતળ ગ્રામ પંચાયત મિલકત નં.૧૧૬૨, વિસ્તાર ક્ષેત્રફળ લગભગ ૪૫x૧૫ એટલે કે કુલ ક્ષેત્રફળ લગભગ ૬૭૫ ચો.ફૂટ, બાંધકામ વિસ્તાર તરીકે જાણીતું, સ્થિત જમીન પર, મોજે/ગામ વિઠ્ઠલપુર, તા. માંડલ અને જિ. અમદાવાદ, ગુજરાત-૩૮૨૧૨૦, અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : રોડ, પશ્ચિમ : રમેશજી સુરસંગજીનું ઘર, ઉત્તર : મેરૂજી બબાજીનું ઘર, દક્ષિણ : રતિલાલ રઘુજીનું ઘર**

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 5 | 98647460 | મિલકત સામે લોન | ૧. ઠાકોર ખોડાભાઈ<br>૨. ઠાકોર અમરતબેન દામજી | ૩૦.૦૪.૨૦૨૪ | ભા.રૂા. ૨,૬૪,૮૨૬.૬૦/- |

**મિલકતનું સરનામું :** સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની ગામતળ ગ્રામ પંચાયત મિલકત નં.૪, વિસ્તાર ક્ષેત્રફળ લગભગ ૪૦x૧૮ ચો.ફૂટ એટલે કે કુલ ક્ષેત્રફળ લગભગ ૭૨૦ ચો.ફૂટ, એટલે કે ક્ષેત્રફળ ૬૬.૮૮૮૦ ચો.મી. સ્થિત અત્રે મોજે/ગામ વિંઝુવાડા, તા. માંડલ, જિ. અમદાવાદ, ગુજરાત-૩૮૨૧૩૦, અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : રોડ, પશ્ચિમ : રમેશભાઈ મલુભાઈની મિલકત, ઉત્તર : રોડ, દક્ષિણ : પંડ્યા ગણપતભાઈની મિલકત**

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 6 | 82245417 | મિલકત સામે લોન | ૧. ઠાકોર રણજીભાઈ<br>૨. ઠાકોર પરબતજી | ૨૫.૦૪.૨૦૨૪ | ભા.રૂા. ૩,૬૮,૩૦૦.૩૧/- |

**મિલકતનું સરનામું :** સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની ગામતળ મિલકત (ઘર) નં.૯૮૧, વિસ્તાર ક્ષેત્રફળ લગભગ ૬૦x૩૦ ચો.ફૂટ એટલે કે કુલ ક્ષેત્રફળ લગભગ ૧૮૦૦ ચો.ફૂટ, એટલે કે ક્ષેત્રફળ ૧૬૭.૨૨૫૫ ચો.મી. સ્થિત જમીન મોજે/ગામ દાલોદ, તા. માંડલ, જિ. અમદાવાદ, ગુજરાત-૩૮૨૧૩૦, અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : રોડ, પશ્ચિમ : રોડ, ઉત્તર : ચતુરજી રામાજીનું ઘર, દક્ષિણ : રોડ**

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 7 | 39851065 | મિલકત સામે લોન | ૧.ઉસ્માનભાઈ જીવાભાઈ અગલોડિયા<br>૨. ફેમીદાબેન ઉસ્માનભાઈ અગલોડિયા | ૨૯.૦૬.૨૦૨૪ | ભા.રૂા. ૩,૩૦,૫૦૦.૦૪/- |

**મિલકતનું સરનામું :** તે તમામ ભાગ અને હિસ્સાઓ જમીન સાથે ઊભેલ માળખા જેની રેસિડેન્શિયલ મિલકત મુમનવાસ ગ્રામ પંચાયતની મિલકત નં.૧૪૪૧ની બહાર, જૂના ગામતળમાં, કુલ ક્ષેત્રફળ ૯૩૦ ચો.ફૂટ, સ્થિત મુમનવાસ સીમમાં, તા. વડગામ, જિ. બનાસકાંઠા, રાજ્ય : ગુજરાત-૩૮૫૧૨૦, અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : રોડ, પશ્ચિમ : રોડ, ઉત્તર : દાઉદ જીવાનું ઘર, દક્ષિણ : હનીફ મેમાનું ઘર**


અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોક્ત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

**સહી/- અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

**તા. : ૩૧.૦૭.૨૦૨૪**
**સ્થળ : ગુજરાત**

# જો રાઉ'ની IAS કરૂણાંતિકા શીલા દીક્ષિતના શાસનકાળમાં ઘટી હોત તો તેણીએ આપણો વિશ્વાસ પુનઃ સ્થાપિત કર્યો હોત

## જો આ દુર્ઘટના વધુ જવાબદાર કોંગ્રેસ સરકાર હેઠળ બની હોત તો અમે અમારા મુખ્યમંત્રીને લોકોની વચ્ચે રહેવા માટે જામીન માટે અરજી કરવાનું કહ્યું હોત, જે શીલા દીક્ષિતને હું જાણતો હતો તેમણે તે જ કર્યું હોત : પવન ખેડા




(એજન્સી) તા.૩૦

દિલ્હી ભાંગી રહ્યું છે અને જવાબદારી લેવા માટે કોઈ નથી. દિલ્હીના જૂના રાજીન્દર નગરમાં કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ રાઉના IAS સ્ટડી સર્કલના ગેરકાયદેસર ભોંયરામાં પાણી ભરાવાને કારણે ત્રણ યુવાન UPSC ઉમેદવારોનાં મોતની વિચિત્ર દુર્ઘટના બની હતી પણ ખરૂં કારણ દિલ્હીનો ખોવાયેલો દાયકા છે. અનુમાન મુજબ આ દુર્ઘટનાએ આમ આદમી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે દોષારોપણનો નવો રાઉન્ડ શરૂ કર્યો.

દિલ્હીમાં શાસન કરવા માટે ચૂંટાયેલા લોકો ખરેખર ચાર્જ સંભાળી શકે તે માટે કાયમ માટે રાજકીય મોડમાં રહે છે. સત્તાવાળા અને કોઈ જવાબદારી ધરાવતા લોકો તેમના પ્રભાવના ક્ષેત્રને વધારવાનો પ્રયાસ કરતા રહે છે, શહેર-રાજયના શાસકો કરતાં રાજકીય પક્ષના લેફ્ટનન્ટની જેમ વર્તે છે. નિરર્થક દોષારોપણની રમત છેલ્લા દાયકામાં દિલ્હીના શાસનના નમૂનાનું મુખ્ય સ્થાન બની ગયું છે - જેની કિંમત ફક્ત અહીં રહેતા અને મત આપનારાઓ દ્વારા જ નહીં પણ તકો શોધવા માટે શહેરમાં આવતા લોકો દ્વારા પણ ચૂકવવામાં આવે છે. અકલ્પનીય સંજોગોમાં મૃત્યુ પામેલા ત્રણ ઉમેદવારોએ માંડ-માંડ પાંખો ફેલાવવાનું શરૂ કર્યું હતું.

વર્તમાન વહીવટ અને કોંગ્રેસના શીલા દીક્ષિતના કાર્યકાળ વચ્ચેના તદ્દન વિસંગતતા તરફ ધ્યાન દોરતા આ ઘટના નોંધપાત્ર શાસનની ખોટ દર્શાવે છે જેણે રાજધાની શહેરને પીડિત કર્યું છે. પૂર્વ સીએમએ ૧૯૯૮માં દિલ્હીની કમાન સંભાળી હતી, તે સમયે જ્યારે કેન્દ્રમાં ભાજપ સત્તામાં હતો. દિલ્હીનું સંચાલન કરતી સત્તાધિકારીઓ દ્વારા ઊભી થતી જટિલતાઓ છતાં તેમણે નોંધપાત્ર મુદ્દાઓને હલ કરવામાં અને શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્યસંભાળ, શિક્ષણ અને પરિવહનમાં પરિવર્તનકારી ફેરફારો લાવવામાં વ્યવસ્થાપિત કરી.

**એવો પણ એક દાયકો હતો :** કોઈ વ્યક્તિ ગર્વ સાથે રીડર સામે સમૃદ્ધ ડેટા રજૂ કરી શકે છે જેમ કે શહેરનું ગ્રીન કવર (જે ૨૬ ચોરસ કિ.મી.થી વધીને ૩૦૦ ચોરસ કિ.મી. થઈ ગયું છે), ૫૫૦૦ ક્લિન ફ્યુઅલ બસોનો કાફલો, દિલ્હી મેટ્રો લાઈનો, સોનિયા વિહાર ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા, હોસ્પિટલના પથારી, નવી હોસ્પિટલો, યુનિવર્સિટીઓ અને સિદ્ધિઓની યાદી આગળ વધી શકે છે. આ બધું કરવા માટે તેમની પાસે ૧૫ વર્ષ હતા. વર્તમાન પદાધિકારી પણ ૧૦ વર્ષ પૂરા કરી રહ્યા છે, પરંતુ શું તેની કોઈ સરખામણી થઈ શકે ? પ્રાદેશિક પક્ષ સાથે જોડાયેલા વ્યક્તિની સરખામણીમાં રાષ્ટ્રીય પક્ષના મુખ્યપ્રધાન પર અનેક જવાબદારીઓ હોય છે અને તેમ છતાં આપણે ચારે બાજુ જે જોઈએ છીએ તે ભવ્ય ભૂતકાળની યાદોનો ભંગાર છે. જ્યારે શીલા દીક્ષિતે ચાર્જ સંભાળ્યો, ત્યારે તેમણે પોતાના માટે એક નિયમ રજૂ કર્યો હતો કે, વિવાદનું હાડકું બની શકે તેવા કોઈપણ મુદ્દાને ઉકેલવા માટે તેઓ દર અઠવાડિયે એકવાર એલજીની મુલાકાત લેશે. એવો સમય પણ હતો જ્યારે કોઈ પેન્ડિંગ મુદ્દાઓ ન હતા અને તેમ છતાં ગુરૂવારની મીટિંગ એક કપ ચા અને કૂકીઝ પર થતી હતી. તેમના મુખ્ય સચિવ હંમેશા તેની સાથે રહેતા. ભાજપ દ્વારા નિયુક્ત વિજય કપૂરથી લઈને બી.એલ. જોશીથી લઈને તેજિન્દર ખન્નાથી લઈને નજીબ જંગ સુધી, તેમના ત્રણ કાર્યકાળમાં ૪ એલજી જોવા મળ્યા. દિલ્હીના ખૂબ જ જટિલ અને વિશાળ વહીવટી માળખાને કારણે આવશ્યક ઉતાર-ચઢાવ હોવા છતાં મુખ્યમંત્રી અને એલજી વચ્ચેના સંબંધો ક્યારેય પાછા ન ફરી શકાય તેવા બિંદુએ પહોંચ્યા નથી. એવા પ્રસંગો હતા જ્યારે સીએમ અને એલજી ઓફિસ એકબીજા સાથે સંમત ન હતા, પરંતુ પરિસ્થિતિને પરિપક્વતાથી સંભાળીને બ્રેકડાઉન્સ ચપળતાપૂર્વક ટાળવામાં આવ્યું હતું. તેઓ જાણતા હતા કે સર્વસંમતિ-નિર્માણ અને સંબંધ વ્યવસ્થાપન શાસનનો મુખ્ય ભાગ છે, ખાસ કરીને દિલ્હીના.

તેમના કાર્યકાળ દરમિયાન દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી) ૨૦૦૨-૦૭ વચ્ચે માત્ર એક જ વાર કોંગ્રેસ પાસે હતી. ત્યાં પણ આંતર-પક્ષીય રાજકીય ગતિશીલતાને કારણે કાર્ય એટલું સરળ ન હતું અને તેમ છતાં MCD કર્મચારીઓને સમયસર પગાર મળ્યો હતો. પદભારિત વ્યક્તિ આંતરિક સ્પર્ધાથી દૂર રહે છે, કારણ કે, તે તેમના પક્ષના નિર્વિવાદ નેતા છે. રાષ્ટ્રીય પક્ષો વધુ ગતિશીલ રાજકારણનો અનુભવ કરે છે અને નેતાઓને રાજકારણનો શ્રેષ્ઠ અને અતિ ખરાબ સમયનો સામનો કરવો પડે છે. એવી ઘણી ક્ષણો હતી જ્યાં સરકારી નીતિ સામે આંતરિક પ્રતિકાર હતો. આવા બોજોમાંથી પસાર થઈને દીક્ષિતે લોકોના હિતોને રાજકારણના ખરબચડા અને ગડબડથી સંપૂર્ણપણે અળગા રાખ્યા. શહેરમાંથી ઉદ્યોગોને સ્થાળાંતરિત કરવાની પ્રક્રિયા સરળ કવાયત્ નહોતી. તે ૯૦ના દાયકાના અંતમાં શરૂ થયું અને દિલ્હીની કોંગ્રેસ સરકારે ૧૯૯૮ અને ૨૦૧૦ની વચ્ચે ૨૧,૭૫૯ પ્લોટની ફાળવણીની ખાતરી આપી. હાલમાં ફક્ત ૨૦૦ એકમો કાર્યરત છે અને તે પણ રસ્તાઓ, પરિવહન, ગટર, વીજળી અને પાણી જેવી જરૂરી માળખાકીય સુવિધાઓ વિના.

**અનુત્તરિત પ્રશ્નો :** ઓલ્ડ રાજીન્દર નગર દુર્ઘટના માનવસર્જિત હતી. ચૂંટાયેલી સરકાર હોવા છતાં અને વધુ પડતી હસ્તક્ષેપ કરનાર LG હોવા છતાં ત્યાં કોઈ દેખીતી જવાબદારી નથી. પ્રશ્નો અનુત્તરિત રહે છે. કોચિંગ ઈન્સ્ટિટ્યૂટને ભોંયરામાંથી કામ કરવાની મંજૂરી કોણે આપી ? શા માટે નાળાઓનું ધોવાણ કરવામાં આવ્યું નથી ? હું આ દુર્ઘટનાને તે લોકો માટે વેક-અપ કોલ પણ નહીં કહું જેમણે સંયુક્ત રીતે દિલ્હીમાં પહેલેથી જ ખરાબ શાસન વ્યવસ્થાને વધુ ખરાબ કરી દીધી છે. વિવાદાસ્પદ દોષારોપણની રમત વચ્ચે કોઈને ફક્ત દિલ્હીના લોકો માટે જ ખરાબ લાગે છે. તેઓ વિચારે છે કે, લોકશાહીમાં તેમનો હિસ્સો માત્ર એટલા માટે છે કારણ કે, તેઓ પોતાનો મત આપે છે. કેન્દ્ર સરકાર માટે કે જે તેમને અલગ પક્ષની રાજ્ય સરકાર ચૂંટવા માટે ભીખ માંગે છે અને તેના મેદાનને કેવી રીતે વિસ્તૃત કરવું તે માટે કાયમ કાવતરૂં કરે છે અને એક રાજ્ય સરકાર કે જે રાજકારણને તેનું એકમાત્ર અધિકારક્ષેત્ર માને છે અને MCD જે ફક્ત તેના અધિકાર ક્ષેત્રને કેવી રીતે દોહી લેવું તે જ જાણે છે. જો આ દુર્ઘટના વધુ જવાબદાર, અનુભવી, જવાબદાર કોંગ્રેસની સરકાર હેઠળ બની હોત - જેલમાં સીએમ સાથે અમે અમારા સીએમને લોકો વચ્ચે રહેવા અને પ્રશ્નોના જવાબ આપવા અને ચિંતિત માતા-પિતાનો વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવા માટે જામીન માટે અરજી કરવા કહ્યું હોત. જે શીલા દીક્ષિતને હું જાણતો હતો અને તેની સાથે કામ કરતો હતો તેમણે આ જ કર્યું હોત. જે કોંગ્રેસને હું જાણું છું અને તેનો એક ભાગ છું તેણે આ જ કર્યું હોત. જે વડાઓ તાજ પહેરવા માંગે છે, જો તેઓ કટોકટીના સમયે સુરક્ષા અને સંવેદનશીલતાની મૂળભૂત સમજ પૂરી પાડવામાં નિષ્ફળ જાય તો તેને પરત ફરવા માટે તૈયાર રહેવું જોઈએ.-**પવન ખેડા (સૌ.: ધ પ્રિન્ટ.ઈન)**

# જૂના અને નવા ફોજદારી કાયદાઓ વચ્ચે મૂંઝવણમાં રહેલા વકીલો 'ટ્વાઈલાઈટ કેસો' મુદ્દે શા માટે વિરોધ કરી રહ્યા છે




(એજન્સી) તા.૩૦

૧ જુલાઈના રોજ ત્રણ નવા ફોજદારી કાયદા અમલમાં આવ્યા, તે દિવસે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે પત્રકારોને જણાવ્યું હતું કે, નવા કાયદાના દરેક પાસાઓ પર ચાર વર્ષથી વિવિધ હિતધારકો સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. હકીકત એ છે કે, સરકારે આ કથિત ચર્ચાઓની કોઈપણ વિગતો શેર કરવાનો ઈન્કાર કર્યો છે તે ઉપરાંત કાનૂની શાસનમાં પરિવર્તન માટે પર્યાપ્ત રીતે વિચારવામાં આવ્યું ન હતું.

શાહને એ સ્પષ્ટતા કરવા માટે કહેવામાં આવ્યું હતું કે, શું ૧ જુલાઈ પહેલાં નોંધાયેલા પેન્ડિંગ કેસો જૂના કાયદા હેઠળ ચલાવવામાં આવશે કે નવા કાયદા હેઠળ ? ગૃહમંત્રીએ કહ્યું કે, જો ગુનાની તા.૧ જુલાઈ પહેલાની છે, તો તેના પર જૂના કાયદા હેઠળ કેસ ચલાવવામાં આવશે, જો તે પછીનો છે, તો તેના પર નવા કાયદા હેઠળ કેસ ચલાવવામાં આવશે. શાહની આ સ્પષ્ટતા હોવા છતાં જૂના કેસો અંગે મૂંઝવણ છે. છેલ્લા ત્રણ અઠવાડિયામાં સરકારો અને ઉચ્ચ અદાલતોએ આ કેસો વિશે ઘણી સલાહ આપી છે, જે એકબીજા સાથે વિરોધાભાસી છે. તેમાં પરિણામે કોર્ટમાં અંધાધૂંધી છે, વકીલોએ દેશભરમાં વિરોધ પ્રદર્શનો કર્યા છે અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ તેમને નવા કાયદા સામે આંદોલન કરવાથી દૂર રહેવાની અપીલ કરવી પડી છે.

જુલાઈ ૧ એ ગયા વર્ષે ડિસેમ્બરમાં અધિસૂચિત કરાયેલા ત્રણ નવા ફોજદારી કાયદા અમલમાં આવ્યા હતા. ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ - છેલ્લા ૧૬૪ વર્ષથી ભારતનો વ્યાપક ફોજદારી સંહિતા જે તમામ ફોજદારી ગુનાઓની ગણતરી કરે છે અને તેમની સજાઓ નિર્ધારિત કરે છે - તેને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ દ્વારા બદલવામાં આવ્યા હતા. ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ - ભારતીય અદાલતોમાં પુરાવાની સ્વીકાર્યતાને નિયંત્રિત કરતો કાયદો છે અને તેને ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ સાથે બદલવામાં આવ્યો. ફોજદારી કાર્યવાહીની સંહિતા ૧૯૭૩ - જે પોલીસ તપાસ અને ટ્રાયલ ચલાવવા માટેનું માળખું પૂરૂં પાડતો પ્રક્રિયાગત કાયદો છે - તે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ સાથે બદલવામાં આવ્યો છે.

આ કાયદાના અમલમાં આવ્યાના એક અઠવાડિયા કરતાં પણ ઓછા સમય પહેલાં દિલ્હી પોલીસ અને તેલંગાણા પોલીસે આ બાબતની સ્પષ્ટતા કરવા માટે પરિપત્રો જારી કર્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, જૂના ફોજદારી કાયદાઓ એવા ગુનાઓ પર લાગુ થશે જે ૧ જુલાઈ પહેલાં થયા હતા અને નોંધાયેલા હતા, જ્યારે ૧ જુલાઈના રોજ અથવા તે પછી નોંધાયેલા ગુનાઓ નવા કાયદા હેઠળ આવશે.

જો ગુનો ૧ જુલાઈ પહેલાં થયો હતો પરંતુ ૧ જુલાઈના રોજ અથવા તે પછી નોંધાયેલ હતો, જૂનો મૂળ ફોજદારી કાયદો - ભારતીય દંડ સંહિતા અને નવો પ્રક્રિયાગત ફોજદારી કાયદો - ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - સામૂહિક રીતે લાગુ થશે. આનો અર્થ એ છે કે, આરોપીઓ સામેના ગુનાઓ IPCમાંથી લેવામાં આવશે, પરંતુ કેસની તપાસ કરવામાં આવશે અને નવા કાયદામાં નિર્ધારિત ફોજદારી પ્રક્રિયાનો ઉપયોગ કરીને કાર્યવાહી કરવામાં આવશે.

ટૂંક સમયમાં વધુ પ્રશ્નો ઊભા થયા હતા. દરેક કેસ ફોજદારી ન્યાય પ્રક્રિયાના વિવિધ તબક્કામાંથી પસાર થાય છે - તપાસ, ટ્રાયલ અને અપીલ. ૧ જુલાઈ પહેલા નોંધાયેલા કેસો અલગ-અલગ તબક્કે હતા. ટૂંક સમયમાં ભારતભરની ઉચ્ચ અદાલતોને કયો કાયદો તેમના પર કયા તબક્કે લાગુ થયો તે અંગેના મુશ્કેલ પ્રશ્નોનો સામનો કરવો પડ્યો છે.

હાઈકોર્ટે આ સવાલોના જવાબ અલગ અલગ આપ્યા હતા.

૯ જુલાઈના રોજ રાજસ્થાન હાઈકોર્ટના જસ્ટિસ અરૂણ મોંગાએ ચુકાદો આપ્યો હતો કે, જો કોઈ ગુના માટેનો પ્રથમ માહિતી અહેવાલ ૧ જુલાઈ પહેલાં દાખલ કરવામાં આવ્યો હોય તો પછીની કાર્યવાહી - એટલે કે, તપાસ અને ટ્રાયલ - જૂની ફોજદારી પ્રક્રિયાને અનુસરવી પડશે. બે દિવસ બાદ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના જસ્ટિસ સુમીત ગોયલે ચુકાદો આપ્યો કે, જો પ્રથમ માહિતી અહેવાલ ૧ જુલાઈ પહેલાં દાખલ કરવામાં આવ્યો હોય પરંતુ તેને લગતી કોઈપણ કોર્ટ અરજી અથવા અરજી ૧ જુલાઈના રોજ અથવા તે પછી દાખલ કરવામાં આવી હોય, તો નવી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા હેઠળ ફાઈલિંગ કરવાની રહેશે. ૧ જુલાઈથી જૂના ક્રિમિનલ પ્રોસિજર કોડ હેઠળ શરૂ કરવામાં આવેલી કોઈપણ અદાલતી કાર્યવાહી અમાન્ય ગણાશે.

તે જ દિવસે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે એક પરિપત્ર બહાર પાડ્યો હતો જેમાં જણાવ્યું હતું કે, હાઈકોર્ટમાં નવા કે જૂના બંને પ્રકારના ફોજદારી કાયદાઓ હેઠળ નવા કેસ દાખલ કરી શકાય છે અને કોર્ટ રજિસ્ટ્રી તેની સામે વાંધો ઊઠાવી શકે નહીં. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના આ બંને નિર્ણયો એકબીજા સાથે અસંગત છે. દિલ્હી હાઈકોર્ટમાં જસ્ટિસ એ.જે. ભંભાણીએ પણ સમાન પ્રશ્નો પર આદેશ સંભળાવ્યો હતો. ૧૨ જુલાઈના રોજ તેમણે ચુકાદો આપ્યો હતો કે, જૂના ફોજદારી કાયદાઓ હેઠળ દાખલ કરાયેલ પ્રથમ માહિતી અહેવાલમાં ૧ જુલાઈના રોજ અથવા તે પછી દાખલ કરવામાં આવેલી આગોતરા જામીન અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા દ્વારા દાખલ કરવી પડશે.

ફોજદારી કાયદાના નિષ્ણાતોએ કહ્યું છે કે, આ અસમાન્ય પરિસ્થિતિ છે અને ખરાબ રીતે તૈયાર કરાયેલ કાયદાઓનું પરિણામ છે. ઈન્ડિયાના યુનિવર્સિટી, બ્લૂમિંગ્ટન, યુનાઈટેડ સ્ટેટ્સમાં ફોજદારી ન્યાયના પ્રોફેસર અને બિહાર કેડરના પૂર્વ ભારતીય પોલીસ સેવા અધિકારીએ જણાવ્યું હતું કે, અમે હવે નવા કાયદાઓની લાગુતા અને જોગવાઈઓનું અર્થઘટન કરવા માટે વ્યક્તિગત ન્યાયાધીશો પર નિર્ભર છીએ.

લીગલ પોલિસી થિંક-ટેન્ક વિધીમાં ક્રિમિનલ જસ્ટિસ ટીમના વરિષ્ઠ નિવાસી ફેલો નાવેદ મેહમૂદ અહમદે સ્ક્રોલને કહ્યું, જ્યારે કોઈપણ વસ્તુઓ વિશે વિચાર્યા વિના વ્યાપક કાયદા બનાવવામાં આવે છે ત્યારે આવું થાય છે. તેમણે કહ્યું કે, ઉચ્ચ અદાલતો આવા કેસો પર બહુવિધ અર્થઘટન કરશે. જો કોઈ હાઈકોર્ટના કોઈ ચોક્કસ અર્થઘટન સાથે સહમત ન હોય, તો તેઓ તેની સામે અપીલ કરી શકે છે, આનાથી કાનૂની પ્રણાલી પર વધુ બોજ પડશે, જેના કારણે મુકદમામાં વધારો થશે.

# રાઉ'ના IAS ભોંયરાની ઘટનાના મહિના પહેલાં MCDને UPSC ઉમેદવારે ફરિયાદ અને બે રિમાઈન્ડર મોકલ્યા હતા

## ૨૬ જૂનની ફરિયાદમાં કિશોરસિંહ કુશવાહે MCDને ચેતવણી આપી હતી કે, 'મોટો અકસ્માત થવાની સંભાવના છે', બીજી ફરિયાદમાં એક વ્યક્તિએ પાણી ભરાવાને કારણે વીજ કરંટનો મુદ્દો ઊઠાવ્યો હતો




(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

મધ્યપ્રદેશના એક UPSC ઉમેદવારે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD)માં પૂરની ઘટનાના એક મહિના પહેલાં રાઉના IAS કોચિંગ સેન્ટરમાં ભોંયરાના કથિત ગેરકાયદેસર ઉપયોગ વિશે ફરિયાદ નોંધાવી હતી જેમાં ત્રણ વિદ્યાર્થીઓના જીવ ગયા હતા. ૨૬ જૂનની ફરિયાદમાં ૨૯ વર્ષીય કિશોરસિંહ કુશવાહે વર્ણવ્યું હતું કે, કેવી રીતે દિલ્હીના જૂના રાજીન્દર નગરમાં બેઝમેન્ટ ક્લાસરૂમ વિદ્યાર્થીઓ અને સ્ટાફની સલામતી માટે નોંધપાત્ર જોખમ ઊભું કરે છે આમ કહીને તેમણે 'મોટા અકસ્માતની સંભાવના'ની ચેતવણી આપી હતી. તાજેતરમાં જ કરોલ બાગના જૂના રાજીન્દર નગર વિસ્તારમાં ચોમાસાની ઋતુમાં પાણી ભરાવાને કારણે વીજળી પડવાના કિસ્સાઓ અંગે પૂરની ઘટનાના માત્ર ત્રણ દિવસ પહેલાં ૨૪ જુલાઈએ MCDમાં બીજી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદ કરનાર વ્યક્તિના નામનો ઉલ્લેખ નથી. મીડિયાએ બંને ફરિયાદોની નકલો એક્સેસ કરી છે. કિશોરસિંહ કુશવાહે તેમની ફરિયાદમાં MCD દ્વારા 'ભ્રષ્ટાચાર' સૂચવ્યું હતું. તેમની ફરિયાદમાં જણાવાયું છે કે, 'મારા ધ્યાનમાં આવ્યું છે કે, રાઉના IAS જરૂરી પરવાનગી વિના અને નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) મેળવ્યા વિના ભોંયરામાં વર્ગખંડો ચલાવે છે. આ વર્ગખંડોનું સ્થાન ઓલ્ડ રાજીન્દર નગર, કરોલ બાગ, નવી દિલ્હીમાં છે અને તેઓ પરીક્ષણ વર્ગો ચલાવી રહ્યા છે.' ફરિયાદમાં ઉમેરવામાં આવ્યું હતું કે, 'સંબંધિત સત્તાધિકારીને જાણ કરવા વિનંતી છે. તેઓએ જણાવ્યું છે કે, આ માટેના નાણાં દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD)ના કમિશનરને જાય છે, જે MCDમાં ભ્રષ્ટાચારના મુખ્ય ઉદાહરણને પ્રકાશિત કરે છે.' કુશવાહ જેણે તેના કોચિંગ વર્ગો પૂરા કર્યા છે, તે વિસ્તારના અન્ય વિદ્યાર્થીઓની જેમ સિવિલ સર્વિસ પરીક્ષાઓની તૈયારી કરતી વખતે જૂના રાજીન્દર નગરમાં છેલ્લા બેથી ત્રણ વર્ષથી રહે છે. તેણે મીડિયા સાથે શેર કર્યું કે તેણે વારંવાર ત્યાં પાણી ભરાઈ જવાની સમસ્યાઓ જોઈ છે અને તે બે પ્રસંગોએ વ્યક્તિગત રીતે ફસાયેલા છે. તેમણે કહ્યું કે, 'આવા એક ઉદાહરણ દરમિયાન જ્યારે હું રસ્તો ક્રોસ કરતી વખતે ફસાઈ ગયો, ત્યારે મેં ભોંયરૂં જોયું. મને સમજાયું કે આ એક નોંધપાત્ર સમસ્યા છે. મને આશ્ચર્ય થયું કે, MCD ખાસ કરીને સ્માર્ટ લોક ગેટવાળા બંગલાને એ ડબલ બેઝમેન્ટ માટે પરવાનગી કેવી રીતે આપી, જ્યારે આવી કોઈ પરમિટ અસ્તિત્વમાં નથી.' કુશવાહે કહ્યું કે, તેમણે તેમની ફરિયાદ અંગે બે વાર રિમાઈન્ડર પણ મોકલ્યા છે - એક વાર ૧૫ જુલાઈએ અને પછી બીજી ૨૨ જુલાઈએ. તેમણે ૨૨ જુલાઈના રોજ તેમના રિમાઈન્ડરમાં લખ્યું હતું કે, 'સર કૃપા કરીને પગલાં લો. તે વિદ્યાર્થીની સલામતીનો મુદ્દો છે.' તેમણે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, 'હું તે વિસ્તારમાં રહું છું. જ્યારે તે પૂર આવ્યું ત્યારે હું ત્યાં હતો અને મને ખૂબ જ ખરાબ અને દોષિત પણ લાગ્યું. મેં એક મહિના પહેલાં ફરિયાદ નોંધાવી હતી. જો તેઓએ તે સમયે સાંભળ્યું હોત અને પગલાં લીધા હોત, તો કમનસીબ દુર્ઘટના ટાળી શકાઈ હોત.' દિલ્હીના જૂના રાજીન્દર નગરમાં શનિવારે કોચિંગ સેન્ટરના ભોંયરામાં ડૂબી જવાથી ત્રણ વિદ્યાર્થીઓનાં મોત થયા હતા. બિલ્ડિંગના બે માલિકો સહિત અત્યાર સુધીમાં સાત લોકોની ધરપકડ કરવામાં આવી છે. દરમિયાન ૨૪ જુલાઈના રોજ દાખલ કરાયેલી અન્ય અનામી ફરિયાદમાં ફરિયાદીએ લખ્યું, 'બધે જ ઘણા ખુલ્લા વાયરો પડ્યા છે, જે લોકો માટે જીવલેણ સંકેત છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું હતું કે, આ મુદ્દો ખૂબ જ ચિંતા પ્રેરક છે કારણ કે, અમે દિલ્હીમાં ઘણા જીવલેણ કેસો જોયા છે જે મૃત્યુ તરફ દોરી ગયા છે તેથી લોકોની સલામતીની ચિંતા (sic) માટે તાત્કાલિક પગલાં લેવાની ખૂબ જ નમ્ર વિનંતી છે.' મીડિયા દ્વારા એક્સેસ કરાયેલી નકલમાં સ્વયં સંચાલિત પ્રતિભાવ પણ છે જેમાં કહેવામાં આવ્યું છે કે, ફરિયાદ MCD કંટ્રોલ રૂમને ફોરવર્ડ કરવામાં આવી છે અને 'ફરિયાદ નં.૮૫૪' છે. ગૃહ મંત્રાલયે આ દુઃખદ ઘટનાની તપાસ માટે એક સમિતિની રચના કરી છે. આ સમિતિ કારણો નક્કી કરશે, જવાબદારી સોંપશે, નિવારક પગલાંની ભલામણ કરશે અને નીતિમાં ફેરફાર સૂચવશે. આ કમિટી ૩૦ દિવસમાં પોતાનો રિપોર્ટ આપે તેવી અપેક્ષા છે.

# રાજસ્થાનની શાળાઓ નવા શૈક્ષણિક કેલેન્ડરમાં કલમ ૩૭૦ રદ થવાની તેમજ સાવરકર જયંતીની ઉજવણી કરશે




(એજન્સી) જયપુર, તા.૩૦

રાજસ્થાનના શિક્ષણ વિભાગે ૨૦૨૪-૨૦૨૫ માટે શાળાના કેલેન્ડરમાં વધારાની જાહેરાત કરી છે, જેમાં ૨૮ મેના રોજ સાવરકર જયંતિ અને ૫ ઓગસ્ટે જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવાની ઉજવણીનો સમાવેશ થાય છે, જેને સ્વર્ણ મુકુટ મસ્તક દિવસ નામ આપવામાં આવ્યું છે. નવું કેલેન્ડર રાજયભરની સરકારી અને ખાનગી શાળાઓને લાગુ પડશે. નોંધપાત્ર ફેરફારોમાં દર મહિનાના બીજા અને ચોથા શનિવારે બેગ ડેની રજૂઆત છે, જે દરમિયાન વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહિત કરવા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. વિભાગે શિયાળાની રજાઓ દરમિયાન ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક શિક્ષણની સાથે વ્યવહારૂ અનુભવ પ્રદાન કરવાના હેતુથી નોકરી પરની તાલીમ પણ શરૂ કરી છે. શિક્ષણ નિયામક આશિષ મોદી દ્વારા બહાર પાડવામાં આવેલા કેલેન્ડર મુજબ, તહેવારો અને રવિવાર સહિત અન્ય કારણોસર ૧૫૨ રજાઓ સાથે, શાળાઓ વર્ષમાં ૨૧૩ દિવસ માટે સત્ર ચાલુ રહેશે. દિવાળીની રજાઓ ૨૭ ઓકટોબરથી ૭ નવેમ્બર સુધી અને શિયાળાની રજાઓ ૨૫ ડિસેમ્બરથી ૫ જાન્યુઆરી સુધી ચાલશે. ૨૦૨૫-૨૦૨૬નું નવું શૈક્ષણિક સત્ર ૧લી જુલાઈ, ૨૦૨૫ના રોજથી શરૂ થશે. આ ફેરફારો શૈક્ષણિક કેલેન્ડરમાં ઐતિહાસિક અને સમકાલીન ઘટનાઓને સમાવિષ્ટ કરવાના રાજયના પ્રયત્નોને પ્રતિબિંબિત કરે છે, જ્યારે વિદ્યાર્થીઓના શિક્ષણ અને સંલગ્નતાને વધારવા માટે નવીન પ્રથાઓ પણ રજૂ કરે છે.

# જયા બચ્ચનને 'જયા અમિતાભ બચ્ચન' કહીને સંબોધવામાં આવતાં ગુસ્સે થયાં



(એજન્સી) તા.૩૦

વરિષ્ઠ અભિનેત્રી અને રાજકારણી જયા બચ્ચને ગઈકાલે રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ નારાયણ સિંહ દ્વારા તેમના પતિના નામથી સંબોધવા સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો.

હરિવંશ નારાયણે તેમને ગૃહમાં બોલવા માટે બોલાવતા જણાવ્યું કે, ''શ્રીમતી જયા અમિતાભ બચ્ચન જી, કૃપા કરીને.''

જયા બચ્ચને જવાબ આપ્યો, ''સર, સર, જયા બચ્ચન બોલતે તો કાફી હોતા.''

હરિવંશ નારાયણ સિંહે જણાવ્યું કે સંસદના રેકોર્ડમાં તેમનું નામ સત્તાવાર રીતે જયા અમિતાભ બચ્ચન તરીકે નોંધાયેલું છે.

સિંહે જણાવ્યું કે, ''તમારૂં આખું નામ અહીં લખવામાં આવ્યું હતું, મેં તે જ પુનરાવર્તન કર્યું છે.''

જયા બચ્ચને જણાવ્યું કે, ''આ કંઈક નવું છે જે મહિલાઓને તેમના પતિના નામથી ઓળખવામાં આવશે. તેઓ (મહિલાઓ)નું પોતાનું કોઈ અસ્તિત્વ અથવા સિદ્ધિઓ નથી. તેમણે ત્રણ ઉમેદવારોના મોત પર પોતાનો મત વ્યક્ત કર્યો અને જણાવ્યું કે, આ ખૂબ જ દુઃખદ ઘટના છે અને આ મામલે રાજકારણ ન લાવવું જોઈએ.

ગયા અઠવાડિયે, પૂર્વ દિલ્હીમાં કોચિંગ સેન્ટરના ભોંયરામાં પાણી ભરાઈ જતાં ત્રણ વિદ્યાર્થીઓ ડૂબી ગયા હતા.

# કેજરીવાલ સાથે એકતા વ્યક્ત કરવા માટે ઈન્ડિયા ગઠબંધનના પક્ષો દિલ્હીમાં સંયુક્ત રેલી યોજશે

### પક્ષોએ તપાસ એજન્સીઓના કથિત દુરૂપયોગ માટે કેન્દ્રની નિંદા કરી

(એજન્સી) તા.૩૦

વિપક્ષી ઈન્ડિયા ગઠબંધનના પક્ષો દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે એકતા દર્શાવવા માટે એકજૂટ થયા હતા. ઘટક પક્ષોએ રાષ્ટ્રીય રાજધાનીમાં કેજરીવાલની 'અયોગ્ય' ધરપકડ અને કારાવાસના વિરોધમાં ભાગ લીધો હતો અને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર પર ડાયાબિટીસથી પીડાતા આમ આદમી પાર્ટીના નેતાના સ્વાસ્થ્યને જોખમમાં મૂકવાનો આરોપ મૂક્યો હતો.

દિલ્હીના વિરોધના હોટસ્પોટ, જંતર-મંતર ખાતે AAP દ્વારા આયોજિત જાહેર રેલીમાં ઈન્ડિયા બ્લોકની તમામ મુખ્ય ગઠબંધન પાર્ટીઓના નેતાઓએ ભાગ લીધો હતો, કેજરીવાલ અને અન્ય વિપક્ષી નેતાઓ સામે કેન્દ્ર દ્વારા તપાસ એજન્સીઓના કથિત દુરૂપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરતા તેમના ભાષણોએ એકતાનું નિવેદન આપ્યું હતું. તેમણે ઘોષણા કરી કે વિરોધ પક્ષો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'સરમુખત્યારશાહી' કાર્યશૈલી સામે કેજરીવાલની લડાઈમાં તેમની સાથે છે અને લોકસભા ચૂંટણી પછી સંસદમાં ભાજપની ઘટતી હાજરીનો ઉલ્લેખ કર્યો હતો.

કેજરીવાલની પત્ની સુનીતા AAPના વરિષ્ઠ નેતાઓ અને દિલ્હી અને પંજાબના ધારાસભ્યો સાથે મંચ પર હાજર હતા કારણ કે, ઈન્ડિયા ગઠબંધન ભાગીદારોના નેતાઓ વિરોધમાં ભાગ લેવા પહોંચ્યા હતા.

આગામી વિધાનસભા ચૂંટણીમાં AAP હરીફ હોવાથી કેજરીવાલની ધરપકડના મુદ્દે કડક સંતુલન વર્તાવનાર કોંગ્રેસ વિરોધ રેલીમાં હાજરી આપશે કે કેમ તે અંગે અટકળો ચાલી રહી હતી. જો કે, પક્ષ વિપક્ષી નેતાઓની પાછળ જવા અને કાર્યક્રમમાં હાજરી આપવા અંગે તપાસ એજન્સીઓ અંગે રાષ્ટ્રીય સ્તરે અપનાવેલી લાઈન પર અટવાયેલો છે. રાજ્યસભામાં કોંગ્રેસના ઉપનેતા પ્રમોદ તિવારી અને તેમના લોકસભાના સમકક્ષ ગૌરવ ગોગોઈએ આંદોલનમાં ભાગ લીધો હતો.

તિવારીએ કહ્યું કે, તેઓ અને તેમના પક્ષના સાથી ગોગોઈ આ કાર્યક્રમમાં પાર્ટીના ટોચના નેતૃત્વ-મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા અને તેમના વતી કેજરીવાલને સંપૂર્ણ નૈતિક સમર્થન આપવા ત્યાં હતા. તિવારીએ કહ્યું, 'જંગી બહુમતી સાથે ચૂંટાયેલા મુખ્યપ્રધાનની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારે અમે તેનો વિરોધ કર્યો હતો અને અમે તમારી સાથે ઊભા રહીશું. જો ભાજપ એવું વિચારે છે કે, અમારા નેતાઓની ધરપકડ કરીને તેઓ અમને તોડી નાખશે તો તેઓ ખોટા છે. અમે તેમની સામે ઝૂકીશું નહીં.'

ગોગોઈએ કહ્યું, 'વડાપ્રધાન ૫૬ ઈંચની છાતી હોવાની બડાઈ કરે છે તો પછી તે ઈડી અને સીબીઆઈની પાછળ કેમ છૂપાઈ રહ્યા છે ? તેઓએ મુખ્યમંત્રીઓની ધરપકડ કરી, અમારા બેંક ખાતા સીલ કર્યા. જો ચૂંટણી નિષ્પક્ષ અને પારદર્શક રીતે યોજાઈ હો, તો અમે સત્તામાં હોત અને તેઓ વિપક્ષમાં બેઠા હોત.'

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન અખિલેશ યાદવે કહ્યું કે, કેજરીવાલ સાથે ગંભીર અન્યાય કરવામાં આવી રહ્યો છે અને તેમની ધરપકડનો હેતુ શાસક વહીવટ દ્વારા સંચાલિત સત્તા વિશે સંદેશ આપવાનો હતો. પરંતુ લોકોએ તેમને પાઠ ભણાવ્યો છે. યાદવે કહ્યું કે, યુપીના લોકોએ માત્ર ભાજપને હરાવ્યું નથી, તેઓએ સમાજવાદી પાર્ટીને પણ વોટ આપીને અને ઈન્ડિયા ગઠબંધને ભાજપને બહુમતી મેળવતા રોક્યા છે. વડાપ્રધાન ભલે જીત્યા હોય પરંતુ મતોની દૃષ્ટિએ તેઓ હારી ગયા છે. NCP (SP)ના સુપ્રીમો શરદ પવારે કેજરીવાલ અને પાર્ટીના અન્ય નેતાઓને જેલના સળિયા પાછળ મૂકીને દિલ્હીમાં AAP સરકારને અસ્થિર કરવાના ભાજપશાસિત કેન્દ્રના કથિત પ્રયાસ વિશે વાત કરી હતી. પવારે કહ્યું કે, 'દિલ્હીના લોકો સારી રીતે જાણે છે કે, અહંકારી નેતાઓને કેવી રીતે પાઠ ભણાવવો. તેઓ ભાજપને પાઠ ભણાવશે.' સીપીઆઈ(એમ)ના મહાસચિવ સીતારામ યેચુરીએ નોંધ્યું કે ભલે ભાજપ બહુમતીના આંકડાથી નીચે હોય અને તેની સંખ્યા ૬૩ સાંસદો ઓછી થઈ હોય પણ તેનું વલણ બદલાયું નથી. તેમણે કહ્યું કે, 'તેઓ હજુ પણ એવું વર્તન કરે છે કે, જાણે તેઓ માત્ર રાજાઓ જ નથી પરંતુ સમ્રાટો હોય.' યેચુરીએ કહ્યું કે, કેજરીવાલ સામેનો કેસ સ્પષ્ટપણે રાજકારણથી પ્રેરિત છે. સીપીઆઈના જનરલ સેક્રેટરી ડી. રાજાએ જણાવ્યું હતું કે, કેજરીવાલની ધરપકડ એ ભાજપશાસિત કેન્દ્રના વિપક્ષી નેતાઓને નિશાન બનાવવા, તેમને ડરાવવા અને તેમના પક્ષોને અપંગ કરવા માટે ED અને CBIનો ઉપયોગ કરવાના પ્રયાસોનું મુખ્ય ઉદાહરણ છે.

શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે આક્રમક નોંધ કરી હતી કારણ કે, તેમણે કહ્યું હતું કે, જ્યારે ઈન્ડિયા ગઠબંધન સત્તામાં આવશે ત્યારે પરિસ્થિતિ ભાજપની વિરૂદ્ધ બદલાઈ જશે અને તે જ ED અને CBI જેનો તેઓએ દુરૂપયોગ કર્યો છે તે જ તેમને હાથકડી લગાવશે.

રાજ્યસભામાં ટીએમસીના ડેપ્યુટી લીડર સાગરિકા ઘોસે કહ્યું કે, તેઓ પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીનો સંદેશ લઈને આવ્યા છે, જે દેશના એકમાત્ર મહિલા મુખ્યપ્રધાન સુનિતા માટે છે. 'TMC AAP સાથે મળીને સરમુખત્યારશાહી સામે લડશે. તેમણે કહ્યું કે, મમતા બેનરજીએ સુનીતા કેજરીવાલને સંપૂર્ણ સમર્થનની ઓફર કરી છે.'

ડીએમકેની પ્રતિનિધિત્વ કરતા રાજ્યસભાના સાંસદ તિરૂચી એન. શિવાએ જણાવ્યું હતું કે, ભાજપ ઘણીવાર ઈમરજન્સી વિશે બોલે છે, પરંતુ તેણે અઘોષિત ઈમરજન્સી લાગુ કરી છે.

સુનિતાએ અંતમાં વાત કરી અને લાગણીથી ભરેલા ભાષણમાં કેજરીવાલની જેલના સળિયા પાછળની તબિયત વિશે વાત કરી. તેમણે કહ્યું કે, તે છેલ્લા ૨૨ વર્ષથી ડાયાબિટીસથી પીડિત છે અને તેનું સુગર લેવલ નિયંત્રિત રાખવા માટે તે ઈન્સ્યુલિન પર નિર્ભર છે.

તેમણે કહ્યું કે, 'જેલમાં તેને ઈન્સ્યુલિન આપવામાં આવ્યું ન હતું. એક કાવતરાના ભાગરૂપે તેમના સ્વાસ્થ્યની ઉપેક્ષા કરવામાં આવી હતી. તેઓ તેમના હાથની આસપાસ સેન્સર પહેરે છે જે તેમના શુગર લેવલને રેકોર્ડ કરે છે. પાંચ પ્રસંગોએ સેન્સરના રીડિંગ મુજબ તેનું શુગર લેવલ ૫૦ની નીચે આવી ગયું છે અને તે સૂતા હતા ત્યારે આ બન્યું હતું. તે એક ચમત્કાર છે કે, તેમની સાથે કંઈ થયું નથી.' તેમણે રાજ્યના મુખ્ય સચિવને એક પત્ર લખવા બદલ ઉપરાજ્યપાલ વિનયકુમાર સક્સેના પર આકરા પ્રહાર કર્યા હતા જેમાં તેમણે કેજરીવાલ દ્વારા 'ઓછી કેલરીના સેવનનો ઈરાદાપૂર્વક વપરાશ' કરવાનો આક્ષેપ કર્યો હતો. સુનીતાએ કહ્યું કે, 'તેઓએ તેમના પર ખોટો કેસ કર્યો; તેઓ તેમના સ્વાસ્થ્ય સાથે રમી રહ્યા છે અને તેઓએ ચૂંટાયેલા મુખ્ય પ્રધાનને બદનામ કરવાના પ્રયાસો પણ કર્યા છે.'

# લદ્દાખના પેંગોંગ ત્સો પર ચીને 'પુલ પૂર્ણ કર્યો', કોંગ્રેસે મોદી સરકારની 'મૌન'ની ટીકા કરી

### પક્ષના વડા મલ્લિકાર્જુન ખડગેના એક દિવસ બાદ મનિષ તિવારીએ અખબારના અહેવાલને ટાંકીને ભાજપની આગેવાનીવાળી સરકાર પર બેઇજિંગની આક્રમકતા પ્રત્યે આંખ આડા કાન કરવાનો આરોપ મૂક્યો હતો

(એજન્સી) તા.૩૦

કોંગ્રેસના નેતા મનિષ તિવારીએ એક અખબારના અહેવાલને ટાંકીને નિર્દેશ કર્યો હતો કે, ચીને લદ્દાખમાં પેંગોંગ ત્સો પર એક પુલ કાર્યરત કર્યો છે અને આ અંગે 'મૌન' બદલ સરકારની ટીકા કરી હતી. તિવારીએ X (અગાઉ ટ્વિટર) પર પોસ્ટ કર્યું કે, 'ચીને એક પુલ બનાવ્યો છે જે પેંગોંગ તળાવના ઉત્તર અને દક્ષિણ કાંઠાને જોડે છે. ભારત માટે ગંભીર વ્યૂહાત્મક પરિણામો ધરાવે છે કારણ કે, તે ચીનને સરોવરના એક કિનારેથી બીજા કાંઠે ઝડપથી સૈનિકો ખસેડવાની મંજૂરી આપે છે. તે પેંગોંગ લેક સેક્ટરમાં ચીનને વ્યૂહાત્મક વર્ચસ્વ પ્રદાન કરે છે. તેના મૌન દ્વારા GOI ચીનને રોજેરોજ જમીન પર નવા તથ્યો બનાવવા માટે સક્ષમ બનાવે છે. સંસદે હવે આ અંગે ચર્ચા કરવી જોઈએ.' તિવારીએ મીડિયાના એક અહેવાલને ટાંક્યો જેમાં LACથી ૨૫ કિ.મી. દૂર બાંધકામની વિગતો આપવામાં આવી હતી. તિવારીનો હુમલો કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ તેમની પાર્ટીની એ માંગને પુનરાવર્તિત કર્યાના એક દિવસ પછી આવ્યો છે કે, સરકારે ચીન સાથેની સરહદ પરની પરિસ્થિતિ પર રાષ્ટ્રને વિશ્વાસમાં લેવું જોઈએ.

**જાહેરાત :** ખડગેએ X પર એક મીડિયા અહેવાલ પણ શેર કર્યો જેમાં દાવો કરવા માટે ઉપગ્રહની છબીઓ ટાંકવામાં આવી હતી કે, ચીનની સૈન્ય પૂર્વી લદ્દાખમાં પેંગોંગ તળાવની આસપાસના વિસ્તારમાં લાંબા અંતર માટે ખોદકામ કરી રહી છે, તેણે શસ્ત્રો અને બળતણ સંગ્રહવા માટે ભૂગર્ભ બંકરો બાંધ્યા છે અને પ્રદેશમાં મુખ્ય મથક ખાતે સશસ્ત્ર વાહનો માટે સખત આશ્રયસ્થાનો બનાવ્યા છે. ખડગેએ કહ્યું, 'ચીન કેવી રીતે પેંગોંગ ત્સો નજીક જમીન પર લશ્કરી મથક બનાવી શકે છે જે મે ૨૦૨૦ સુધી ભારતના કબજા હેઠળ હતું.' બીજેપીએ જણાવ્યું હતું કે, સંબંધિત સિરિજાપ વિસ્તાર ૨૧મી ઓક્ટોબર, ૧૯૬૨ના રોજ ચીની સૈનિકો દ્વારા હુમલો કરીને કબજે કરવામાં આવ્યો હતો, જ્યારે જવાહરલાલ નહેરૂ વડાપ્રધાન હતા. ભાજપના આઈટી વિભાગના વડા અમિત માલવિયાએ X પર એક પોસ્ટમાં કહ્યું, 'ખડગેજી તમે કાં તો લશ્કરી ઈતિહાસ અને ૧૯૬૨માં ચીનના અમારી જમીન પરના ગેરકાયદેસર કબજા વિશે કંઈ જાણતા નથી અથવા જાણીજોઈને #FakeNews ફેલાવી રહ્યા છો.' તેમણે કહ્યું કે, 'તમારી જાણ ખાતર, સંબંધિત સિરિજાપ વિસ્તાર ૨૧મી ઓક્ટોબર, ૧૯૬૨ના રોજ ચીની સૈનિકો દ્વારા હુમલો કરીને કબજે કરવામાં આવ્યો હતો, જ્યારે જવાહરલાલ નહેરૂ વડાપ્રધાન હતા. તેથી અમે બાલક બુદ્ધિના પરદાદાના પાપોની ચૂકવણી કરી રહ્યા છીએ અને ત્યારથી ૨૦૨૦ સાથે કોઈ લેવાદેવા નથી.' માલવિયાએ ઉમેર્યું હતું કે, 'કેટલાક મિલિટરી જર્નલોએ આ હકીકત રેકોર્ડ કરી છે, જેમાં ૧૯૯૩માં પબ્લિકેશન ડિવિઝન દ્વારા બહાર પાડવામાં આવેલ નકશામાં ચાઈનીઝ આક્રમકતાનો સમાવેશ થાય છે. તમે તેની નકલ મેળવીને તમારી જાતને શિક્ષિત કરી શકો છો.'

તેમની પોસ્ટમાં ખડગેએ કહ્યું, 'જેમ કે આપણે પીએમ નરેન્દ્ર મોદી દ્વારા ગલવાન પર આપવામાં આવેલી 'ક્લીનચિટ'ના પાંચમાં વર્ષમાં પ્રવેશીએ છીએ, જ્યાં આપણા બહાદુર સૈનિકોએ તેમના જીવનનું બલિદાન આપ્યું હતું, ત્યારે પણ ચીન આપણી પ્રાદેશિક અખંડિતતા પર પ્રહાર કરવાનું ચાલુ રાખે છે !' ફક્ત યાદ કરવા માટે ૧૦મી એપ્રિલ, ૨૦૨૪ PM મોદી વિદેશી પ્રેસને આપેલા ઈન્ટરવ્યુમાં વૈશ્વિક મંચ પર ભારતના કેસને મજબૂત રીતે રજૂ કરવામાં નિષ્ફળ ગયા. ૧૩મી એપ્રિલ, ૨૦૨૪ EAMના નિવેદન કે 'ચીને અમારી કોઈ જમીન પર કબજો કર્યો નથી' એ મોદી સરકારની ચીન પ્રત્યેની ઢીલી નીતિને છતી કરી છે ! તેમણે X પર કહ્યું કે, '૪થી જુલાઈ, ૨૦૨૪ ભલે EAM તેમના ચીની સમકક્ષને મળે અને કહે, LACનું સન્માન કરવું અને સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-શાંતિ સુનિશ્ચિત કરવી જરૂરી છે.' ખડગેએ કહ્યું, ચીને આપણા પ્રદેશ પર કબજો કરવા અને સિરિજાપમાં લશ્કરી થાણું બનાવવાનું ચાલુ રાખ્યું છે, જે કથિત રીતે ભારતના નિયંત્રણ હેઠળ હતું. તેમણે આરોપ લગાવ્યો કે, વાસ્તવિક નિયંત્રણ રેખા પર યથાસ્થિતિ જાળવી ન રાખવા માટે મોદી સરકાર જવાબદાર છે. તેમણે આરોપ લગાવ્યો કે, આપણે ૬૫માંથી ૨૬ પેટ્રોલિંગ પોઈન્ટ્સ (PP)નો કબજો ગુમાવ્યો છે જેમાં ડેપસાંગ મેદાનો, ડેમચોક અને ગોગરા હોટ સ્પ્રીંગ્સ વિસ્તારના પોઈન્ટનો સમાવેશ થાય છે. ખડગેએ જણાવ્યું હતું કે, મોદી દી ચાઈનીઝ ગેરંટી ચાલુ રહે છે કારણ કે, તેમની સરકાર તેના 'લાલ આંખ' પર ૫૬-ઈંચના મોટા ચાઈનીઝ બ્લિંકર્સ પહેરે છે ! તેમણે કહ્યું કે, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ફરી એક વાર LAC પર સરહદની સ્થિતિ પર રાષ્ટ્રને વિશ્વાસમાં લેવાની તેની માંગને પુનરાવર્તિત કરે છે. ખડગેએ ભારપૂર્વક કહ્યું, અમે આપણા બહાદુર સૈનિકો સાથે ખભે ખભા મિલાવીને ઊભા છીએ. પૂર્વી લદ્દાખમાં મે ૨૦૨૦થી ભારતીય અને ચીની સૈનિકો એક મડાગાંઠમાં બંધ છે અને સરહદ વિવાદનું સંપૂર્ણ નિરાકરણ હજી સુધી પ્રાપ્ત થયું નથી જો કે, બંને પક્ષો સંખ્યાબંધ ઘર્ષણ બિંદુઓથી છૂટા થઈ ગયા છે. જૂન ૨૦૨૦માં ગાલવાન ખીણમાં ભીષણ અથડામણને પગલે બંને દેશો વચ્ચેના સંબંધો નોંધપાત્ર રીતે ખોરવાઈ ગયા હતા જેણે દાયકાઓમાં બંને પક્ષો વચ્ચેનો સૌથી ગંભીર લશ્કરી સંઘર્ષ ચિહ્નિત કર્યો હતો.

ભારત એવું કહેતું આવ્યું છે કે, જ્યાં સુધી સરહદી વિસ્તારોમાં શાંતિ નહીં હોય ત્યાં સુધી ચીન સાથે તેના સંબંધો સામાન્ય નહીં થઈ શકે.

બંને પક્ષોએ મડાગાંઠને ઉકેલવા માટે કોર્પ્સ કમાન્ડર-સ્તરની મંત્રણાના ૨૧ રાઉન્ડ યોજ્યા છે.

# રામ મંદિરનું નિર્માણ જુલાઈ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થશે : મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ

### જો કે, નૃપેન્દ્ર મિશ્રાએ સ્વીકાર્યું હતું કે, પાર્કોટા પરનું કામ ધીમી ગતિએ ચાલી રહ્યું છે

(એજન્સી) અયોધ્યા, તા.૩૦

રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, રામ મંદિરનું મોટાભાગનું બાંધકામ જુલાઈ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થઈ જશે. તેમણે સ્વીકાર્યું કે, રામ મંદિરનું બાંધકામ પાર્કોટા પરનું કામ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. રામ મંદિર નિર્માણ સમિતિની બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા નૃપેન્દ્ર મિશ્રાએ કહ્યું કે, મંદિરનું નિર્માણકાર્ય વર્ષ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. તેમણે કહ્યું કે, 'અમે આશા રાખીએ છીએ કે, રામ જન્મભૂમિ સંકુલનું મોટાભાગનું કામ જુલાઈ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થઈ જશે. બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો કે જે યોજનાઓ પૂર્ણ થઈ રહી છે તે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને સોંપવામાં આવશે.' તેમણે કહ્યું કે, સુગ્રીવ કિલ્લાથી રામ મંદિર તરફ જતો રસ્તો તૈયાર છે. તેના પર કેનોપી અને ગેટ બનાવવામાં આવ્યા છે. આ રોડ ઓગસ્ટમાં ટ્રસ્ટને હસ્તાગત કરવામાં આવશે. સંકુલમાં બનાવવામાં આવનાર રામકથા મ્યુઝિયમ અને ટ્રસ્ટની ઓફિસનું ભૂમિપૂજન ટૂંક સમયમાં કરવામાં આવશે.

# નાણાકીય વર્ષ ૨૫ના બજેટમાં કોઈપણ રાજ્યને નાણાં આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો નથી : નિર્મલા સીતારમણ

### સીતારમણે જણાવ્યું હતું કે, '૨૦૦૪-૨૦૦૫ના બજેટમાં ૧૭ રાજ્યોના નામ લેવામાં આવ્યા ન હતા, હું તે સમયે UPA સરકારના સભ્યોને પૂછવા માંગુ છું કે, શું પૈસા આ ૧૭ રાજ્યોમાં નથી ગયા ? શું તેઓ દ્વારા તે સમયે બજેટને અટકાવવામાં આવ્યું હતું?'

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

નાણામંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે વિપક્ષી નેતાઓના ભ્રામક દાવાઓને ખોટા ગણાવતા કહ્યું કે, જો બજેટ ભાષણમાં કોઈપણ રાજ્યનું નામ ન હોય તો તેને બજેટની ફાળવણી મળતી નથી. લોકસભામાં બજેટની ચર્ચાનો જવાબ આપતાં સીતારમણે ભારપૂર્વક જણાવ્યું કે, કોઈપણ રાજ્યને નાણાં આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો નથી. તેણીએ યાદ કર્યું કે, ભૂતકાળમાં UPA સરકારના બજેટમાં પણ તેમના બજેટ ભાષણમાં તમામ રાજ્યોના નામનો ઉલ્લેખ કર્યો ન હતો. સીતારમણે જણાવ્યું હતું કે, 'હું ૨૦૦૪-૨૦૦૫, ૨૦૦૫-૨૦૦૬, ૨૦૦૬-૨૦૦૭, ૨૦૦૭-૨૦૦૮ અને તેથી વધુ બજેટ ભાષણો પર ધ્યાન આપું તો ૨૦૦૪-૨૦૦૫ના બજેટમાં ૧૭ રાજ્યોનું નામ નહોતું. હું UPA સરકારના સભ્યો પૂછવા માંગુ છું કે, શું તે સમયે ૧૭ રાજ્યોમાં બજેટના નાણાં નહોતા ગયા ?' તેણી ઘણા વિપક્ષી સભ્યોની ટિપ્પણીઓનો જવાબ આપી રહી હતી કે, બજેટમાં માત્ર બિહાર અને આંધ્રપ્રદેશને ભંડોળ પૂરૂં પાડવામાં આવ્યું છે અને અન્ય રાજ્યોને કંઈ મળ્યુ નથી. સીતારમણે જણાવ્યું હતું કે, ભારત વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે અને ભારે મૂડીરોકાણને કારણે રોગચાળાની પછીની અસરો પર કાબૂ મેળવવામાં આવ્યો છે. તેણીએ એમ પણ કહ્યું કે, સરકાર રાજકોષીય ખાધના માર્ગનું પાલન કરી રહી છે. તે ચાલુ નાણાકીય વર્ષ માટે ૪.૯ ટકાના લક્ષ્યાંકથી ૨૦૨૫-૨૬ સુધીમાં ખાધને ૪.૫ ટકાથી નીચે લાવશે. ૨૦૨૩-૨૪માં ખાધ ૫.૬ ટકા હતી.

બજેટમાં આ વર્ષે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને ૧૭,૦૦૦ કરોડ રૂપિયાની નોંધપાત્ર નાણાકીય સહાય આપવામાં આવી છે. તેમાં જમ્મુ અને કાશ્મીર પોલીસના ખર્ચને ધિરાણ કરવા માટે રૂા.૧૨,૦૦૦ કરોડનો સમાવેશ થાય છે. સીતારમણે કહ્યું, 'આ તે બોજ છે જે અમે અમારા ખભા પર ઊઠાવવા માંગીએ છીએ.'

# ઉત્તરપ્રદેશ : યોગી આદિત્યનાથ સરકારે આજીવન કેદની જોગવાઈ સાથે 'લવ જેહાદ' પર વધુ સખત બિલ રજૂ કર્યું; તેની વિગતો

### આ બિલ અગાઉ નિર્ધારિત ગુનાઓ માટેની સજામાં નોંધપાત્ર વધારો કરે છે અને વધારાના ગુનાઓ સાથે 'લવ જેહાદ'ની વ્યાખ્યાને વિસ્તૃત કરે છે અને તેના માટે હવે આજીવન કેદ થઈ શકે છે, આ સંશોધિત બિલ ૨ ઓગસ્ટે વિધાનસભામાં ધ્વનિ મત દ્વારા પસાર થવાની અપેક્ષા છે

(એજન્સી) લખનૌ, તા.૩૦

ભાજપના નેતૃત્વ હેઠળની યોગી આદિત્યનાથ સરકારે ઉત્તરપ્રદેશ વિધાનસભામાં ગેરકાયદેસર ધાર્મિક પરિવર્તન (સુધારો) બિલ રજૂ કર્યું છે, જે રાજ્યમાં 'લવ જેહાદ' ગુના માટે આજીવન કેદની સજા નક્કી કરે છે. આ બિલ અગાઉ નિર્ધારિત ગુનાઓ માટેની સજામાં નોંધપાત્ર વધારો કરે છે અને વધારાના ગુનાઓને સમાવી લેવા માટે 'લવ જેહાદ'ની વ્યાખ્યાને વિસ્તૃત કરે છે, જેના માટે હવે આજીવન કેદ થઈ શકે છે. આ સંશોધિત બિલ ૨ ઓગસ્ટે વિધાનસભામાં વોઈસ વોટ દ્વારા પસાર થવાની અપેક્ષા છે.

હાલના કાયદામાં ૧થી ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. આ કાયદા હેઠળ ફક્ત લગ્ન માટે કરવામાં આવેલા ધર્માંતરણને અમાન્ય માનવામાં આવે છે અને જે જૂઠ અને છેતરપિંડી દ્વારા પ્રાપ્ત થાય છે તેને ગુનાહિત કૃત્યો ગણવામાં આવે છે. સ્વેચ્છાએ ધર્મપરિવર્તન કરવા ઈચ્છતી વ્યક્તિઓએ બે મહિના અગાઉ મેજિસ્ટ્રેટને જાણ કરવી જોઈએ. બળજબરીપૂર્વક અથવા કપટપૂર્ણ ધર્માંતરણ માટે હાલમાં ૧-૫ વર્ષની જેલની સજા અને ૧૫,૦૦૦ રૂપિયાનો દંડ થઈ શકે છે. આ સંશોધિત બિલ સખત દંડની દરખાસ્ત કરે છે, ખાસ કરીને SC/ST સમુદાયોની સગીરો અને મહિલાઓને સંડોવતા ગુનાઓ માટે આવા કેસમાં અપરાધીઓને ૩-૧૦ વર્ષની જેલ અને ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ થઈ શકે છે.

વધુમાં આ બિલમાં એવી જોગવાઈ છે કે, ધર્મ પરિવર્તન કરવા ઈચ્છતા વ્યક્તિઓએ જિલ્લા મેજિસ્ટ્રેટને બે મહિના અગાઉ જાણ કરવી જોઈએ, જેમાં ઉલ્લંઘન માટે ૬ મહિનાથી ૩ વર્ષની જેલની સજા અને ઓછામાં ઓછા ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ થઈ શકે છે. આ બિલમાં જામીન અરજીઓ પર વિચાર કરતા પહેલાં સરકારી વકીલ પાસેથી ઈનપુટની પણ જરૂર છે. તેમાં ગુનાની સંવેદનશીલતા, સામેલ મહિલાઓની સામાજિક સ્થિતિ અને તેઓ પછાત સમુદાયની છે કે કેમ તેના આધારે સજા નક્કી કરવામાં આવશે.

સમાજવાદી પાર્ટીના નેતા ફખરૂલ હસન ચાંદે 'લવ જેહાદ' પરના વર્તમાન કાયદામાં સુધારો કરવા બદલ રાજ્ય સરકારની ટીકા કરી હતી. ચાંદે ભાજપ પર નકારાત્મક રાજનીતિ કરવાનો અને બેરોજગારી અને પરીક્ષાના પેપર લીક જેવા ગંભીર મુદ્દાઓની અવગણના કરવાનો આરોપ લગાવ્યો હતો.

તેમણે કહ્યું કે, લવ જેહાદ પર વટહુકમ લાવનારી ભાજપ સરકાર પાસે પહેલાથી જ તેના માટે કાયદો અમલમાં છે. જો કોઈ વ્યક્તિ કોઈ હેતુથી કોઈને તેના પ્રેમની જાળમાં ફસાવે છે તો તેના માટે કાયદો છે, પરંતુ ભાજપ માત્ર નકારાત્મક રીતે રાજકારણ કરવા માંગે છે. તે બેરોજગારી અને પેપર લીક વિશે કંઈ કરવા માંગતી નથી. સમાજવાદી પાર્ટી સમજે છે કે, ભાજપ પાસે આવા ખોટા મુદ્દાઓ છે અને તેનાથી લોકોનું કોઈ ભલું થશે નહીં.

# ભારતમાં કેન્સર અંગે સામે આવ્યો ચોંકાવનારો રિપોર્ટ ભારતમાં રહેતા ૯માંથી ૧ વ્યક્તિને કેન્સરનું જોખમ

### વર્ષ ૨૦૨૫ સુધીમાં કેન્સરના કેસ વધીને ૧૫.૭ લાખ થઈ જશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

ભારતમાં કેન્સરના કેસમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. દેશમાં કેન્સરના વધતા જતા કેસ વચ્ચે આરોગ્ય નિષ્ણાતોનું કહેવું છે કે ૯માંથી ૧ ભારતીયને તેમના જીવનમાં કેન્સરનું જોખમ છે. જો કે, મોટાભાગના કિસ્સાઓમાં જો તે સમયસર શોધી કાઢવામાં આવે તો તેને રોકી શકાય છે. એપોલો હોસ્પિટલ્સના તાજેતરના રિપોર્ટ મુજબ ભારતમાં કેન્સરના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. ભારત વિશ્વની કેન્સરની રાજધાની છે. ઉલ્લેખનીય છે કે એપોલો હોસ્પિટલ્સે કેન્સરના કેસ અંગે હેલ્થ ઓફ નેશન નામનો રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો હતો. રિપોર્ટ અનુસાર ૨૦૨૦માં કેન્સરના કેસોની વાર્ષિક સંખ્યા લગભગ ૧૪ લાખ હતી જે ૨૦૨૫ સુધીમાં વધીને ૧૫.૭ લાખ થઈ જશે. રિપોર્ટમાં તેના કારણોને સંબોધવા તેમજ અસરકારક નિવારણ અને સારવારના પગલાં લાગુ કરવા માટે વ્યાપક સરકારી પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. રાજીવ ગાંધી કેન્સર ઈન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેન્ટર(RGCIRC)ના નિવારક ઓન્કોલોજી વિભાગના વડા ડૉ. ઈન્દુ અગ્રવાલે જણાવ્યું હતું કે, ભારતમાં કેન્સરના રોકી શકાય તેવા કારણોમાં તમાકુનું સેવન ટોચ પર છે. લગભગ ૨૬.૭ કરોડ પુખ્ત લોકો તમાકુનો ઉપયોગ કરે છે જે મોઢા, ફેફસાં અને અન્ય કેન્સર સાથે જોડાયેલ છે. અસ્વસ્થ આહાર અને બેઠાડુ જીવનશૈલી આંતરડા, સ્તન અને સ્વાદુપિંડના કેન્સરનું જોખમ વધારે છે. રિપોર્ટ મુજબ વસ્તીમાં વૃદ્ધ લોકોની વધતી સંખ્યા પણ કેન્સરનું પ્રમાણ વધારી રહી છે. વૃદ્ધ લોકો વિવિધ પ્રકારના કેન્સર માટે વધુ સંવેદનશીલ હોય છે. માનવ પેપિલોમાવાયરસ (HPV) અને હેપેટાઈટિસ B અને C વાયરસ જેવા ચેપ અનુક્રમે સર્વાઈકલ અને લીવર કેન્સરના મહત્વના કારણો છે. કેન્સર-સંબંધિત ચેપને રોકવા માટે HPV અને હેપેટાઈટિસ B રસીકરણને પ્રોત્સાહન આપવું મહત્વપૂર્ણ છે. નિષ્ણાતોએ તાજેતરમાં વધુ ત્રણ કેન્સરની દવાઓને કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપવાના સરકારના પ્રયાસોની પ્રશંસા કરી હતી. ડૉ. પ્રથમેશ પાઈ, હેડ એન્ડ નેક કેન્સર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકરના ડિરેક્ટરે જણાવ્યું હતું કે, તાજેતરના બજેટમાં આરોગ્યસંભાળ ખર્ચમાં ઘટાડો જોવા મળ્યો છે, જેમાં કેન્સરની આવશ્યક દવાઓ પર કસ્ટમ ડ્યૂટીમાં ઘટાડો સામેલ છે. આ માપદંડનો ધ્યેય નવી સારવારને વધુ સસ્તું અને સુલભ બનાવવાનો છે જોકે આરોગ્યસંભાળ યોજનાઓને વિસ્તૃત કરવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા માટે વધુ કામ કરવાની જરૂર છે. આ કટોકટીનો સામનો કરવા માટે નિષ્ણાતો જનજાગૃતિના મહત્વ પર ભાર મૂકે છે, સ્ક્રિનિંગ કાર્યક્રમોનું આયોજન કરે છે અને કેન્સર સંશોધન માટે વધુ ભંડોળ પૂરૂં પાડે છે.

# સુપ્રીમ કોર્ટે ફરી એકવાર ઈતિહાસ રચ્યો પ્રથમ વખત હું બેંચ તરફ હતો : SCની લોક અદાલતમાં કપિલ સિબ્બલ CJI સાથે બેઠા

### CJI DY ચંદ્રચુડ અને કપિલ સિબ્બલની બેંચે પતિ-પત્નીની લડાઈને કારણે બરબાદ થઈ રહેલા પરિવારને બચાવી લીધો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

સુપ્રીમ કોર્ટે ફરી એકવાર ઈતિહાસ રચ્યો છે. સુપ્રીમ કોર્ટની લોક અદાલતમાં વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચુડ સાથે બેંચ પર બેઠા જોવા મળ્યા હતા. આ પહેલીવાર હતું જ્યારે કપિલ સિબ્બલ બાર પર નહીં પરંતુ બેંચ પર હતા. સોમવારે કપિલ સિબ્બલ કોઈ કેસની ચર્ચા કરી રહ્યા ન હતા પરંતુ કેસનો નિર્ણય લેવા અને ચુકાદો આપવા માટે CJI DY ચંદ્રચુડની સાથે બેંચમાં જોડાયા હતા. એટલું જ નહીં, આ બેંચે પતિ-પત્નીની લડાઈને કારણે બરબાદ થઈ રહેલા પરિવારને બચાવી લીધો. સુપ્રીમ કોર્ટમાં યોજાયેલી ખાસ લોક અદાલતનો આ પ્રસંગ હતો. જેમાં મીડિયા કેમેરાને પણ અહીં મંજૂરી આપવામાં આવી હતી. CJI અને સિબ્બલની સાથે જસ્ટિસ જે.બી.પારડીવાલા, જસ્ટિસ મનોજ મિશ્રા અને સુપ્રીમ કોર્ટના એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશનના પ્રમુખ વિપિન નાયર પણ લોક અદાલતમાં હાજર રહ્યા હતા. આ કેસોની સુનાવણી ૨૯ જુલાઈથી ૨ ઓગસ્ટની વચ્ચે થશે અને કોર્ટના કામકાજ પછી બપોરે ૨ વાગ્યે શરૂ થશે. લોક અદાલતમાં આવેલા એક કેસનો ઉલ્લેખ કરતા મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે, મને એક કેસ યાદ છે જેમાં પતિએ પટિયાલા હાઉસ કોર્ટમાં છૂટાછેડાની કાર્યવાહી કરી હતી અને તેની પત્નીએ બાળકોના ભરણપોષણ અને કસ્ટડી માટે અરજી કરી હતી. તેઓ બંને લોક અદાલતમાં સાથે આવ્યા હતા અને બંનેએ નક્કી કર્યું હતું કે, તેઓ સાથે રહેશે. તેથી જ્યારે તેઓ બંને લોક અદાલતમાં આવ્યા ત્યારે મેં તેમને પૂછ્યું અને તેઓએ કહ્યું કે, તેઓએ ખુશીથી સાથે રહેવાનું નક્કી કર્યું છે. પત્નીએ કહ્યું કે, મને ભરણપોષણ નથી જોઈતું કારણ કે અમે ખૂબ જ ખુશીથી સાથે રહીએ છીએ. મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે, લોક અદાલતનો હેતુ નાના કેસોનો નિકાલ કરવાનો છે. લોકોને ખ્યાલ નથી કે કેટલા નાના કેસ સુપ્રીમ કોર્ટમાં આવે છે. અમે લોક અદાલતમાં સેવા, મજૂર વિવાદ, જમીન સંપાદન અને મોટર અકસ્માતના દાવા જેવા કેસો પસંદ કરીએ છીએ. મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડે વધુમાં જણાવ્યું હતું કે, "ન્યાયાધીશોની સાથે લોક અદાલતની પેનલના ભાગરૂપે બાર સભ્યોની હાજરીએ સમગ્ર સમાજને સાચો સંદેશ આપ્યો છે કે, અમે ન્યાય આપવાના અમારા પ્રયાસોમાં એક છીએ, ખાસ કરીને આ નાના કેસોમાં સામેલ નાગરિકોને." મુખ્ય ન્યાયાધીશને આશા છે કે, ભવિષ્યમાં સુપ્રીમ કોર્ટમાં લોક અદાલતનું સંસ્થાકીયકરણ થશે. અહેવાલ મુજબ કપિલ સિબ્બલે આ અંગે કહ્યું હતું કે, હું પહેલીવાર બારમાં નહીં પરંતુ બેંચ પર બેઠો છું. આ એક વિશેષાધિકાર છે કે મને ન્યાયાધીશો સાથે બેંચ શેર કરવાની આ તક મળી. કપિલ સિબ્બલે કહ્યું કે, જ્યારે સુપ્રીમ કોર્ટે લાઈવ સ્ટ્રીમિંગ શરૂ કર્યું ત્યારે મહારાષ્ટ્ર કેસમાં દલીલો શરૂ કરનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા. લોક અદાલતનું આયોજન કરવાનું પગલું એ સુપ્રીમ કોર્ટનું મોટું પગલું છે.

જ્યારે જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ કેવી વિશ્વનાથન સાથે SCBAના ઉપાધ્યક્ષ રચના શ્રીવાસ્તવ અને SCORAના ઉપપ્રમુખ અમિત શર્મા કોર્ટ રૂમ નંબર બેમાં બેઠા હતા. SCBA જનરલ સેક્રેટરી વિક્રાંત યાદવ અને SCORA સેક્રેટરી નિખિલ જૈન કોર્ટરૂમ ૩માં જસ્ટિસ બી.આર.ગવઈ અને જસ્ટિસ એમ.એમ.સુંદરેશ સાથે બેઠા હતા. કોર્ટરૂમ ૪માં જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભૂયને લોક અદાલતની કાર્યવાહી માટે વરિષ્ઠ વકીલ વી.વી. ગિરી અને એડવોકેટ કે. પરમેશ્વર સાથે બેંચ શેર કરતા જોવા મળ્યા હતા. જ્યારે કોર્ટ રૂમ ૫માં, જસ્ટિસ હૃષિકેશ રોય અને જસ્ટિસ પીએસ નરસિમ્હા હાજર હતા. કોર્ટ રૂમ ૬માં વરિષ્ઠ વકીલ પી.એસ.પટવાલિયા અને એડવોકેટ શાદાન ફરાસત, ન્યાયમૂર્તિ અભય એસ ઓક, ન્યાયમૂર્તિ દીપાંકર દત્તા અને વરિષ્ઠ વકીલ હુઝૈફા અહમદી સાથે બેંચ પર બેઠા હતા.

### ફિરોઝપુરમાં રોકવામાં આવી સોમનાથ એક્સપ્રેસ

# ફ્લાઈટ, સ્કૂલ અને હોસ્પિટલ પછી હવે ટ્રેનમાં મળી બોમ્બની ધમકી

(એજન્સી) ચંદીગઢ, તા.૩૦

ફ્લાઈટ્સ પર બોમ્બની ધમકીના સતત અહેવાલો આવી રહ્યા છે. શાળાઓ અને હોસ્પિટલોમાં બોમ્બ મૂકવાની ધમકીઓ પણ મળી હતી. હવે ટ્રેનને લઈને આવા સમાચાર પ્રકાશમાં આવ્યા છે.

સોમનાથ એક્સપ્રેસમાં બોમ્બ હોવાની માહિતી કોઈ અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને આપી હતી. આ ટ્રેન જમ્મુ અને રાજસ્થાન વચ્ચે દોડે છે. ધમકી બાદ સોમનાથ એક્સપ્રેસને પંજાબના ફિરોઝપુર જિલ્લાના રેલવે સ્ટેશન પર રોકી દેવામાં આવી હતી.

આ માહિતી આપતાં પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, એક અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને દાવો કર્યો હતો કે ટ્રેનમાં બોમ્બ છે. તેમણે કહ્યું કે તમામ મુસાફરોને કાસુ બેગુ રેલવે સ્ટેશન પર ઉતારવામાં આવ્યા હતા. સોમનાથ એક્સપ્રેસ જમ્મુ અને કાશ્મીરમાં જમ્મુ તાવી અને રાજસ્થાનમાં ભગત કી કોઠી વચ્ચે ચાલે છે.

વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) સૌમ્ય મિશ્રાએ જણાવ્યું હતું કે, સોમનાથ એક્સપ્રેસમાં બોમ્બ હોવાનો દાવો કરીને પોલીસ કંટ્રોલ રૂમને કોલ કરવામાં આવ્યો હતો. આ પછી તરત જ ફિરોઝપુરથી લગભગ ૧૦ કિલોમીટર દૂર કાસુ બેગુ રેલવે સ્ટેશન પર ટ્રેનને રોકી દેવામાં આવી હતી. તેમણે કહ્યું કે મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા છે અને વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે. અધિકારીએ કહ્યું કે પંજાબ પોલીસની એન્ટી બોમ્બ સ્ક્વોડની ત્રણ ટીમોને બોલાવવામાં આવી છે.

રાજ્ય પોલીસ અને સીમા સુરક્ષા દળની ડોગ સ્ક્વોડ પણ ઘટનાસ્થળે હાજર છે. એસએસપીએ જણાવ્યું કે સરકારી રેલવે પોલીસ અને રેલવે પ્રોટેક્શન ફોર્સ પણ સર્ચ ઓપરેશનમાં લાગેલા છે. ઘટનાસ્થળે એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડની ટીમ પણ તૈનાત છે. નજીકના વિસ્તારના લોકોએ રેલવે સ્ટેશન પર મુસાફરોને ચા અને ભોજન પૂરૂં પાડ્યું હતું.

# જાહેર ક્ષેત્રની બેંકોએ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૪ દરમિયાન ગ્રાહકો પાસેથી દંડના સ્વરૂપમાં રૂા.૮૫૦૦ કરોડ એકત્રિત કર્યા : ભારત સરકાર

### રાહુલ ગાંધીએ આ પેનલ્ટી સિસ્ટમને મોદીના ચક્રવ્યૂહનો દરવાજો ગણાવ્યો, જેના કારણે સરેરાશ ભારતીય નાગરિકોની કમર તૂટી જાય છે

(એજન્સી) તા.૩૦

૨૦૨૦ પછી ખાતાઓમાં લઘુત્તમ બેલેન્સ જાળવવા માટે દંડ બંધ કરવાના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ના નિર્ણય છતાં જાહેર ક્ષેત્રની બેંકો (PSBs)માં છેલ્લા પાંચ વર્ષમાં આવા દંડ માટે વસૂલવામાં આવેલી રકમમાં ૩૪ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે. નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં પ્રદાન કરેલા ડેટા દર્શાવે છે કે, PSBsએ નાણાકીય વર્ષ ૨૦૨૦થી લગભગ રૂા.૮૫૦૦ કરોડનો દંડ એકત્રિત કર્યો છે. આ ૧૧ PSBમાં પંજાબ નેશનલ બેંક (PNB), બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ એન્ડ સિંધ બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને UCO બેંકે લઘુત્તમ ત્રિમાસિક સરેરાશ બેલેન્સ (QAB) ન રાખવા બદલ દંડ લાદ્યો છે.

સરકારી ડેટા અનુસાર પંજાબ નેશનલ બેંકે છેલ્લા ચાર નાણાકીય વર્ષોમાં દંડ પેટે રૂા.૬૩૩ કરોડ એકત્ર કર્યા હતા, ત્યારબાદ બેંક ઓફ બરોડાએ રૂા.૩૮૭ કરોડ દંડ વસૂલ્યા હતા.

આ આંકડાઓ પર પ્રતિક્રિયા આપતા રાહુલ ગાંધીએ X પર એક પોસ્ટમાં કહ્યું કે, નરેન્દ્ર મોદીના અમૃતકાલમાં સામાન્ય ભારતીયોના 'ખાલી ખિસ્સા' કરવામાં આવી રહ્યા છે. જે સરકારે તેના ઉદ્યોગપતિઓના રૂા.૧૬ લાખ કરોડ માફ કર્યા હતા, તેમણે એવા ગરીબ ભારતીયો પાસેથી રૂા.૮૫૦૦ કરોડ એકત્ર કર્યા છે, જેઓ લઘુત્તમ બેલેન્સ પણ જાળવી શકતા નથી. આ દંડ પ્રથાએ મોદીના ચક્રવ્યૂહનું દ્વાર છે, જેના દ્વારા સામાન્ય ભારતીયની કમર તોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.' 'પણ યાદ રાખો ભારતના લોકો અભિમન્યુ નથી, તેઓ અર્જુન છે. તેઓ જાણે છે કે, ચક્રવ્યૂહ તોડીને તમારા દરેક અત્યાચારનો જવાબ કેવી રીતે આપવો. ઈન્ડિયન બેંક, કેનેરા બેંક, બેંક ઓફ મહારાષ્ટ્ર અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પણ લઘુત્તમ સરેરાશ માસિક બેલેન્સ (AMB) ન રાખવા બદલ દંડ વસૂલ કરે છે. આ દંડ વસૂલવા માટે દરેક PSBની પોતાની મિકેનિઝમ હોય છે. પંજાબ નેશનલ બેંકની વેબસાઈટ અનુસાર બચત ખાતાના ગ્રાહકોએ શહેરી અને મેટ્રો વિસ્તારોમાં લઘુત્તમ QAB રૂા.૨૦૦૦, અર્ધ-શહેરી વિસ્તારોમાં રૂા.૧૦૦૦ અને ગ્રામીણ વિસ્તારોમાં રૂા.૫૦૦ જાળવવું આવશ્યક છે. આ બેલેન્સ જાળવવામાં નિષ્ફળ થવા પર અનુક્રમે રૂા.૧૦૦, રૂા.૧૫૦ અને રૂા.૨૫૦ સુધીનો દંડ થઈ શકે છે. ભારતમાં જાહેર ક્ષેત્રની બેંકોએ પાંચ વર્ષમાં ૮૫૦૦ કરોડ મિનિમમ બેલેન્સ પેનલ્ટી વસૂલ કરી છે. ગરીબ અને મધ્યમ-વર્ગના સખત કમાણી કરેલા નાણાં તેમની પોતાની સરકારી બેંકો દ્વારા લૂંટવામાં આવી રહ્યા છે. કેનેરા બેંક અનુસાર બચત ખાતાના ગ્રાહકોએ શહેરી અને મેટ્રો વિસ્તારોમાં રૂા.૨૦૦૦, અર્ધ-શહેરી વિસ્તારોમાં રૂા.૧૦૦૦ અને ગ્રામીણ વિસ્તારોમાં રૂા.૫૦૦ની AMB જાળવવી આવશ્યક છે. બેંકની વેબસાઈટ જણાવે છે કે, ત્રણેય ભૌગોલિક વિસ્તારોમાં ગ્રાહકોને ૨૫થી ૪૫ રૂપિયાની વચ્ચેનો દંડ વત્તા GST લાગશે. ચૌધરીએ કહ્યું કે, બેંકોએ ગ્રાહકોને લઘુત્તમ બેલેન્સની જરૂરિયાત વિશે જાણ કરવી જોઈએ. તે સુનિશ્ચિત કરવું જોઈએ કે બચત ખાતું ફક્ત લઘુત્તમ બેલેન્સની જાળવણી ન કરવા માટે ચાર્જ વસૂલવાને કારણે નકારાત્મક બેલેન્સમાં ન જાય.

કેસરિયો ખેસ પહેરી ખુલ્લેઆમ લોકોને લૂંટતા-ધમકાવતા ભાજપના નેતાઓ સામે પગલાં લેવાશે?

# સરકારની ઢીલી નીતિઓ અને મીલીભગતને લઈ ગુજરાત 'ઉડતા ગુજરાત' બની રહ્યું છે

## ગુજરાત ડ્રગ્સનું લેન્ડિંગ-ટ્રેડિંગ-રિટેઈલ-મેન્યુ. હબ બની ગયું છે : વિપક્ષ નેતા અમિત ચાવડાના પ્રહારો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૦

વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે મૃદુ મુખ્યમંત્રી ક્યારે થશે મક્કમ એવું ગુજરાતના મતદારો પૂછી રહ્યા છે. ગુજરાત ભાજપ સરકારના આશિર્વાદથી બેફામ બનેલા ગુંડાઓ અને ભ્રષ્ટાચારઓ થકી "ઉડતા ગુજરાત" બની ગયું છે, જે આવનારી પેઢીઓ માટે ખુબ જ ચિંતાનો વિષય છે. ગુજરાતના દરિયા કાંઠે છેલ્લા કેટલાક વર્ષોમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ લેન્ડ થયું છે. જેના કારણે ગુજરાત ડ્રગ્સનું લેન્ડીંગ હબ બની રહ્યું છે. જે રીતે ડ્રગ્સની મેન્યુફેક્ચરિંગ ફેકટરીઓ પકડાઈ, ફાર્માસ્યુટીકલ કંપનીની આડમાં ડ્રગ્સની મેન્યુફેક્ચરિંગ ફેકટરીઓ પકડાય એનાથી એમ કહેવાય છે કે ગુજરાત ડ્રગ્સનું મેન્યુફેક્ચરિંગ હબ બની ગયું છે. જે રીતે ડ્રગ્સની હેરાફેરી થાય છે, વેપાર થાય છે એનાથી ગુજરાત ડ્રગ્સનું ટ્રેડીંગ હબ પણ બની રહ્યું છે. ગુજરાતમાં ઠેરઠેર ભજીયાની લારીથી લઈને આઈસ્ક્રીમના પાર્લર સુધી ડ્રગ્સ વેચાય છે, એનાથી ગુજરાત ડ્રગ્સના વેચાણ માટેનું રીટેઈલ હબ પણ બની રહ્યું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

એક તરફ ડ્રગ્સનો કોઈ પેડલર પકડાય તે રાજ્યના ગૃહમંત્રી સાથે, રાજ્યપાલ સાથે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સહિતના નેતાઓ સાથે નજીકનો ઘરોબો ધરાવતા હોય તે રીતે ફોટા પડાવે છે.

રાજકોટમાં કોલેજની એક દીકરી પર બળાત્કાર કરવામાં આવ્યો એને પીંખી નાખવામાં આવી એમાં પણ ભાજપના નેતાઓ સંડોવાયેલા છે પરંતુ હદ તો ત્યારે થાય છે કે ભાજપના પ્રદેશ લેવલના એક નેતાની હોસ્પિટલમાં આવા દુસ્કૃત્યો કરવામાં આવે છે તેમ છતાં એમનો વાળ પણ વાંકો નથી થતો. રાજકોટ, લોધીકામાં ગૌચરની જમીનો પચાવી પાડવામાં પણ ભાજપના નેતાઓ સંડોવાયેલા છે એની સામે સ્થાનિકો વારંવાર રજુઆતો કરે છે છતાં કોઈ કાર્યવાહી થતી નથી.

NEET પેપર કાંડની આખા દેશમાં ચર્ચાઓ થઈ એમાં પણ ગોધરાના ભાજપના નેતા સંડોવાયેલ છે. અમદાવાદમાં જયેશ ભાવસાર કરીને ભાજપના આગેવાન દ્વારા બીજા રાજ્યોમાંથી દારૂ લાવીને ગુજરાતમાં ઘુસાડવાનું નેટવર્ક ચલાવે છે, ભાજપના બીજા એક નેતાના પુત્ર લોકસભાની ચૂંટણી વખતે ભાજપને પ્રચાર અર્થે ગાડીઓ જોઈએ છે એમ કરી ગાડીઓ લોકો સાથે છેતરપીંડી કરી મેળવી એ ગાડીઓનું વેચાણ કરી ગીરવે મુકવામાં આવે છે છતાં એની સામે કાર્યવાહી થતી નથી પરંતુ લોકો જયારે રસ્તા ઉપર ઉતરે ત્યારે કાર્યવાહી થાય છે. એનો સ્પષ્ટ મતલબ છે કે ગુજરાતમાં જેટલું પણ ખોટું ચાલે છે એ બધાની અંદર ભાજપનો કેસરિયો ખેસ પહેરેલા લોકો સંડોવાયેલા છે તેમ બહાર આવી રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યમાં અત્યારે સ્થિતિ એવી છે કે ગૃહમંત્રી એમના નજીકના મિત્રો સામે મક્કમ નથી થઈ શકતા પણ કહેવાતા મક્કમ મુખ્યમંત્રી પણ એમના રાજમાં આખું તંત્ર બોદું અને નકામું થયું છે તેમ છતાં ચુપ છે. ચારે તરફ ભ્રષ્ટાચાર ચાલે છે, ગેરવહીવટ ચાલે છે, અધિકારીઓનું રાજ ચાલે છે, ભાજપના ચૂંટાયેલા ધારાસભ્યો પણ ખુલ્લેઆમ ફરીયાદ કરે છે તેમ છતાં કહેવાતા પગલા લેવાતા નથી. આવા લોકો સામે પગલા લેવામાં મુખ્યમંત્રી કયારે મક્કમ બનશે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા રૂા. ૧૫૦ કરોડની 'ભૂગર્ભ જળ રિચાર્જ' યોજનાને અપાઈ મંજૂરી

# રાજ્યભરના અંદાજે ૧૦,૦૦૦ જેટલા બંધ ખાનગી બોર/ટ્યુબવેલ રિચાર્જ કરવામાં આવશે

## વરસાદી પાણીથી રિચાર્જ કરાશે; ૯૦ ટકા સરકારનો અને ૧૦ ટકા લોકોનો ફાળો રહેશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૦

રાજ્યભરમાં દર વર્ષે 'સુજલામ-સુફલામ જળ' અભિયાન થકી ભૂગર્ભ જળનું સ્તર ઊંચું લાવવા ખાસ મિશન મોડ પર કાર્ય થઈ રહ્યું છે. આ મિશનને વધુ વેગ આપવા તેમજ ભૂગર્ભ જળ વધુ ઊંચા લાવવાના હેતુથી રાજયમાં બંધ-બિન ઉપયોગી અંદાજે ૧૦,૦૦૦ ખાનગી ટ્યુબવેલને વરસાદી પાણીથી રીચાર્જ કરવા રૂ. ૧૫૦ કરોડની મહત્ત્વ 'ભૂગર્ભ જળ રીચાર્જ' યોજનાને મંજૂરી આપવામાં આવી છે. જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈએ યોજનાની વધુ વિગતો આપતા કહ્યું હતું કે, રાજયમાં ભૂગર્ભ જળના ઊંડા તળને વરસાદના પાણીથી ઊંચા લાવવા બંધ પડેલા બોરને રિચાર્જ કરવાનો ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે.



આ યોજના મુજબ રાજ્ય સરકાર આશરે ૧૦,૦૦૦ જેટલા બંધ ખાનગી ટ્યુબવેલ/બોર રીચાર્જ કરવાનું લક્ષ્યાંક ધરાવે છે. આ બંધ ટ્યુબવેલ/બોર રીચાર્જ માટે ૯૦:૧૦ના ધોરણે એટલે કે ૯૦ ટકા ફાળો-ખર્ચ રાજ્ય સરકાર આપશે જયારે ૧૦ ટકા ફાળો લોક ભાગીદારીથી આપવાનો રહેશે.

ગુજરાતની વૈવિધ્યસભર ભૌગોલિક અને ભૂસ્તરીય પરિસ્થિતિઓના કારણે રાજયમાં ભૂગર્ભજળ અંગે વિવિધતાઓ જોવા મળે છે. રાજયમાં આવેલી કુલ ૧૮૫ નદીઓ પૈકી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવેલી નદીઓ મોટાભાગે ચોમાસા દરમિયાન જ વહેતી જોવા મળે છે. જેથી આ વિસ્તારમાં ભૂગર્ભ જળ પર આધારિત સિંચાઇ થાય છે. રાજયમાં ઉપલબ્ધ કુલ જળ પૈકી આશરે ૩૯ ટકા ભૂગર્ભ જળ છે જેનાથી ૫૭ ટકા જેટલા વિસ્તારમાં સિચાઈ થાય છે. કુલ ભૂગર્ભ જળ પૈકી ૮૦ ટકા ઉપયોગ સિંચાઇ માટે કરવામાં આવે છે.

સિંચાઈ સહિત વિવિધ ઉપયોગ માટે ભૂગર્ભ જળનું ખેંચાણ રીચાર્જ કરતા વધુ હોવાને કારણે ભૂગર્ભ જળના સ્તર-લેવલ નીચા જઈ રહ્યા છે એટલું જ નહિ પણ ભૂગર્ભ જળનો આવરો પણ ઘટી રહ્યો છે. આ કારણે ટ્યુબવેલની ક્ષમતા ઘટે છે અને ટ્યુબવેલમાંથી પાણી ખેંચવા માટે વીજ વપરાશ-ખેડૂતોનો નાણાકીય ખર્ચ પણ વધે છે. જો આ ઉંડેના જલભરમાં વરસાદી પાણી/ ભૂતળ જળને ઉતારવું હોય-સંગ્રહ કરવો હોય તો ઠેર ઠેર રિચાર્જ ટ્યુબવેલ બનાવવા પડે. પરંતુ હાલમાં નવા ટ્યુબવેલ બનાવવા ખૂબ જ ખર્ચાળ બની જાય છે. જેના બદલે સિંચાઇના હેતુ માટે ખેડૂતો મારફતે વ્યાપક પ્રમાણમાં બનાવવામાં આવેલા બોર કે જે સમય જતા પાણી સુકાઈ જવાના કારણે બોર બંધ અને બીન ઉપયોગી થયા છે. આવા બંધ પડેલા હાલના તબક્કે બિનઉપયોગી બોરને વરસાદના પાણીથી રીચાર્જ કરવામાં આવે તો સુકાયેલા ભૂગર્ભ જળના તળ પુનઃજીવિત થઈ શકે તેમજ સતત ઉંડા જતા ભૂજળમાં સુધારો કરીને વીજ વપરાશમાં ઘટાડો કરી શકાય તેમ, તેમણે ઉમેર્યું હતું.

# કથિત રીતે ઉશ્કેરણીજનક ભાષણ કરવાના કેસમાં મુફ્તી સલમાન અઝહરીની પાસા હેઠળ ધરપકડને પડકારતી અરજી હાઇકોર્ટે ફગાવી

અમદાવાદ, તા.૩૦

જુનાગઢમાં કથિત રીતે ઉશ્કેરણીજનક ભાષણ કરવાના કેસમાં મુંબઈથી ધરપકડ કરવામાં આવેલા મુફ્તી સલમાન અઝહરીની પાસા હેઠળ ધરપકડ કરવાના જુનાગઢ જીલ્લા સત્તાધીશો દ્વારા કરવામાં આવેલા આદેશ સામે કરવામાં આવેલી પિટિશન ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. મુફ્તી અઝહરીની ગત ફેબ્રુઆરી મહિનામાં મુંબઈ સ્થિત તેમના નિવાસ સ્થાનેથી ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારબાદ તેઓ ઉપર પ્રિવેન્શન ઓફ એન્ટી સોશિયલ એક્ટીવીટીઝ એક્ટ (પાસા) હેઠળ ધરપકડ કરી હતી. તેની પાછળ એવું કારણ આપવામાં આવ્યું હતું કે, અઝહરીએ જુનાગઢ અને કચ્છ જિલ્લામાં ઉશ્કેરણીજનક ભાષણો કર્યા હોવા બાબતે તેમની સામે બે અલગ-અલગ ફરિયાદો નોંધવામાં આવી હતી. તેઓને બન્ને કેસમાં જામીન આપવામાં આવ્યા બાદ પાસાનો આદેશ કરીને તેમાં ધરપકડ કરવામાં આવી હતી. સત્તાવાળાઓ દ્વારા એવું કારણ આપવામાં આવ્યું હતું કે, તેમની પ્રવૃત્તિઓ સમાજની સુલેહ શાંતિ માટે જોખમરૂપ છે. પાસાના આદેશ સામે મુફ્તી અઝહરીના વકીલ તરફથી રજૂઆત કરાઈ હતી કે, પ્રસ્થાપિત કાયદાઓ છે તે આ કિસ્સામાં પૂરતા છે કારણ કે જયારે કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા ત્યારે શરત મુકવામાં આવી હતી કે તેઓ આવા કોઈ ગુનામાં સામેલ નહી થાય. સત્તાવાળાઓ દ્વારા ગુજરાત બહારના જે આઠ કેસોનો સંદર્ભ આપવામાં આવ્યો હતો તે તમામમાં તેઓ નિર્દોષ મુક્ત થયા છે. ધરપકડ કરવાના કારણો પાયા વિહોણા અને ગળે ના ઉતરે તેવા છે. પોલીસ દ્વારા સ્પીચના કેટલાક ભાગનો જ ઉલ્લેખ કરીને કેસ નોંધવામાં આવ્યો હતો. આથી પાસાનો આદેશ રદ્દ કરવો જોઇએ. પાસાની અરજીનો વિરોધ કરતા રાજ્ય સરકાર તરફથી રજૂઆત કરાઇ હતી કે, ખુદ મુફ્તી અઝહરી દ્વારા પોતાની સામે લાગુ કરાયેલા પાસા દુર કરવા માટે પાસા એડવાઇઝરી બોર્ડ સમક્ષ કોઇ રજૂઆત કરવામાં આવી નથી. પરંતુ તેમના ભાઈએ એક સપોર્ટર સાથે મળીને આ રજૂઆત કરી હતી. બન્ને પક્ષકારોની રજૂઆત સાંભળ્યા બાદ જસ્ટીસ ઈલેશ વોરા અને જસ્ટીસ વિમલ વ્યાસની ખંડપીઠે અરજી ફગાવી દીધી હતી અને અવલોકન કર્યું હતું કે, આ કેસમાં પૂરતા અને યોગ્ય દસ્તાવેજો ઉપલબ્ધ છે તેનો અભ્યાસ કરતા તેવું નિશંક પણે જણાય છે કે, અરજદાર દ્વારા કરવામાં આવેલી પ્રવૃત્તીઓથી એક્ટની કલમ ૪(૩) હેઠળની જોગવાઇઓએ મુજબ જાહેર સુલેહ શાંતિનો ભંગ થયો છે અથવા તો થઈ શકે તેમ હતો. મુફ્તી તરફથી દલીલો કરવામાં આવી હતી કે તેઓ કર્ણાટકના વતની છે અને મુંબઈમાં રહે છે. તેઓ માત્ર હિન્દી, ઉર્દુ અને અરેબિક ભાષાઓ જાણે છે જ્યારે સત્તાવાળાઓ દ્વારા તેને દસ્તાવેજો ગુજરાતી ભાષામાં આપવામાં આવ્યા છે. આથી તેમની સામે કયા મુદ્દાઓ ઉપસ્થિત કરીને આદેશ કરવામાં આવ્યો છે તે બાબત તેઓ જાણી નહી શકે તેમ હોવાથી અસરકારક રજૂઆત સરકારને કરી શકે નહી. આ બાબતે અદાલતે અવલોકન કર્યું હતું કે, અરજદાર સમજી શકે તેવી ભાષામાં કાર્યવાહી કરવાના કારણો આપવાની બાબત કાયદાનો હેતું છે કે જેથી સત્તાધીશો સમક્ષ યોગ્ય અને અસરકારક રજૂઆતો કરવાનો તેઓને બંધારણીય અધિકાર છે. પરંતુ અરજદારના ભાઈ દ્વારા ગૃહ વિભાગના નાયબ સચિવ અને ત્યારબાદ પાસા એડવાઇઝરી બોર્ડ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

એક સામાજીક કાર્યકર ઈમ્તિયાઝ પઠાણ દ્વારા પણ સરકારને રજૂઆત કરવામાં આવી હતી પરંતુ રાજ્ય સરકાર દ્વારા તે રજૂઆતોને ધ્યાનમાં લઈને સમય મર્યાદામાં તે રજૂઆતો લેખિતમાં નકારી કાઢવામાં આવી હતી. એડવાઇઝરી બોર્ડમાં પણ પૂરતી વાત સાંભળીને પાસાનો આદેશ યોગ્ય હોવાનુંઠરાવવામાંઆવ્યુંહતું. એક બાજુ તેઓ એમ કહી રહ્યા છે કે, ભાષાની મર્યાદાના કારણે તેઓ સરકારમાં રજૂઆત કરી રહ્યા છે બીજી બાજુ ખુદ તેમના ભાઈ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી તે બાબત તેઓદ્વારા છુપાવવામાંઆવી છે. તેમણે પોતાના અધિકારોનો ઉપયોગ કર્યોહતો અને રજૂઆત કરી હતી આથી તેઓ એમ ના કહી શકે કે ભાષાની મર્યાદાના કારણે તેઓ અસરકારક રજૂઆત કરી શક્યા નહોતા. ભાષાની મર્યાદા હોવા છતાં તેઓએ તેમના ભાઈ અને સામાજીક કાર્યકર્તા મારફતે સરકારમાં રજૂઆત કરી હતી. આથી અરજદારને સમજી ના શકાય તેવી ભાષામાં આદેશ કરવામાં આવ્યો હતો તેવા માત્ર આધાર ઉપર પાસા નકારી કાઢવાની માગણી ગ્રાહ્ય રાખી શકાય નહી.

ઉલ્લેખનીય છે કે, જુનાગઢમાં સ્થાનિક આયોજકો દ્વારા નશામુક્તિ બાબતના એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે મુફ્તી સલમાન અઝહરીને આમંત્રણ આપવામાં આવ્યુ હોવાથી તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ તેઓ જુનાગઢ આવ્યા હતા. રાત્રે કાર્યક્રમ આપતા પહેલા તેઓએ કચ્છના સામખીયાળી અને અરવલ્લીના મોડાસા ખાતે એક જાહેર કાર્યક્રમમાં ભાષણ આપ્યું હતું. પોલીસ દ્વારા એવો આરોપ લગાવવામાં આવ્યો હતો કે લઘુમતી સમુદાય ઉશ્કેરાય તેવુ ભાષણ આપવા માટે તેઓ ટેવાયેલા છે અને તેના કારણે સમાજમાં સુલેહ શાંતિનો ભંગ થાય છે.

ઉદ્‌ઘાટન પહેલાં જ બ્રિજ ઝૂકી પડ્યો

# સુરત મેટ્રો બ્રિજ સ્પાનના બે ભાગ થઈ જતાં આખું તંત્ર દોડતું થયું

**● સારોલીથી કડોદરા તરફનો રસ્તો બંધ ● ભાજપના શાસનમાં આ પ્રકારના ભ્રષ્ટાચાર સતત વધી રહ્યા છે : આપ**

અમદાવાદ, તા.૩૦

સુરતના સારોલી-કડોદરા રસ્તા પરના મેટ્રો બ્રિજના સ્પાનના બે ભાગ થઈ ગયા છે. હાલ મેટ્રો ટ્રેન માટેની કામગીરી ચાલી રહી છે, આ દરમિયાન મોટી ઘટના થવાની ભીતિ ઉભી થઈ હતી. આમ આ બ્રિજ 'ઝૂલતો બ્રિજ' હોય એવું લાગી રહ્યું છે. હાલમાં સારોલીથી કડોદરા તરફનો રસ્તો બંધ કરી દેવાયો છે. બ્રિજ ઝૂલતો બ્રિજ હોય તેવી સ્થિતિ સામે આવી છે. બેથી ત્રણ કિલોમીટરનો લાંબો ટ્રાફિકજામ થયો હતો. જેને લઈને આખું તંત્ર દોડતું થઈ ગયું છે.

સુરત મેટ્રોનું વર્ષ ૨૦૨૭માં ઉદ્‌ઘાટન થવાનું છે ત્યારે એ પહેલાં બ્રિજમાં મોટી ખામી સામે આવી છે. ભેસાણ થી સારોલી મેટ્રો પ્રોજેક્ટ માટે ૧૮ કિ.મી. એલિવેટેડ બ્રિજ બનાવવામાં આવી રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૧થી મેટ્રોની કામીગીરી શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૨માં સુરત મેટ્રો લાઇન-૨ કોરિડોરનું નિર્માણકાર્ય માટે સીએસ-૬ પેકેજ હેઠળ મજૂરાથી સરોલી વચ્ચે ૮.૦૨ કિ.મી.માં નિર્મિત થનારા એલિવેટેડ માર્ગ માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડે દિલીપ બિલ્ડકોન લિમિટેડને નિર્માણ માટે ૭૦૨ કરોડ રૂપિયાનો વર્ક ઓર્ડર (એલઓ) જારી કર્યો હતો.

મેટ્રોનો જે સ્પાન નમી ગયો છે, ત્યાં આગળ હવે અધિકારીઓનો કાફલો પહોંચી ગયો છે. સુરત શહેરનો ખૂબ જ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ પૈકીનો એક મેટ્રો પ્રોજેક્ટની કામગીરીને લઈને છેલ્લા ઘણા સમયથી અનેક પ્રશ્નો સર્જા રહ્યા છે. મેટ્રોની કામગીરી દરમિયાન ટેકનિકલ રીતે ખૂબ મોટી બેદરકારી સામે આવી રહી છે. મેટ્રોનો જે સ્પાન છે તે એક તરફ નમી ગયો હતો, તેના કારણે આ ગમે ત્યારે ધરાશાયી થાયનો ડર પેસી ગયો હતો. સ્પાનના સળિયા છે તે પણ સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

સારોલી પોલીસ સ્ટેશનના પીઆઈએ જણાવ્યું હતું કે, મેટ્રોના અધિકારી દ્વારા અમને આ ઘટના અંગે જાણ કરવામાં આવી હતી. અમે તમામ પોલીસ સ્ટાફ સાથે અહીં સારોલી રોડ ઉપર પહોંચી ગયા છે. સુરતથી કડોદરા તરફ જતો આખો રૂટ પુણા તરફથી ડાયવર્ટ કરી દેવામાં આવ્યો છે. અમારે સમગ્ર રૂટને ડાયવર્ટ કરવાનો છે અને કોઈ પણ પ્રકારના વાહનચાલકોને મુશ્કેલીના થાય તેના માટે અમે તકેદારી રાખી રહ્યા છીએ.

# એટ્રોસિટી એક્ટના અમલીકરણ માટે વિજીલન્સ સમિતિની બેઠક નહીં મળતાં જિજ્ઞેશ મેવાણીની હાઈકોર્ટમાં પિટિશન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ગુજરાત હાઈકોર્ટે મંગળવારે કોંગ્રેસના નેતા અને વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી દ્વારા કરવામાં આવેલી અરજીની સુનાવણી બાદ એટ્રોસિટી એક્ટના કાયદાની અમલીકરણ બાબતે રાજ્ય સ્તરીય તકેદારી અને દેખરેખ સમિતિની (વીજીલન્સ એન્ડ મોનીટરીંગ કમિટી) રચના છેલ્લા ત્રણ વર્ષથી કોઇ બેઠક કરવામાં નથી આવી તે બાબતે હાઈકોર્ટમાં પિટિશન કરી હતી. આ પિટિશનની પ્રાથમિક સુનાવણી બાદ જસ્ટિસ સંગીતા વિશેણે રાજ્ય સરકાર આ બાબતમાં શું વલણ ધરાવે છે તે બાબતે સુચના લેવાનો આદેશ કરીને આગામી તા.૧ ઓગષ્ટના રોજ સુનાવણી રાખવામાં આવી હતી.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) કાયદા એટલે કે એટ્રોસિટી એક્ટ હેઠળ આ સમિતીની રચના અને મિટીંગ જરૂરી છે પરંતુ રાજ્ય સરકાર દ્વારા તેનું પાલન કરવામાં આવ્યું નથી તે મુદ્દો ઉપસ્થિત કરતી રિટ અરજી મેવાણી દ્વારા કરવામાં આવી હતી. આ અરજીની સુનાવણી મંગળવારે હાથ ધરવામાં આવતા ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ સંગીતા કે. વિશેણેની સિંગલ જજની બેન્ચે આ મામલે હાજર રહેલા સહાયક સરકારી વકીલને સરકાર પાસેથી સુચના મેળવવા જણાવીને વધુ સુનાવણી આગામી તા.૧ ઓગષ્ટના રોજ રાખી હતી. કોર્ટે સરકારી વકીલને સંબોધતા જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષથી વધુ સમયથી બેઠક બોલાવવામાં આવી નથી તે તમારા પોતાના પત્રમાં જણાવ્યું છે. આથી હવે આ બાબતે સૂચના મેળવો અને હવે આ મેટર પરમ દિવસે સાંભળવામાં આવશે.

સુનાવણી દરમિયાન, મેવાણીના વકીલે રજૂઆત કરી હતી કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો, ૧૯૯૫ના નિયમ ૧૬માં રાજ્ય-સ્તરની તકેદારી અને દેખરેખ સમિતિની રચના કરવાનીની અને તેની મિટીંગો ભરવાની જોગવાઈ છે. આ સમિતી નહીં બનવાથી તમારા ક્લાયન્ટ એટલે કે જિજ્ઞેશ મેવાણીને શું અસર થાય છે બાબતનો ન્યાયમૂર્તિ દ્વારા પ્રશ્ન પૂછવામાં આવતા તેઓના વકીલે જણાવ્યું હતું કે, મેવાણી અનામત મતવિસ્તારમાંથી ધારાસભ્ય છે. જો નિયમ ૧૬ જોવામાં આવે તો તેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના દરેક ધારાસભ્ય રાજ્ય-સ્તરની તકેદારી દેખરેખ સમિતિનો એક ભાગ છે,

તેમણે કહ્યું કે આ નિયમ મુજબ રાજ્ય સરકારે મહત્તમ ૨૫ સભ્યોના સમાવેશ વાળી ઉચ્ચ સ્તરીય તકેદારી અને દેખરેખ કમિશન ની રચના કરવાની છે અને સમિતિના અધ્યક્ષ મુખ્યમંત્રી હોય છે. આ નિયમ પ્રમાણે અનુસુચિત જાતિ અને જનજાતિના સાસંદો, ધારાસભ્યો અને વિધાન પરિષદના ચુંટાયેલો સભ્યો આ સમિતીમાં સભ્યો હોઇ શકે છે. નિયમ ૬(૨) મુજબ એટ્રોસિટી એક્ટના કાયદાના સુચારૂં અમલ થાય છે કે નહિ તેનું વિશ્લેષણ કરવા માટે આ સમિતી વર્ષમાં બે વખત જાન્યુઆરી અને જુલાઇ મહિનાઓમાં મળવી જરૂરી છે. આ કાયદા હેઠળ ગુનાનો ભોગ બનનારના રાહત, પુનઃવસન અને કેસોની પ્રગતિ, આ કાયદાના અમલીકરણ માટે જવાબદાર અધિકારી કે સંસ્થાની ભૂમિકા અને રાજ્ય સરકાર દ્વારા સુપરત કરાયેલા અહેવાલો બાબતે આ મીટીંગોમાં ચર્ચા કરવાની રહે છે.

હવે ગુજરાતની વધુ યુનિ.-કોલેજો થશે ફુલ્લી પાસ

# NAAC કોલેજોની સારી ગુણવત્તા અંગેની ગ્રેડ સિસ્ટમ દૂર કરી પોઈન્ટ સિસ્ટમ લવાશે

અમદાવાદ, તા.૩૦

ગુજરાત યુનિવર્સિટીમાં આજે NAAC માટેનો વર્કશોપ યોજાયો હતો. જેમાં NAACના ડાયરેક્ટર સહિત દેશભરની યુનિવર્સિટીના અલગ-અલગ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ વેળા ડાયરેક્ટરે જણાવ્યું હતું કે, અનેક સંસ્થાઓ NAACનું એક્રીડેશન કરાવતા ડરે છે કારણ કે, ગ્રેડ નીચો આવે તેવો તેમનો ભય હોય છે. જેથી સપ્ટેમ્બરથી NAACના એક્રેડેશન માટેની પ્રક્રિયા બદલવામાં આવશે જે સરળ રહેશે. NAAC હવે કોલેજોની સારી ગુણવત્તા બતાવવા માટે કોલેજો અને યુનિવર્સિટીઓમાં ગ્રેડ સિસ્ટમ દૂર કરી છે અને પોઈન્ટ સિસ્ટમ લાવશે. ડોક્યુમેન્ટ સબિમિશન માટેની ફીમાં પણ ઘટાડો કરવામાં આવશે. ગ્રેડ સિસ્ટમમાં પાસિંગનો રેશિયો ઊંચો હતો. પણ પોઈન્ટ સિસ્ટમથી પાસિંગનો રેશિયો નીચો આવશે એટલે ગુજરાતની વધુ કોલેજો-યુનિવરર્સિટીઓ ફુલ્લી પાસ થશે.

### સપ્ટેમ્બરથી પ્રક્રિયા બદલાશે : ફીમાં પણ થશે ઘટાડો

આજે પશ્ચિમ ઝોનનો વર્કશોપ ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાયો હતો. જેમાં અલગ-અલગ પાંચ રાજયોના યુનિવર્સિટીના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ વર્કશોપમાં મુખ્ય મહેમાન તરીકે NAACના ડાયરેક્ટર ગણેશન ગણેશન કન્નાબિરન પણ હાજર રહ્યા હતા. NAAC એક્રેડેશનની પ્રક્રિયા બદલવા અંગે તથા સરળ કરવામાં આવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

અત્યાર સુધી NAAC એક્રીડેશન માટે અગાઉ ગ્રેડિંગ સિસ્ટમ ચાલુ હતી. જે હવે બંધ કરવામાં આવી છે. તેની જગ્યાએ માત્ર NAAC એક્રીડેશન અથવા તો નોન એક્રીડીએટનો દરજ્જો સંસ્થાને મળશે. NAACના એક્રીડેશન માટે હવે કોઈ સુપરવિઝન કરવામાં નહીં આવે. પરંતુ સંસ્થાના ડોક્યુમેન્ટના આધારે એક્રીડીએશન આપવામાં આવશે.

અગાઉ NAAC માટે ૭ માપદંડ હતા. જેમાં કરીક્યુલમ, ટિચિંગ એન્ડ લર્નિંગ ઈવેલ્યુએશન, રિસર્ચ કન્સલ્ટન્સી એન્ડ એક્સટેન્શન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ લર્નિંગ રિસોર્સિસ, સ્ટુડન્ટ સપોર્ટ એન્ડ પ્રોગ્રેસ, ગવર્નન્સ, લીડરશીપ એન્ડ મેનેજમેન્ટ અને ઈનોવેશન એન્ડ બેસ્ટ પ્રેક્ટિસ હતા. ત્યારે હવે ૧૦ માપદંડ રાખવામાં આવ્યા છે. જેમાં કરિક્યુલમ, ફેકલ્ટી રિસોર્સિસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લર્નિંગ એન્ડ ટીચિંગ, સ્ટુડન્ટ આઉટ કમ, રિસર્ચ એન્ડ ઈનોવેશન, ગવર્નન્સ એન્ડ એડમિનિસ્ટ્રેશન, ગ્રીનરી, એક્સટેન્ડેડ કરીક્યુલમ, ફાઈનાન્સિયલ રિસોર્સ મેનેજમેન્ટ છે. અગાઉ NAACની ટીમ સંસ્થામાં સુપરવિઝન માટે જતી હતી, પરંતુ હવે ટીમ સુપરવિઝન માટે નહિ જાય. પરંતુ સંસ્થાએ ડોક્યુમેન્ટ સબમિટ કરવાના રહેશે. અગાઉ ૨ લાખથી ૬ લાખ ફી હતી. જેમાં હવે ઘટાડો કરવામાં આવશે. સપ્ટેમ્બર ૨૦૨૪થી નવી પ્રક્રિયા લાગુ કરવામાં આવશે.

આ અંગે NAACના ડાયરેક્ટરે જણાવ્યું હતું કે, સંસ્થાઓ NAACના એક્રીડીએશન માટે સંસ્થાઓમાં ડર છે. જેથી પ્રક્રિયા સરળ કરવામાં આવી છે. નવી શિક્ષણનીતિ મુજબ A,B,C ગ્રેડ નહીં પરંતુ હવે ૧થી ૫ નંબર સુધીના અલગ-અલગ પોઈન્ટ આપવામાં આવશે. સેન્ટર ફોર એક્સેલન્સ માટે પાંચ પોઈન્ટ આપવામાં આવશે. આગામી પાંચ વર્ષમાં ૯૦ ટકા સંસ્થાઓને નેક એક્રીડેશન આપવામાં આવશે. હાલમાં ૫૮,૦૦૦ સંસ્થાઓ પૈકી માત્ર ૨૦ ટકા જેટલી સંસ્થાઓએ નેકનું એક્રીડેશન ધરાવે છે. ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે પણ એક સિંગલ પોર્ટલ હશે. ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે અન્ય યુનિવર્સિટીની જ મદદ લેવામાં આવશે.

સોશિયલ મીડિયામાં મુસ્લિમ સમાજની લાગણી દુભાય તેવી પોસ્ટ વાયરલ કરાઈ હતી

# બે કોમ વચ્ચે અથડામણના બનાવમાં આરોપીઓ સામે ફરિયાદ નોંધવા બાલીસણા પોલીસને પાટણ કોર્ટનો હુકમ

## પટેલ-મુસ્લિમ સમાજ વચ્ચે અથડામણ બાદ મુસ્લિમ સમાજના લોકોનો આર્થિક બહિષ્કાર કરવા વીડિયો કલીપ ફરતી કરાઈ હતી

(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૩૦

પાટણના બાલીસણા ગામે મુસ્લિમ સમાજની લાગણી દુભાય તેવી વિવાદિત પોસ્ટને લઈ બે કોમ વચ્ચે અથડામણ થઈ હતી. જે બનાવમાં મુસ્લિમ સમાજનો આર્થિક બહિષ્કાર કરવા અન્ય સમાજના લોકોને ઉશ્કેરવા વીડિયો કલીપ ફરતી કરાઈ હતી. જે બાદ જે મુસ્લિમ વેપારીઓ ભાડુઆત તરીકે ધંધો કરતા હતા. તેઓની પાસેથી દુકાનો ખાલી કરાવવામાં આવી હતી. જે અંગે બાલીસણા પોલીસ સ્ટેશને ફરિયાદ ન લેતા પોલીસ અધિકારીને ફરિયાદ કરાઈ હતી. બાદમાં બાલીસણામાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદીનું નિવેદન લીધેલ. ત્યાર બાદ આજદિન સુધી તહોમતદારો સામે કોઈ કાર્યવાહી ન કરાતા અરજદાર દ્વારા પાટણની કોર્ટમાં પોલીસ ફરિયાદ માટે દાદ માગતા કોર્ટે નામજોગ આરોપીઓ તથા અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ૧૫૬ (૩) મુજબ ફરિયાદ દાખલ કરવા બાલીસણા પોલીસને હુકમ કર્યો છે. બાલીસણા ગામે એક વર્ષ અગાઉ સોશિયલ મીડિયામાં મુસ્લિમ સમાજની લાગણી દુભાય તેવી વિવાદિત પોસ્ટને લઈ પટેલ અને મુસ્લિમ સમાજ વચ્ચે અથડામણ થઈ હતી. જેને પગલે પટેલ સમાજના લોકોએ આ બનાવનો દુરૂપયોગ કરી જુદા જુદા સમુદાયો વચ્ચે ધાર્મિક વૈમનસ્ય ફેલાવવા તથા ગામના મુસ્લિમ સમાજના લોકોનો આર્થિક બહિષ્કાર કરવા અન્ય સમાજના લોકોને ઉશ્કેરવા વીડિયો કલીપ ફરતી કરી હતી. આ વીડિયો કલીપ ફરતી થયા બાદ ઘણા મુસ્લિમ વેપારીઓ કે જેઓ ભાડુઆત હતા. તેમની પાસેથી દુકાનો ખાલી કરાવવામાં આવી હતી. આ અંગે બાલીસણા ગામના શેખ મકબુલહુસેન દિલાવરભાઈએ બાલીસણા પોલીસ સ્ટેશને અવારનવાર ફરિયાદ કરવા જતાં તેમની ફરિયાદ લીધી ન હતી. આ બાબતે પોલીસે કોઈ જ કાર્યવાહી ન કરતા તેમણે પાટણની કોર્ટમાં ફરિયાદ કરી જણાવ્યું હતું કે તહોમતદાર રાજકીય વગવાળા તેમજ માથાભારે અને ઝનૂની છે. મને કે મારા કુટુંબના અન્ય સભ્યોને નુકસાન પહોંચાડે તેવી દહેશત છે. તેમજ મુસ્લિમ સમુદાયના અન્ય નિર્દોષ વ્યકિતને ખોટી રીતે ખોટા કેસોમાં ફસાવી શકે છે. તેમજ મોટા પ્રમાણમાં જાનહાનિ કે માલહાનિ પહોંચાડે તેમ હોઈ તેમની ત્વરીત ફરિયાદ દાખલ કરવા દાદ માગતા એડી. સિવિલ જજ એન્ડ જયુ.મે. ફ.ક. કોર્ટમાં ચાલી જતાં બાલીસણા પોલીસ સ્ટેશનને પી.એસ.આઈ.ને હુકમ કર્યો હતો. કે ફરિયાદ સ્વરૂપની અરજી અંગેની હકીકત મુજબ પ્રથમ દર્શનીય ગુનો બનતો જણાતો હોઈ ફરિયાદમાં જણાવ્યા મુજબની હકીકતો આધારે એફઆઈઆર નોંધવા અને તે અંગે કાયદેસરની તપાસ કરી. તપાસના અંતે બનતા ગુના મુજબ કાયદા મુજબની કાર્યવાહી કાયદામાં જણાવેલ સમય મર્યાદામાં કરવા હુકમ કર્યો છે.

**કોની કોની સામે ગુનો નોંધવા હુકમ કર્યો** (૧) રાકેશ કાનજીભાઈ પટેલ (૨) જયંતી ગંગારામ પટેલ (૩) પટેલ અનિલ હરિભાઈ વાલાભાઈ (૪) દીપક નારાયણભાઈ (૫) રોહીત માધાભાઈ ચેનલવાલા (૬) પટેલ ધ્રૂવકુમાર ઈશ્વરભાઈ તથા અન્ય અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ૧૫૬ (૩) મુજબ ફરિયાદ દાખલ કરવા બાલીસણા પોલીસને હુકમ કર્યો છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS